કથા બે પ્રકારની છેઃ એક, માત્ર મનોરંજનલક્ષી. બે, મનોરંજનને ફક્ત સાધન બનાવીને અંતે આત્મરંજન સુધી લઇ જતી. માત્ર મનોરંજનલક્ષી કથા ભયાનક નુકસાનકારી પણ નીવડી શકે છે અથવા નિરર્થક પણ નીવડી શકે છે. જો એ માત્ર મનોરંજનલક્ષી કથામાં મારધાડ–હત્યા–વિકાર–વ્યભિચાર જેવાં નકારાત્મક તત્ત્વોનું જ Thrillerભરપૂર નિરૂપણ હોય તો એ નિશ્ચિતપણે વ્યક્તિત્વને બાહ્ય–અભ્યંતરરૂપે મોટું નુકસાન કરે. અથવા મનોરંજનલક્ષી કથા માત્ર હાસ્યરસ પૂરતી જ સીમિત હોય તો એ કોઇ વિશિષ્ટ લાભ વિના નિરર્થક બની રહે. આનાથી વિપરીત જે આત્મરંજનલક્ષી કથા છે તે નુકસાન ક્યારે ય ન કરે. બલ્કે સંસ્કરણ–ગુણાધાન–ધર્મવપનના મહાન લાભો કરે.

આથી જ પ્રશમરતિગ્રન્થકારે ધર્મોપદેશકો માટે મજાનું માર્ગદર્શન આપ્યું છે કે ''धर्म्यां कथां सदा कुर्यात्''. ભાવાર્થ કે ધર્મ તરફ પરિણમાવતી કથા હંમેશા કરવી જોઇએ. હા.. એ કથામાં મનોરંજનનું તત્ત્વ પણ રહેવું જોઇએ, અલબત્ત નિર્દોષ. ખુદ પ્રશમરતિગ્રન્થકાર આ વાતનો નિર્દેશ બખૂબીથી કરે છે કે ''श्रोतृजनश्रोत्रमनःप्रसादजननीं यथा जननीम्''. આ પંક્તિ એમ કહે છે કથા–દૃષ્ટાંત શ્રોતાના કાનને–મનને પ્રસન્નતા ઉપજાવે તેવા હોવા જોઇએઃ જેમ માતા બાળકને પ્રસન્નતા ઉપજાવે એમ.

અહીં આ પુસ્તકમાં ઉપરોક્ત સૂચનોને અનુસરતું દૃષ્ટાંતલેખન છે. એમાં નિર્દોષ મનોરંજન પણ છે અને એના સારરૂપે સંસ્કરણ–ગુણાધાન–ધર્મવપન કરતું ચિંતન પણ છે.

- આચાર્ય વિજય રાજરત્નસૂરિ

(આ પુસ્તકના 'લેખકીય નિવેદન'માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

દૃષ્ટાંત દર્પણ

આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# દૃષ્ટાંત દર્પણ



આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# અનુમોદનાનાં અક્ષતવધામણાં

શાસનપ્રભાવક તપસ્વી વિદ્વાન આચાર્યપ્રવર
**શ્રી વિજય રાજરત્નસૂરિજી મહારાજ** આદિ સપરિવાર. મુંબઈ.
અનુવન્દનાદિ. શાતામાં હશો.

વિ. તમારી અને તમારા શિષ્યગણની શુભ નિશ્રામાં તેમજ શુભ પ્રેરણાથી સમગ્ર બોરીવલી વિસ્તારમાં **૫૫૮ આરાધક ભાગ્યશાળીઓએ** મૃત્યુંજય તપના નામે શાસ્ત્રોમાં વર્ણિત માસક્ષમણ તપની ઉત્કૃષ્ટ આરાધના કરી છે તે સમાચાર જાણીને અત્યંત પ્રમોદ અનુભવીએ છીએ. સહુ આરાધકોની ખૂબ અનુમોદના છે, સહુને ધન્યવાદ ઘટે છે, સહુની આ મહાન તપશ્ચર્યા નિર્વિઘ્નપણે સંપૂર્ણ થાય તેવી શુભ ભાવના વ્યક્ત કરીએ છીએ.

**તપસ્યા, સામૂહિક તપસ્યા, ખાસ કરીને માસખમણરૂપ તપસ્યા કરાવવાના વિષયમાં તમારો ક્ષયોપશમ થોડાં વર્ષોથી સવિશેષ ખીલ્યો છે તે જોતાં પ્રસન્નતા થાય. તમે તમારા પૂજ્યપાદ દાદાગુરુદેવનું તથા તમારા પૂ. ગુરુભગવંતનું નામ તથા કુળ દિપાવી રહ્યા છો તે માટે ઘણાં ઘણાં અભિનંદન!**

**સર્વ તપસ્વીઓને અમારા વતી શાતા પૂછજો.**

- પૂ. વિદ્વત્શિરોમણિ આ.ભ.
**શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી** મ.સા.

# 1

ગામમાં પ્રથમવાર જ મંદિરનિર્માણ થયું હતું અને એમાં પ્રતિષ્ઠિત કરવા લવાયેલ વિશાલકાય મૂર્તિનો વરઘોડો હતો. એથી પૂરા ગામમાં ભારે ઉત્સાહ–ઉમંગનો માહોલ હતો.

એક મજબૂત હટ્ઠા–કટ્ઠા યુવાને સ્વેચ્છાએ મૂર્તિ માથે ઉઠાવી લીધી અને મૂર્તિની નગરયાત્રાનો વરઘોડો શરૂ થયો. ચોતરફ ભીડ જામી હતી. જ્યાં જુઓ ત્યાં લોકો મૂર્તિદર્શન માટે પડાપડી–ધક્કામુક્કી કરતા હતા. પેલા અલમસ્ત યુવાને મનોમન નોંધ્યું કે ભીડમાં ગામના અચ્છા–અચ્છા આગેવાનોને–શ્રીમંતોને ધક્કા લાગતા હતા. એકમાત્ર પોતાને કોઈ ધક્કો લાગતો ન હતો. એ ખુશી થઈ ગયો કે "વાહ ! ખરેખર હું V.I.P. છું. એટલે જ મને ધક્કો ન લાગે એની કાળજી કરવા મારી ચોતરફ Cordon કરાઈ છે."

પ્રવેશયાત્રા પૂરા ત્રણ કલાક નગરમાં ફરી. ત્યાં સુધી આ જ માહોલ રહ્યો કે યુવાનને જરા ય ધક્કો ન લાગે. એમાં ય મૂર્તિ મંદિરના રંગમંડપમાં પ્રવેશી ત્યારે તો ભીડ બે–કાબૂ જેવી થઈ ગઈ. ધક્કામુક્કીમાં ભલભલા મહત્ત્વના માણસો આમથી તેમ ફંગોળાતા હતા. પરંતુ ત્યાં ય યુવાનને તો એક નાનો શો ઘસરકો પણ લાગતો ન હતો. યુવાનને થયું કે "હું V.I.P. નહિ, V.V.I.P. છું." એનો અહં આસમાને પહોંચી ગયો.

પણ... આ શું? યુવાનના મસ્તક પરથી મૂર્તિ જેવી ગર્ભગૃહમાં સ્થાપિત થઈ તેવો જ એક ધક્કો યુવકને એવો

લાગ્યો કે એ ક્યાં ય ખૂણામાં હડસેલાઈ ગયો. યુવાનનો ઘમંડ ચૂર ચૂર થઈ ગયો. ક્ષણભર એને સમજાયું નહિ કે એનું V.V.I.P. પણું કયાં ગાયબ થઈ ગયું?

એણે આઘાત અનુભવતાં બાજુવાળા ભાઈને પોતાની મૂંઝવણ કહી. પેલાએ રોકડું પરખાવ્યું : ‘‘V.V.I.P. તું નહિ, તારા મસ્તકે રહેલ ભગવાન હતા. જે Cordon અને સુરક્ષા મળતી હતી, એ તને એમના પ્રભાવે મળતી હતી. એથી જ તારા મસ્તકેથી ભગવાન જેવા હટ્યા કે તરત તને હડસેલા મળવા માંડ્યા છે!’’

✤ ✤ ✤

સફલતા મેળવવા માટે સતત મહેનત–મથામણ કરતા લોકો સફલતાના બદલે ચિક્કાર હાડમારીઓના હડસેલા અનુભવતા હોવાનું આપણે નજરે નિહાળતા હોઈએ અને આપણે ખુદ એવી એક પણ હાડમારીનો હડસેલો અનુભવ્યા વિના સફલતા વરતા હોઈએ ત્યારે આપણે પણ પેલા યુવાન જેવું ઘમંડ અનુભવતા હોઈએ છીએ કે ‘‘હું જ ખરેખરો V.V.I.P. છું. મારી હોંશિયારી–મારી બુદ્ધિ–મારી આવડતથી જ આ બધી સફલતા ચરણ ચૂમે છે.’’

પણ... સબૂર ! વસ્તુતઃ આ એક ભ્રમણા છે. જે કાંઈ બાહ્ય પણ સફલતા મળે છે એનું કારણ પુણ્ય છે. એ પુણ્યનું પણ કારણ આ જન્મમાં કે ગત જન્મમાં માથે રાખેલ પ્રભુ છે. ભક્તિરૂપે–આજ્ઞારાધનરૂપે–ધર્મસાધનારૂપે માથે રખાયેલ પ્રભુના પ્રભાવે જ જીવનમાં અવરોધરહિત સફલતા પ્રાપ્ત થતી હોય છે.

સાવધાન ! પ્રભુને મસ્તકે રાખવામાં જરા ય પાછી પાની ન કરશો. નહિ તો હડસેલા ખાઈ ખાઈને ક્યાં ફંગોળાઈ જશો એનો પત્તો નહિ લાગે...

■ ■ ■

2

“બાપજી ! સાધુ બની જવાની ઈચ્છા છે. તમે મને સંન્યાસ–દીક્ષા આપી દેશો?” આધેડ વયની એક ગ્રામીણ વ્યક્તિએ કોઈ આશ્રમમાં જઈ સંન્યાસીને ગામઠી ભાષામાં આ વિનંતિ કરી.

સંન્યાસીને આ વિનંતિથી આશ્ચર્ય થયું. કેમ કે ભોળા એ ગ્રામ્યજનના ચહેરા પર વૈરાગ્યના કોઈ ભાવો વંચાતા ન હતા. એ સંન્યાસને–દીક્ષાને બરાબર સમજ્યો છે કે નહિ એ ય પ્રશ્ન જણાતો હતો. એથી સંન્યાસીએ એને ચકાસવા પ્રશ્ન કર્યો : “ભાઈ! તારે સંન્યાસ કેમ લેવો છે?”

“એમાં એવું છે ને બાપજી ! કે અમારે સંસારમાં પળોજણો કાંઈ ઓછી હોતી નથી. રાત–દિ’ખેતરમાં કાળી મજૂરી કરીએ ત્યારે બાર મહિનાના અનાજ–પાણી નીકળે. એમાં છોકરાઓને ભણાવવાના ખર્ચા, બાઈમાણસોના શોખ–શણગારના ખર્ચા ને દવા–દારુના ખર્ચા વળી અલગ. આ બધી જંજાળો કરતાં તમારું સંન્યાસજીવન સારું. મહેનત કાંઈ નહિ ને જે જોઈએ ઈ બધું મળી જાય. અહીં તો બસ લીલાલહેર છે.” પેલા ગ્રામ્યજને કારણ પ્રકાશ્યું.

સંતને હસવું આવી ગયું ભોળા ગ્રામ્યજનના દીક્ષાના આ ‘ગણિત’થી. એમણે જરા હળવા મૂડમાં એ ગ્રામ્યજનને સમજાવવા માંડ્યું કે “ભગત! સંન્યાસ સ્વીકારી લે એને કોઈ મહેનત નહિ એવું નથી. સંન્યાસી થનારની બે કક્ષા હોય છે : એક

ગુરુ અને બીજા શિષ્ય. એમાં જે શિષ્ય હોય એને ગુરુસેવા–ભિક્ષાચર્યા–આશ્રમની વ્યવસ્થા વગેરે વિવિધ મહેનત હોય છે જ. એટલે તું જે 'મહેનત કાંઈ નહિ' એમ સમજે છે એ ખોટું છે. તને જેવી મહેનત નથી ગમતી, એવી મહેનત અહીં પણ છે જ.''

''ઓ... હો ! એમ વાત છે. તો એક કામ કરો ને. મને દીક્ષા–સંન્યાસ આપી સીધો ગુરુ જ બનાવી દો. એટલે પત્યું. કારણ કે તમે જ કહ્યું કે શિષ્યને આ બધી મહેનત હોય છે. એટલે ગુરુને તો લીલાલહેર જ હશે. મને શિષ્ય બનવામાં હવે રસ નથી, ગુરુ બનવામાં જ રસ છે!'' ભોળા ગ્રામ્યજને ઘડાકો કર્યો...

✤ ✤ ✤

આ રમૂજ કથાનો ભોળો ગ્રામ્યજન આપણામાં રહેલ બે વિચિત્ર મનોવૃત્તિની અભિવ્યક્તિ કરે છે આપણી પહેલી વિચિત્ર મનોવૃત્તિ છે મહેનત કર્યાં વિના મેળવી લેવાની. આપણે એમ વિચારતા નથી કે જો મૂલ્ય ચૂકવ્યા વિના કોઈ પણ મનપસંદ ચીજ મળી શકતી નથી, જોરદાર Practise વિના જો શ્રેષ્ઠ Performance શક્ય નથી બનતું; તો મહેનત કર્યા વિના કોઈ વિશિષ્ટ ઉપલબ્ધિ ક્યાંથી થઈ શકવાની છે? આપણે માનસિકતા એ કેળવવી જોઈએ કે પ્રબળ મહેનત અને શ્રેષ્ઠ ઉપલબ્ધિ. પેલી કાવ્યપંક્તિ પણ એ જ પ્રેરણા આપે છે કે :–

**સફળતા જિંદગીની કાંઈ, હસ્તરેખામાં નથી હોતી;**
**ચણાયેલી ઈમારત કાંઈ, નકશામાં નથી હોતી...**

બીજી વિચિત્ર માનસિકતા આપણી એ છે કે વાસ્તવિક તત્ત્વને સમજ્યા વિના જે તે બાબતે મનઘડંત અભિપ્રાયની ફેંકાફેંક કરવાની. દીક્ષા–સંસારત્યાગ એ કાંઈ મહેનત વિનાની લીલાલહેર કરવાનું સ્થાન નથી. બલ્કે લીલાલહેરનો સ્વેચ્છાએ ત્યાગ કરી આત્મકલ્યાણનાં લક્ષ્યથી શક્ય તેટલું શ્રેષ્ઠપણે સહન કરવાનું સ્થાન છે.

આવો, આપણે આ બે વિલક્ષણ મનોવૃત્તિમાં પરિવર્તન લાવીએ.

■ ■ ■

# 3

પરદેશથી High Education લઈને આવેલ એક નકરી બુદ્ધિવાદી નાસ્તિક વ્યક્તિ. એને એની બુદ્ધિપ્રતિભા–હાજરજવાબી–તર્કશીલતા વગેરેનું ભારે ઘમંડ હતું.

એણે એના ધાર્મિક સંસ્કારી પરિવારજનો સમક્ષ પોતાનું દોઢડહાપણ ડહોળવા માંડ્યું કે "આત્મા જેવી વાત જ સાવ Humbug છે. ધરમની હાટડીઓ ચલાવવાવાળાએ ઊભું કરેલ આ તૂત છે. મારી તો સાફ સાફ દલીલ એ છે કે આત્મા હોય તો એ મને પ્રત્યક્ષ બતાવો. એ અમૂર્ત છે – અછેદ્ય છે – અદાહ્ય છે આવી બધી વાતો ફક્ત બકવાસ છે." એની રજૂઆત–દલીલ એવી ધારદાર હતી કે પરિવારજનો મનથી આવા વિચિત્ર તર્કમાં અસંમત છતાં મૌન રહ્યા.

પરિવારમાં એક યુવાન એકદમ યુક્તિબાજ અને ધર્મશ્રદ્ધાશીલ હતો. એણે પેલા બુદ્ધિવાદી માટે અલગ જ Operation વિચાર્યું. બીજે દિવસે સવારે સહુ ઘરના ઉપરના મજલે અલક–મલકની વાતો કરતા હતા. છૂટા પડતાં જ્યાં પેલો બુદ્ધિવાદી મહાશય સોપાનશ્રેણિ સુધી આવ્યો ત્યાં જ યુવાને પાછળથી જોરદાર ધક્કો માર્યો. મહાશય પાંચ–સાત પગથિયાં ગબડી પડ્યો. એને મૂઢ માર જોરથી લાગ્યો. મારથી પણ વિશેષ એને અપમાન થયાનું દુ:ખ થયું.

એ આક્રોશથી ચિલ્લાયો : ''બેવકૂફ છો કે ધક્કો માર્યો ? મને કેટલા જોરથી માર લાગ્યો એનું કાંઈ ભાન છે ?'' યુવાને ઠંડે કલેજે ઉત્તર આપ્યો : ''માર ? ક્યાં છે માર ? મને 'માર' નામનો પદાર્થ પ્રત્યક્ષ દેખાડો તો જ હું માનું કે તમને માર લાગ્યો છે.'' ''અરે! પાગલ છો તમે ? માર કાંઈ હાથ પકડીને બતાવી ન શકાય. એ તો અનુભવ પરથી જ સમજાય.'' પેલી વ્યક્તિ બોલી.

યુવાને વાતની બરાબર પકડ કરતાં કહ્યું કે ''બસ, જેમ માર પ્રત્યક્ષ દર્શાવવાની નહિ, બલ્કે અનુભવવાની ચીજ છે, એમ આત્મા પણ પ્રત્યક્ષ દર્શાવવાની નહિ, બલ્કે અનુભવવાની ચીજ છે. સમજ્યા ?''

પેલી બુદ્ધિવાદી વ્યક્તિને ફરજિયાત મૌન થઈ જઈ હાર સ્વીકારવી પડી...

❖ ❖ ❖

અમને જો કોઈ પૂછે કે પોતાની જાતને બુદ્ધિવાદી–તાર્કિક માનતી વ્યક્તિઓએ રજૂઆતમાં કયો વિવેક રાખવો જોઈએ ? તો અમે એ બાબત પર સર્વપ્રથમ ભાર આપીશું કે જે બાબતોનું જ્ઞાન ન હોય–ઊંડો અભ્યાસ ન હોય એવી બાબતોમાં Judgement આપી દેવાના શોખથી એ બુદ્ધિવાદીઓએ દૂર રહેવું. 'નરક જેવી કોઈ ચીજ નથી. એ તો ડર ઊભો કરીને પોતાનો માની લીધેલ ધર્મ કરાવવાનું તરકટ છે...' 'સ્વર્ગ જેવું કોઈ સ્થાન નથી. એ તો લલચાવીને ધર્મ કરાવવાની મોટી તરકીબ છે...' 'કર્મ અને મોક્ષ જેવી બાબતો માત્ર ખયાલી પુલાવ છે. એટલે કર્મના ક્ષયની સાધના દ્વારા મોક્ષ મેળવવાની વાતો કલ્પનાના હવાઈ કિલ્લા સિવાય કાંઈ નથી..' આ અને આવા આવા Judgement ફરમાવી દેતાં પહેલા વ્યક્તિએ તે તે બાબતો અંગેના પોતાનાં અજ્ઞાન વિશે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

પ્રાર્થના કરજો પ્રભુને કે ''પ્રભુ! મને મારાં અજ્ઞાન વિશે સ્પષ્ટ ખ્યાલ આપજો. જેથી કમ સે કમ મારાં એ અજ્ઞાનનો ભોગ હું અન્યોને બનાવતા તો અટકું.''

■ ■ ■

# 4

"Cigarette પીવાના તો એક નહિ, ત્રણ ત્રણ ફાયદા છે." રોજની ચાલીશ ચાલીશ Cigarette ફૂંકી નાંખનાર Cigaretteના પાકા બંધાણી યુવાનને જ્યારે આ શબ્દો સંતે કહ્યા ત્યારે એની ખુશીનો પાર ન રહ્યો. કારણ કે આજ સુધી દરેકે દરેક વ્યક્તિએ યુવાનને એક જ સલાહ–શિખામણ ઠોકી ઠોકીને આપી હતી કે Cigarette તો ન જ પીવાય. શું સ્વજનો કે શું મિત્રો, શું હિતચિંતકો કે શું સંતો–સાધુઓ : સહુની શિખામણ એક આ જ હતી. અને એટલે જ યુવાનને આવી સલાહનો ધોધ વરસાવનારાઓ પ્રત્યે સૂગ હતી. એમાં ય ધર્મોપદેશક સંતો પ્રત્યે તો એને અક્ષરશઃ નફરત હતી.

આ પરિસ્થિતિમાં, ઘરે આવેલ સંતે ધારણાથી વિપરીત Cigaretteના એક નહિ ત્રણ–ત્રણ ફાયદાની વાત માંડતા વ્યસની યુવાન ગેલમાં આવી ગયો. સંતની વિચિત્ર વાતથી વિલખા થઈ ગયેલ સ્વજનો સામે વિજયી નજર ફેંકી યુવાને ઉત્કંઠાથી સંતને કહ્યું : "પહેલા મને એ ત્રણે ય ફાયદા જણાવી દો, પછી એનાં કારણો પણ."

સંતે રહસ્યભર્યું હસીને ત્રણે ય ફાયદા જણાવ્યા : "(૧) જે Cigarette પીએ એના ઘરે ચોરો ચોરી કરવા ન આવે. (૨) Cigarette પીનાર વ્યક્તિને વૃદ્ધાવસ્થા ન નડે. અને (૩) Cigarette પીનારને કૂતરાં ન કરડે!"

"ઓ...હો ! ગજબના ફાયદા બતાવ્યા તમે તો. હવે એનાં

કારણ પણ સમજાવો ને.'' યુવાન વ્યસનનો પક્ષ મજબૂત થતો જોઈને પોરસાતા બોલ્યો. એના સ્વજનોને સંતની વાત ઢંગધડા વિનાની લાગતી હતી.

એવામાં સંતે ત્રણે ય ફાયદાનાં Perfect કારણો શરૂ કર્યા : ''સાંભળ ભાઈ! જે ખૂબ Cigarette પીતો હોય એનું શરીર એવું દમિયલ ખાંસી–ઉધરસગ્રસ્ત બની ગયું હોય કે રાત્રે પણ એ જોરશોરથી ખાંસી ખાયા જ કરે. ખાંસીનાં કારણે ન એ સૂઈ શકે, ન એના સ્વજનો સૂઈ શકે. કહે, જેનાં ઘરે સભ્યો જાગતા હોય એનાં ઘરે ચોર ચોરી કરવા ન જ આવે ને.'' હવે ક્રમ ઉલટાયો. સ્વજનો આ કારણ સાંભળી રાજી થવા માંડ્યા અને યુવાન ગમગીન.

સંતે આગળ ચલાવ્યું : ''જે રોજ પાંત્રીશ–ચાલીશ Cigarette ફૂંકતો હોય એનાં ફેફસાં યુવાનવયે એવા ખલાસ થઈ જાય અને T.B. જેવા રોગોનું એવું આક્રમણ થાય કે યુવાનવયે જ એનું 'રામ બોલો ભાઈ રામ' થઈ જાય. વૃદ્ધાવસ્થા પછી એને સ્પર્શે જ ક્યાંથી? અને... હવે છેલ્લા લાભનું કારણ. ચિક્કાર Cigarette પીનાર વ્યક્તિ યુવાનવયે પણ એવી અશક્ત થઈ જાય કે ચાલતા પડી ન જવાય માટે એને લાકડી રાખવી પડે. તું જ કહે કે જેની પાસે લાકડી હોય એને કૂતરાં ક્યાંથી કરડી શકે?''

યુવાનના તો હોશ–કોશ જ ઊડી ગયા આ અજબ લાભનાં ગજબ કારણો સાંભળીને...

✤ ✤ ✤

વ્યસન અંગે બે વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. એક, સંસ્કૃતભાષા મુજબ વ્યસનનો અર્થ 'સંકટ' થાય છે. જે જીવનને પૂરેપૂરું સંકટમાં ધકેલી દે એનું નામ છે વ્યસન... બે, વ્યસનની જાલિમ પકડ અંગે એક સરસ વિધાન મળે છે કે **''વ્યસન એક એવી પથારી છે કે એમાં સૂવું યા ન સૂવું એ વ્યક્તિના હાથની વાત છે. પરંતુ એક વાર એમાં સૂતા પછી ઊઠવું–ઊભા થવું વ્યક્તિના હાથની વાત નથી''.**

આ વિધાનને સમર્થન આપે એવી એક વાત અમારી કે ''મોંઘી Cigarette પીનાર એક પણ વ્યક્તિ નિરક્ષર–અભણ નથી હોતી. અને છતાં ય એ Cigarette Pocket પર છપાયેલ નુકસાનીની ચેતવણી વાંચી શકતી નથી.'' શું કહીશું આવાઓને? ભણેલા અભણ કે બીજું કાંઈ?

■ ■ ■

# 5

હતો તો એ ત્યારે માત્ર દશ વર્ષનો બાળક. પરંતુ આસપાસનાં વાતાવરણમાંથી જોઈ જોઈને શીખી લેવાની વૃત્તિ માટે તો દશ વર્ષની વય ક્યાં નાની હતી? જોઈ જોઈને શીખતા જવાનું કાર્ય તો સાવ નાની–અણસમજની વયે ય બાળક કરતું જ હોય છે ને?

પણ... ખાટલે મોટી ખોડ એ હતી કે પેલો દશવર્ષીય બાળક આસપાસનાં વાતાવરણમાંથી શુભ નહિ, અશુભ શીખી રહ્યો હતો. એણે પોતાનાં કુમળા માનસમાં ચોરીના સંસ્કારો ઝીલી લીધા અને ઝાઝો વિચાર કર્યા વિના એણે જીવનમાં પહેલી વાર ચોરી કરી લીધી. પરિણામ જે આવવાનું હતું એ જ આવ્યું. એ રંગે હાથે ચોરી કરતા પકડાઈ ગયો. એની ખૂબ નાની વયને ધ્યાનમાં લઈ ન્યાયાધીશે ઠપકો આપી છોડી મૂક્યો.

બસ, પછી તો આ સિલસિલો ચાલ્યો. બાળક વારંવાર ચોરી કરવાના 'પરાક્રમ' કરતો ગયો, દરેક ચોરીમાં કાંઈ ને કાંઈ ભૂલ કરીને પકડાતો ગયો અને ન્યાયાધીશ એની સગીર વય લક્ષ્યમાં લઈ ફક્ત ઠપકો આપી છોડી મૂકતા ગયા. આનો ગલત અંજામ એ આવ્યો કે બાળક માત્ર ચૌદ વર્ષની વયે દશમી વાર ચોરી કરતા પકડાઈ ગયો. ન્યાયાધીશે વિચાર્યું કે આના ઉપાયરૂપે બાળકના પિતાને Courtમાં બોલાવી બાળક પર ધ્યાન આપવાની તાકીદ કરવી.

તાત્કાલિક બાળકના પિતાને Courtમાં હાજર કરાયા. ન્યાયાધીશે પિતાને ઠપકાર્યા : "તમારો દીકરો ચૌદ વર્ષની નાની

વચ્ચે આ દશમી વાર ચોરી કરતા પકડાયો એમાં તમને શરમ નથી આવતી? તમે એનું શું ધ્યાન રાખો છો? એને કાંઈ કહો છો કે નહિ?''

''સાહેબ ! શરમ તો મને બહુ આવે છે કે મારો દીકરો આમ વારંવાર ચોરી કરતા પકડાય છે. મેં એને કડક શબ્દોમાં કહ્યું છે કે ચોરી કરતાં પકડાય એ ઠીક નથી. જરા હોંશિયારીથી ચોરી કરવાનું રાખ. Judge સાહેબને ય તકલીફ ન પડે. પણ શું થાય ? હજુ એ નવો-સવો છે એટલે આવું થાય છે. બાકી **ધીમે ધીમે એનો 'હાથ બેસી જશે' પછી આપને આ ફરિયાદ નહિ કરવી પડે !''**

ન્યાયાધીશ દિઙ્મૂઢ થઈ ગયા બાપની આ વિચિત્ર 'શરમ'થી...

✤ ✤ ✤

આ સંસારમાં પિતા ત્રણ પ્રકારના છે : એક હોય છે અધમ. જે પોતાના સંતાનોને અન્યો સાથેના પોતાના વૈર-વિરોધની પરંપરાનો, પોતાના ક્રોધ-અહંકારાદિ દોષોનો અને વ્યસન-વ્યભિચાર આદિ ખરાબ સંસ્કારોનો વારસો આપી જાય તે પિતા છે અધમ... બીજા પ્રકારના હોય છે મધ્યમ. જે પોતાનાં સંતાનોને સંપત્તિનો વારસો આપી જાય એ પિતા છે મધ્યમ...ત્રીજા પ્રકારના હોય છે ઉત્તમ. જે પિતા પોતાનાં સંતાનોમાં જાગૃતિપૂર્વક-ચીવટપૂર્વક દાન-શીલ-તપ-ધર્મારાધનાનું સિંચન કરે, દયા-પરોપકાર-સરલતા વગેરે ગુણોની ખીલવણી કરે તે પિતા છે ઉત્તમ.

સાવધાન ! તમારે જો તમારું સ્થાન અધમ કક્ષામાં ન જ જવા દેવું હોય તો એવા વાણી-વર્તન દાખવજો કે જેનાથી સંતાન ક્યાં ય કશું ગલત-ખરાબ ન શીખે... સાથોસાથ પ્રયાસ-પુરુષાર્થ એવા કરજો કે સંતાનનાં જીવનમાં ઉત્તમ સંસ્કારોનું-ધર્મારાધનાનું સિંચન થાય. તો જ તમે અધમ નહિ, ઉત્તમ પિતાની કક્ષા હાંસલ કરી શકશો...

■ ■ ■

# 6

હતા એ એક પાદરી. ધર્મગુરુ હોવાના નાતે એમનામાં વિદ્વત્તા હતી. સાથે સુવર્ણમાં સુગંધ ભળે એમ એમને કવિત્વશક્તિ પણ વરી હતી.

પણ... આ બે શક્તિ સાથે જે દૂષણ આસાનીથી ઉમેરાતું હોય છે એ દૂષણ પણ પાદરીમાં ઉમેરાયું હતું. એ દૂષણનું નામ અહંકાર. પાદરીનાં દિમાગમાં એવી રાઈ ભરાઈ ગઈ હતી કે 'પ્રાર્થના તો મારા જેવી કોઈને ન આવડે.'

એવામાં એક ઘટના ઘટી. પાદરી જે સમયે ચર્ચમાં પ્રાર્થના શરૂ કરે એની થોડી જ ક્ષણોમાં નાનો છ–સાત વર્ષનો કોઈ બાળક આવીને પાદરીની આગળ ઊભો રહી જાય. એ પોતાની રીતે મનોમન પ્રાર્થના કરે અને પાદરીની પ્રાર્થના પૂર્ણ થાય તે પૂર્વે ત્યાંથી ચાલ્યો જાય. એ બરાબર આગળ આવીને ઊભો રહે એથી પાદરીના અહંકારને ઠેસ લાગતી. સાથોસાથ પાદરીનું અહંકારી માનસ એ વિચારતું કે 'આવડો નાનકડો બાળક શી પ્રાર્થના શીખ્યો હશે?''

ત્રણ–ચાર દિવસના આ ઘટનાક્રમ પછી એક દિવસ પાદરીએ રહસ્ય જાણવાનું નક્કી કરી લીધું. પોતાના પ્રાર્થનાસમયમાં વિલંબ કરીને ય એ પેલા બાળકને મળ્યા. એમણે બાળકને પૂછ્યું: ''તું અહીં શું પ્રાર્થના કરે છે? તને કોઈ પ્રાર્થના આવડે છે ખરી?''

"ના, મને એક પણ પ્રાર્થના નથી આવડતી." બાળકે નિખાલસતાથી કહ્યું.

પાદરી મનોમન પોરસાયા કે 'જોયું? મારી ધારણા સાચી ઠરી. આ કાંઈ શીખ્યો જ નથી. પ્રાર્થનાનો માત્ર દેખાડો જ કરતો લાગે છે.' એમણે બાળકને વળી પ્રશ્ન કર્યો કે "તો પછી તું રોજ આ સમયે ચર્ચમાં આવીને કરે છે શું?"

"હું રોજ અહીં આવી ત્રણ વાર આખી A.B.C.D. બોલી જઉં છું અને પછી ભગવાનને કહું છું કે "હે પરમેશ્વર, આ જગતની તમામ પ્રાર્થનાઓ A.B.C.D. માંથી જ બને છે. તો એમાંથી તું આ સંસારની આજની Best પ્રાર્થના મારા વતી બનાવી લેજે. કારણ કે તારા જેવો Best સર્જક આ દુનિયામાં અન્ય કોઈ નથી. Raw Material મારું અને રચના તારી."

પાદરીનો તોતિંગ અહંકાર કાચી ક્ષણમાં કડડભૂસ થઈ ગયો બાળકનાં આ ઉત્તરથી. એને લાગ્યું કે બાળકની શ્રદ્ધાનું અને પ્રાર્થનાનું સ્તર ખરેખર મારા કરતાં ઉચ્ચ છે...

✤ ✤ ✤

યાદ આવે અહીં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે એમની 'વીતરાગ સ્તોત્ર' નામે કૃતિના પ્રથમ પ્રકાશમાં લખેલ આ પંક્તિ કે "વિશૃઙ્ખલાऽपि वाग्वृत्तिः, श्रद्दधानस्य शोभते." એ એમ જણાવે છે કે શ્રદ્ધાળુ વ્યક્તિની ભાષા થોડી આમ-તેમ અસ્ત-વ્યસ્ત હોય તો પણ એ શ્રદ્ધાછલકતી વ્યક્તિની ભાષા હોવાનાં કારણે શોભી ઊઠે છે. ત્યાં ભાષાની નહિ. ભાવની મુખ્યતા છે. બીજા શબ્દોમાં કહીએ તો, ભાષા Packingનાં સ્થાને છે અને ભાવ માલનાં સ્થાને છે. માલ અને Packing બન્ને સરસ હોય તો શ્રેષ્ઠ. પરંતુ બેમાંથી એક જ સરસ હોય ત્યારે મુખ્યતા માલની કરવાની હોય, Packingની નહિ.

ભાવને નજરઅંદાજ કરી માત્ર શબ્દોના સહારે આપણે વ્યર્થ અહંકારમાં રાચતા હોઈએ તો, ઉપરોક્ત રમૂજકથા અને 'વીતરાગ સ્તોત્ર'ની પંક્તિ આપણા માટે અરીસો બની રહે તેમ છે...

■ ■ ■

# 7

પ્રસિદ્ધ રશિયન તત્ત્વચિંતક ટૉલ્સ્ટોયની પરેશાની એ હતી કે એમને વક્તવ્યો માટે આમન્ત્રણો ઉપરાઉપરી મળતા હતા અને અનિચ્છા હોય તો ય ચાહકોના પ્રેમવશ વક્તવ્ય માટે જવું પડતું. નવાં ચિંતનો માટે સમય ન મળવાથી એવું બનવા માંડ્યું કે ટૉલ્સ્ટોય કેટલાંક તૈયાર પ્રવચનો જ અક્ષરશઃ Repeat કરે. સ્થળ અને શ્રોતા બદલાય, વક્તા અને પ્રવચન એ જ.

એમના Driverએ તીવ્ર સ્મૃતિશક્તિથી એ Repeat થતાં પ્રવચનો અક્ષરશઃ યાદ રાખી લીધા હતા. એણે તક જોઈને ટોલ્સ્ટોયને કહ્યું : "તમે આ રોજિંદા પ્રવચનોથી કંટાળી વિરામ લેવા ચાહતા હો તો તમારાં સ્થાને હું પ્રવચન આપી શકીશ. કેમ કે મને કેટલાંક પ્રવચનો અક્ષરશઃ કંઠસ્થ છે. વળી ચહેરાથી આપણે લગભગ સમાન છીએ. એથી દૂરના પ્રદેશના લોકો ભેદ પરખી શકશે નહિ."

વિસ્મય અનુભવતા ટૉલ્સ્ટોયને પ્રયોગ કરવાનું મન થયું. બન્નેએ સ્થાનપરાવર્તન કરી લીધું. ટૉલ્સ્ટોયની ભૂમિકામાં રહેલ Driverએ મંચ પરથી એવા હાવભાવ–જુસ્સા સાથે અસ્ખલિત પ્રવચન આપ્યું કે Driverરૂપે રહેલ ટૉલ્સ્ટોય ખુદ આફ્રીન પુકારી ગયા : ન બોલવામાં ભૂલ, ન મુદ્દામાં ચૂક. જાણે કે Recorded પ્રવચન.

પણ... એકાએક અણધારી મુસીબત આ 'નવા' ટૉલ્સ્ટોયને આવી. કાર્યક્રમના આયોજકો પ્રવચન બાદ અત્યંત અઘરા

પ્રશ્નોની યાદી લઈ આવ્યા. Driverને એક ક્ષણ થયું કે 'આ સ્થિતિની તો કલ્પના ય ન હતી. શું કરવું હવે ?' અસલી ટૉલ્સ્ટોયે વિચાર્યું કે હવે આ ચોક્કસ ફસાશે. કેમ કે પ્રવચન ઉછીનું મળી શક્યું, પ્રશ્નોનાં ઉત્તરો ઉછીના શક્ય ન હતા.

પરંતુ જરા ય આત્મવિશ્વાસ ગુમાવ્યા વિના વળતી ક્ષણે Driverએ નવો ઉપાય અજમાવ્યો. એણે જરા નારાજ થયાનો દેખાવ કરી આયોજકોને કહ્યું : "આવા સામાન્ય ચીલાચાલુ જેવા પ્રશ્નો મને પૂછો છો? મારા Level નો તો વિચાર કરો." આયોજકો ચમક્યા. આટલા અઘરા પ્રશ્નો કે જેનાં ઉત્તરો આજ સુધી ક્યાંયથી મળ્યા નથી એને આ સામાન્ય પ્રશ્નો કહે છે ! તો આમનું વૈચારિક સ્તર કેટલું મહાન હશે ? છતાં એ ડરતાં ડરતાં બોલ્યા : "Sir ! અમને તો આ જ પ્રશ્નો અતિ ગહન લાગે છે. આનાથી અઘરા પ્રશ્નો અમે ક્યાંથી લાવી શકીએ ?"

"શું ધૂળ અઘરા પ્રશ્નો છે આ ? આવા સાદા-સહેલા પ્રશ્નોનાં જવાબ હું તો શું, મારો પેલો Driver પણ આપે એમ છે. જાવ એની પાસે !" નકલી ટૉલ્સ્ટોયે અસલી આત્મવિશ્વાસ સાથે જણાવ્યું.

આયોજકો Driver પાસેથી શ્રેષ્ઠ સમાધાનો મેળવી વિસ્મયસ્તબ્ધ થઈ ગયા કે 'આમનો Driver આવો વિદ્વાન છે, તો આ પોતે કેવા મહાન વિદ્વાન હશે ? કમાલ કમાલ.'

અસલી ટૉલ્સ્ટોય તો ફિદા ફિદા થઈ ગયા નકલી ટૉલ્સ્ટોયના અદ્ભુત આત્મવિશ્વાસ પર...

✤ ✤ ✤

ક્ષેત્ર કોઈ પણ હો : સફલ થવાની મુખ્ય પૂર્વશરતોમાં એક પૂર્વશરત છે બુલંદ આત્મવિશ્વાસ. વિદ્યાર્થી ગમે તેટલું વાંચીને-તૈયારી કરીને આવ્યો હોય. પરંતુ પરીક્ષાની ક્ષણોમાં જો એ નાસીપાસ થઈ ગયો તો એ Top Rank ગુમાવે જ. આત્મવિશ્વાસ બરકરાર રાખવાની પ્રેરણા કરતી પેલી પંક્તિ પણ જરા જુદા શબ્દોમાં એ જ કહે છે કે :-

हिंमत हमारा जीवन, हिंमत हमारा नारा ।
हिंमत से झगमगा दो, तकदीरका सितारा ॥

# 8

ઘણા બધા લોકો માટે Car સુવિધાનું અને જરૂરિયાતનું સાધન હોય છે. પરંતુ મગનલાલ શેઠ માટે એ, સુવિધા અને જરૂરિયાત કરતાં વટ જમાવવાનું સાધન હતી. એટલે એ જ્યારે શહેરમાંથી પોતાના માદરેવતન ગામડામાં આવે ત્યારે અવશ્ય Carમાં જ આવતા. નાનકડા ગામડામાં Car કોઈને ત્યાં હતી નહિ. એથી મગનલાલનો ઈરાદો બરાબર સિદ્ધ થતો. એમની Car આવે અને નાના બાળકોથી લઈને મોટાઓ પણ કૌતુક હોય એમ Car જોયા કરે.

પણ... એક વાર મગનલાલના આ ગામડાના ઘરે આવેલ મહેમાન બરાબર ભેરવાઈ ગયા. ઉનાળાના દિવસો હતા. ગરમીનો કોઈ પાર ન હતો. બપોરે જમ્યા પછી એ મહેમાનને લઈ મગનલાલ શહેરના ઘરે જવા તૈયાર થયા. મહેમાન Carમાં બેઠા અને ગરમીથી હેરાન-પરેશાન થઈ ગયા. કારણ કે મગનલાલે Carની બારીઓના કાચ ફરજિયાત બંધ રાખ્યા હતા. ખુદ મગનલાલ પોતે પણ પરસેવાથી રેબઝેબ હતા. પરંતુ એ જરા ય પરેશાન-અકળાયેલ ન હતા. એ ખુશહાલ હતા.

મહેમાને અકળાતાં અકળાતાં મગનલાલને કહ્યું : ‘‘યાર, બારીના કાચ તો ખોલો. એક Second આ Carમાં બેસી શકાય એમ નથી.’’

મગનલાલે ઠંડે કલેજે જવાબ આપ્યો : ‘‘બસ, પાંચ Minute

તમારે આ પરેશાની સહન કરવાની છે. Car ગામની સીમ પસાર કરી જાય પછી કાચ ખોલી આપીશ.''

''અરે ! પણ આવું શા માટે ? અહીં જ કાચ ખોલો ને. પાંચ Minute આ રીતે બંધ Carમાં કાઢવી મારા માટે અસહ્ય છે''. મહેમાને વ્યાકુળતા દર્શાવી.

મગનલાલે રસ્તા પર જમા થયેલ લોકો તરફ આંગળી ચીંધી હસતા હસતા કહ્યું : ''જુઓ, કાચ બંધ રાખવાનું કારણ આ લોકો છે. આજ સુધી જ્યારે જ્યારે હું Car લઈને ગામમાં આવ્યો છું ત્યારે ત્યારે મેં Carના કાચ બંધ જ રાખ્યા છે. એનાથી આ લોકો પર એક Impression પડી છે કે મારી Car A.C. વાળી છે. હવે જો હું અહીં આ બધાની સામે Carના કાચ ખુલ્લા કરી દઉં તો મારી પોલ ખુલ્લી થઈ જાય કે મારી Car Non A.C. છે. મને પાંચ મિનિટ ગરમીમાં હેરાન થવું પોષાય, પણ મારી Car A.C. વાળી હોવાની ઈજ્જત તૂટે એ ન પોષાય''.

મહેમાન સ્તબ્ધ થઈ ગયા કાચ નહિ ખોલવા માટેના આ વિચિત્ર કારણથી...

✤ ✤ ✤

પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે આ દંભી વૃત્તિ માટે બહુ વેધક નિરીક્ષણ કર્યું છે કેઃ–

सुत्यजं रसलाम्पट्यं, सुत्यजं देहभूषणम्।
सुत्यजाः कामभोगाद्याः, दुस्त्यजं दम्भसेवनम्।।

આ શ્લોકમાં તેઓ જણાવે છે કે રસલાલસા–ભોજનના ચટકા એકઝાટકે તોડવા સહેલા છે, શરીરની વિભૂષા–શૃંગાર છોડવા આસાન છે; અરે ! કામ–ભોગોનો ત્યાગ પણ હજુ સુલભ છે, પરંતુ દંભ છોડવો અત્યંત કઠિન છે... કો'ક પ્રતિષ્ઠા જમાવવા દંભ કરે છે, તો કોઈ પ્રતિષ્ઠા બચાવવા દંભ કરે છે.

સાવધાન ! આપણે દંભ છોડી સરલ–નિખાલસ જ બનીએ. કેમ કે જ્યાં સરલતા છે ત્યાં જ શુદ્ધિ અને સિદ્ધિ છે...

■ ■ ■

# ૯

ઢાકાના કારીગરો એમની હસ્તકલાનો કસબ બતાવવા બાદશાહ અકબરના રાજમહેલમાં પ્રવેશ્યા ત્યારે એમને પૂરેપૂરી ખાતરી હતી કે બાદશાહ એમનો કસબ નિહાળીને ફિદા થઈ જ જશે.

બાદશાહ અને બિરબલ બન્ને સાથે બેઠા હતા. કારીગરોએ બાદશાહના હાથમાં, એમની હસ્તકલાના નમૂનારૂપ મલમલનો તાકો આપ્યો. એકદમ મુલાયમ અને મૂઠીમાં સમાઈ જાય એવો તાકો હતો.

આશ્ચર્ય અનુભવતા બાદશાહે પૂછ્યું : ‘‘આમાં કેટલું કાપડ છે?’’

‘‘સાત તાકા જેટલું.’’ કારીગરોએ હોંશથી–ઉત્સાહથી કહ્યું.

‘‘સાત તાકા? ન હોઈ શકે. મૂઠીમાં આટલું કાપડ આવી જ ન શકે.’’

‘‘જહાંપનાહ ! એ જ તો અમારી કળા છે. અમારા જેવી અત્યંત ઝીણી મલમલ દુનિયામાં કોઈ બનાવી શકતું નથી.’’ કારીગરોએ બાદશાહને સમજાવવાની કાશિશ કરી.

પણ... બાદશાહનાં મનમાં વાત જલ્દી બેસી નહિ. એમણે બે–ત્રણ વાર એની એ જ વાત દોહરાવી કે ‘‘તમે કહો છો એટલું કાપડ એક મૂઠીમાં આવી જ ન શકે અને કાપડ તો આ નજર સામે જ મારી મૂઠીમાં આવી જાય છે.’’

બાદશાહની અણસમજભરી વાતથી એક કારીગર જરા ઉશ્કેરાઈ ગયો. એનાથી બોલાઈ ગયું : ''અરે બાદશાહ ! આ એટલું કાપડ છે કે તમારી સાત પેઢીના પૂર્વજોની કબર પર એનાં કફન બનાવીને રાખો તો ય ખૂટે નહિ''.

કબર અને કફનની વાત સાંભળી બાદશાહના ચહેરાનો રંગ બદલાયો. બિરબલ તરત પરિસ્થિતિ પામી ગયો કે હસ્તકલામાં પારંગત આ કારીગરો વચનકલામાં પારંગત નથી. એટલે જ શિરપાવના બદલે સજા મળે એવા શબ્દો આની જીભમાંથી સરી ગયા છે.

બિરબલે વાતનો દોર હાથમાં લઈ લેતાં કહ્યું : ''બાદશાહસલામત ! અતિ ઉત્સાહમાં બોલવા જતાં કારીગરના શબ્દો બદલાઈ ગયા છે. હકીકતમાં એ એમ કહેવા ઈચ્છતો હતો કે ''આપની હવે પછીની સાત પેઢીના ફરજંદો માટે કપડાં કરવા હોય તો આમાંથી બની જાય એટલું બધું કાપડ આ મલમલનું છે!''

બાદશાહનો ચહેરો પૂર્વવત્ ખીલી ઊઠ્યો અને કારીગરોને સુંદર શિરપાવ પણ મળી ગયો...

✤ ✤ ✤

'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થકાર શ્રીમાન મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજે એ ગ્રન્થમાં બહુ માર્મિક પંક્તિ લખી છે કે :– ''अग्निदग्धा: प्ररोहन्ति, दुर्वाग्दग्धा: पुनर्न हि.'' મતલબ કે અગ્નિથી બળી ગયેલ વૃક્ષો હજુ ફરી ઊગી શકે છે, પરંતુ દિલ તોડી નાંખે એવાં દુર્વચનોથી બળી ગયેલા પારસ્પરિક સંબંધો ફરી ખીલી શકતા નથી.

વ્યક્તિ જો આ કથનને ગંભીરતાથી લે અને શબ્દો ઉચ્ચારવામાં વિવેક દાખવે તો સંબંધો તૂટવાથી લઈને વૈર–વિરોધ સર્જાવા સુધીની ઘણી બધી ઘટનાઓ પર પૂર્ણવિરામ લાગી જાય. એક ગુજરાતી સુવાક્ય પણ આ જ Wavelength પર બહુ મજાની વાત કરે છે કે ''બે હોઠના કિનારાઓ વચ્ચે વહેતી જીભરૂપી નદી દ્વારા હરિયાળી સર્જવી કે હોનારત સર્જવી એ માનવીના પોતાના હાથની વાત છે.'' ■ ■ ■

# 10

સતત ચાલી ચાલીને થડકી ગયેલ–તૃષાતુર થયેલ પ્રવાસીની નજર ભરજંગલમાં એક કૂવા તરફ ગઈ. તે તુર્ત કૂવા તરફ અગ્રેસર થયો. નસીબયોગે કૂવા પાસે દોરડું–બાલ્દી તૈયાર હતા, તો કૂવામાં થોડે ઊંડે જલ પણ હતું. એ ખુશ થઈ પાણી કાઢવા જ જતો હતો ત્યાં એને યાદ આવ્યું કે 'હું કોણ? ક્રોડાધિપતિ શ્રીમંતનો એકમાત્ર દીકરો–**અમીરજાદો**. મારાથી મજૂરની જેમ દોરડું–બાલ્દી હાથમાં ન જ લેવાય.' કોઈ બીજી વ્યક્તિ આવે તો પોતાને વિના મહેનતે પાણી મળે એ આશાએ પ્રવાસી થોડે દૂર બેઠો.

દશ Minute બાદ બીજો પ્રવાસી આવ્યો. એ પણ તૃષાતુર હતો. અમીરજાદાએ એને પોતાનો પરિચય આપીને કહ્યું કે "તું પાણી કાઢ તો તારી તૃષા દૂર થશે અને મને પાણી પાવાનું તને પુણ્ય મળશે." પેલા આગંતૂકે નાકનું ટેરવું ફુલાવતા કહ્યું : "તું અમીરજાદો જ છે, જ્યારે હું **નવાબજાદો** છું. એટલે મારાથી તો મજૂરી જરા ય ન થાય." એ પાણી વાપર્યા વિના જ પહેલાની સાથે બેસી ગયો. બન્ને હવે ત્રીજી વ્યક્તિની પ્રતીક્ષા કરવા માંડ્યા.

વીશ Minute બાદ ત્રીજો પ્રવાસી આવ્યો. પૂર્વોક્ત બન્નેએ એને પોતાનો મોભો જણાવવા સાથે પાણી પાવાની વિનંતિ કરી. પણ ત્રીજાએ વટભેર કહ્યું : "તમે બે અમીરજાદા ને નવાબજાદા છો. પરંતુ હું તો **શાહજાદો** છું. શાહજાદો પાણી ન જ ખેંચે ને?" હવે એ ત્રણે ય અન્યની પ્રતીક્ષા કરી રહ્યા.

એવામાં એક નવો પ્રવાસી આવ્યો. એણે આસપાસ કાંઈ જોયા વિના ચીલઝડપે બાલ્દી–દોરડું લઈ કૂવામાંથી પાણી કાઢ્યું અને તૃષા છીપાવી હાથ–મુખ સ્વચ્છ કર્યાં. પેલા ત્રણે યે પોતપોતાનું ઉચ્ચતર સ્થાન દર્શાવી આ નવાગંતુકને પાણી પાવા વિનંતિ કરી.

પરંતુ આ છેલ્લો પ્રવાસી તો જબરો માથાફરેલ નીકળ્યો. એણે ત્રણે ય સામે જોઈ રૂઆબથી કહ્યું : ‘‘તમે સહુ અમીરજાદા–નવાબજાદા–શાહજાદા હોવાથી જાતે પાણી ખેંચી તૃષા ન છિપાવી, એમ ને? તો હવે કાન ખોલીને સાંભળી લો કે હું હરામજાદો છું. હરામજાદાનું કામ પાણી પાવાનું નહિ. બલ્કે કોઈને પાણી ન મળે એવો બંદોબસ્ત કરવાનું હોય. એટલે હવે હું એ જ કરીશ.’’ એણે તુર્ત બાલ્દી–દોરડું કૂવામાં ફેંકી દઈ ત્યાંથી ચાલતી પકડી લીધી.

પેલા ત્રણે ય અહંકારીઓ દિઙ્મૂઢ થઈને જોતા જ રહી ગયા.

✤ ✤ ✤

સામગ્રી નજર સમક્ષ હોય, પ્રાપ્તિમાં કોઈ પ્રતિબંધ ન હોય અને જરૂરિયાત તીવ્ર હોવા છતાં અહંકાર, ક્યારેક મોટાઈના ખયાલી ખ્વાબરૂપે કે ક્યારેક નહિ ઝૂકવાની વૃત્તિ આદિરૂપે તે તે સામગ્રીથી કેવા વંચિત રાખે એનું હૂ–બ–હૂ પ્રતિબિંબ આ રમૂજકથામાં નિહાળવા મળે છે. એમ ચોક્કસ માની શકાય કે અહંકાર, બાહુબલિની ઘટનામાં જોવા મળે છે તેમ, મોક્ષપ્રાપ્તિ માટે તો પ્રબળ પ્રતિબંધક તત્ત્વ છે જ. એ ઉપરાંત ધર્મ–અર્થ અને કામનાં ક્ષેત્રે પણ પ્રતિબંધક તત્ત્વ છે. આથી જ ઉમાસ્વાતિજી ભગવંતે ‘પ્રશમરતિ’ ગ્રન્થમાં અહંકારના વિવિધ નુકસાનો દર્શાવતા એક વાત આ પણ રજૂ કરી છે કે ‘‘धर्मार्थकामविघ्नस्य’’ એટલે કે અહંકાર ધર્મ–અર્થ–કામ ત્રણેયમાં બાધક છે.

રાવણને પછાડનાર અહંકાર હતો, તો દુર્યોધનને પછાડનાર પણ અહંકાર જ હતો. આવો, આપણે એ અહંકારને પછાડવા કટિબદ્ધ થઈ જાતને કહીએ કે ‘‘રે જીવ! માન ન કીજીયે...’’

■ ■ ■

ઉનાળાની કાળઝાળ ગરમીના દિવસો હતા. Hill Stationથી મુંબઈ પરત જવા નીકળેલ ત્રણ યુવાનો Train પકડવા વડોદરાના Station પર આવ્યા. ત્યાંની હાલત જોઈ ત્રણમાંથી બે યુવાનો નાસીપાસ થઈ ગયા. કારણ કે ત્યાં Platform પર એક નહિ, બબ્બે Train ચિક્કાર ભરાય એટલા મુસાફરો તૈયાર થઈને ઊભા હતા. અધૂરામાં પૂરું આવનાર Train અગાઉથી જ ભરચક હોવાની માહિતી આવી હતી. પેલા બન્ને યુવાનોએ હતાશાથી કહ્યું : ‘‘આજની રાત અહીં–Platform પર જ વીતાવી દઈએ. કાલે સવારે પ્રવાસની વાત.’’

ત્રીજો યુવાન પોતાની બુદ્ધિ પર મુસ્તાક હતો. એણે કહ્યું : ‘‘ગભરાવ નહિ. આપણે રાતની Trainમાં જ જશું. તમે ઈચ્છો તો હું બેસીને જવાની વ્યવસ્થા કરી આપીશ અને તમે ઈચ્છો તો સૂતાં સૂતાં જવાની ય વ્યવસ્થા કરી આપીશ.’’

‘‘કેમ? આ Train તારા પરમ પૂજ્ય પિતાશ્રીની છે?’’ એક મિત્રે મજાકમાં પૂછ્યું.

‘‘ના Train ભલે મારા બાપની નથી, પણ બુદ્ધિ તો મારી પાસે બાપની જ છે. હું કહું એટલું કરો તો હું આજે તમને મારી બુદ્ધિનો આ ચમત્કાર બતાવી આપું.’’ યુવાન ગર્વથી બોલ્યો.

બન્ને મિત્રો કુતૂહલથી એના કહેવા મુજબ કરવા તૈયાર થઈ ગયા. પેલા યુવાને જે Plan બતાવ્યો તે પ્રમાણે Train આવતાં જ

ત્રણે મિત્રો એક ડબ્બામાં ભરચક ભીડ વચ્ચે ય ગમે તે રીતે દાખલ થઈ ગયા અને થોડા થોડા અંતરે ઊભા રહી ક્રમશઃ જોરશોરથી ચિલ્લાયા કે ''સાપ... સાપ... સાપ. ભાગો... ભાગો... ભાગો.'' બે જ Minuteમાં ચમત્કાર એ થયો કે ડરના માર્યા તમામ પ્રવાસીઓએ ધક્કામુક્કી કરીને ડબ્બો ખાલી કરી નાંખ્યો. પેલા યુવાને પોતાનાં બે મિત્રોને કહ્યું : ''હવે આપણે શાંતિથી સૂતાં સૂતાં મુંબઈ પહોંચી જઈશું. કેમ કે હવે આ ડબ્બામાં ભૂલથી ય કોઈ પ્રવાસી નહિ આવે.''

ઘસઘસાટ સૂઈ ગયેલ ત્રણે ય વહેલી સવારે બોરીવલી નજીક આવી ગયાની આશાએ ઊઠ્યા ત્યારે એમને શંકા થઈ કે આ ડબ્બો જરા ય હલતો કેમ નથી? ડબ્બાની બહાર આવી એમણે તપાસ ચલાવી તો Railway સત્તાવાળા તરફથી ખુલાસો જાણવા મળ્યો કે ''રાત્રે છેલ્લી ક્ષણોમાં આ ડબ્બામાંથી સાપ હોવાની વાતો ઊઠતાં સલામતીના ભાગરૂપે Railway તંત્રે એ ડબ્બાને Dis-connect કરીને Yardમાં મોકલી આપ્યો છે!

ત્રણે ય મિત્રોની હાલત 'કાપો તો લોહી ન નીકળે' એવી થઈ ગઈ...

✤ ✤ ✤

બુદ્ધિ તો ઘણી વ્યક્તિઓ પાસે એવી અફલાતૂન હોય છે કે એનાથી એ ભલભલી વ્યક્તિઓને આંજી દે–પ્રભાવિત કરી દે અને ધાર્યા નિશાન પાર પાડી શકે. પરંતુ એનાથી એમની બુદ્ધિની સાર્થકતા પુરવાર થઈ શકતી નથી. અમારી દૃષ્ટિએ બુદ્ધિના બે પ્રકારે ઉપયોગ થઈ શકે છે : (૧) સદુપયોગ અને (૨) દુરુપયોગ. આફતમાં–મુસીબતમાં ફસાયેલ વ્યક્તિને એમાંથી બહાર કાઢવી એ બુદ્ધિનો સદુપયોગ છે અને કોઈને જાણી–બુઝીને શીશામાં ઉતારવા–મુશ્કેલીમાં ફસાવવા એ બુદ્ધિનો દુરુપયોગ છે. જેઓ બુદ્ધિનો સદુપયોગ કરે છે એમની જ બુદ્ધિ વાસ્તવમાં સાર્થક છે. અને હા, જેઓ બુદ્ધિનો દુરુપયોગ કરે છે એમને એના અંજામ માટે પેલી ઉક્તિ કાયમ યાદ રાખવી કે 'ખાડો ખોદે તે પડે.' આ રમૂજકથા પણ આ જ ઉક્તિનું સમર્થન કરે છે ને?

■ ■ ■

# 12

પાનખરઋતુ આવી જતાં વૃક્ષ જેમ પાંદડાંઓની શોભાવિહીન એકલું-અટુલું હોય, એમ જીવનની પાનખરઋતુ આવી જતાં કાકા-કાકી પણ પરિવારની શોભાવિહીન એકલા-અટુલા હતા. ઘરની દરેક બાબતમાં એમને 'જાતમહેનત ઝીંદાબાદ' કરવાનું રહેતું.

એમાં છેલ્લા ઘણા સમયથી કાકાને એવું મહેસૂસ થતું હતું કે 'કાકીને કાનની તકલીફ થઈ ગઈ છે. એક વાત બબ્બે-ત્રણ ત્રણ વાર કહીએ તો જ ઉત્તર મળે છે.' એમણે કાકીને બે-ચાર વાર કાનના Doctor પાસે બતાવવાનું સૂચન કર્યું. પણ કાકી સ્વભાવના એકદમ મક્કમ. એમણે સોય ઝાટકીને ના કહી દીધી કે "મને કાનની કોઈ તકલીફ જ નથી. મારે કોઈ Doctorને બતાવવું નથી."

કંટાળેલ કાકાએ નક્કી કર્યું કે એ ન આવે તો હું Doctor પાસે જઈને એનો ઈલાજ પૂછી આવું. એ Doctor પાસે ગયા. જો Doctorએ 'પહેલા તકલીફ કેટલી તીવ્ર છે' એ જાણવા પર ભાર આપી પછી જ ઈલાજ કરવાનું કહ્યું. કાકાએ પોતાની મજબૂરી દર્શાવી. એટલે Doctorએ એક વ્યવહારુ ઉપાય સૂચવ્યો : "કાલે સવારે ચા-નાસ્તાના સમય પૂર્વે તમારે કાકીથી પંદર Feet દૂર ઊભા રહી બૂમ મારવી કે 'ચા થઈ ગઈ છે?' ઉત્તર મળે તો સમજવાનું કે કાકીને કાનની તકલીફ નથી. જો ઉત્તર ન મળે તો સમજવાનું કે કાનની તકલીફ છે. પછીના તબક્કે દશ Feet દૂર

ઊભા રહી ફરી વાર બૂમ મારવી. જો ઉત્તર મળે તો સમજવાનું કે તકલીફ Medium છે અને જો ઉત્તર ન મળે તો સમજવાનું કે તકલીફ Major છે. અંતિમ તબક્કે પાંચ Feet દૂર ઊભા રહીને બૂમ મારવી. ઉત્તર મળે તો તકલીફ Curable માનજો અને જો ઉત્તર ન મળે તો તકલીફ Un-curable સમજજો.''

કાકાને આ વ્યવહારુ ઉપાય એકદમ પસંદ આવી ગયો.

બીજા જ દિવસે સવારે કાકાએ આ પ્રયોગ કર્યો. પંદર Feet દૂરથી એમણે બૂમ મારી, પણ ઉત્તર ન મળ્યો. કાકા મનમાં રાજી થયા પોતાની આવડત પર કે જુઓ, એ ભલે ના કહેતી. પરંતુ કાનની તકલીફ તો છે જ. બીજા તબક્કે દશ Feet દૂરથી એમણે બૂમ મારી. તો ય ઉત્તર ન આવ્યો. હવે કાકાને ચિંતા થઈ કે આ તકલીફ Major લાગે છે. ચિંતાતુર વદને એમણે ત્રીજા તબક્કે પાંચ Feet દૂરથી બૂમ મારી કે ''ચા થઈ ગઈ છે?'' ત્યાં સામેથી ઉત્તર આવ્યો : **''બબ્બે વાર કહ્યું કે ચા થઈ ગઈ છે. પણ સાંભળે છે જ કોણ?''**

હવે કાકાને બ્રહ્મજ્ઞાન થયું કે 'કાનની તકલીફ એને નહિ, મને થઈ છે !'

✤ ✤ ✤

આ સંસારનાં મહદંશ લોકો આ કાકાનું પ્રતિનિધિત્વ કરતા હોય છે. ખામી એમની હોય અને છતાં એ દોષારોપણ કરે વ્યક્તિ પર–વસ્તુ પર–પદ્ધતિ પર–નિયમો પર. એકમાત્ર ધર્મક્ષેત્રસંબંધી બાબતોને જ ઉદાહરણરૂપે લઈએ તો, 'કાકા'નું પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિની ફરિયાદો આવી હશે કે :–

* જો સામાયિકથી જ પુણિયા શ્રાવકને ઉચ્ચતમ સમતા સિદ્ધ થતી હોય તો અમે ય સામાયિક કરીએ છીએ. અમને એ સમતા કેમ નથી મળતી?

* જો 'ઈરિયાવહી' જેવા નાનકડા પ્રતિક્રમણથી જ અઈમુત્તામુનિને કેવલજ્ઞાન થતું હોય તો અમે નિત્ય મોટું પ્રતિક્રમણ કરીએ છીએ. અમને કેવલજ્ઞાન કેમ નથી મળતું?

વસ્તુતઃ સાધનાની સ્થિરતા–પરિણતિની વિશુદ્ધિ–ઉપયોગની તન્મયતા જેવાં પરિબળો એની પાસે ન હોય અને પછી એ દોષારોપણ સામાયિક–પ્રતિક્રમણાદિ ક્રિયા પર કરે ત્યારે સિદ્ધ એટલું જ થાય કે એની કક્ષા આ કથાના 'કાકા'ની છે. ■ ■ ■

# 13

મકાનમાલિકને ભાડૂત વિશે ચિક્કાર ફરિયાદ હતી કે 'એ સાવ મામૂલી ભાડામાં મસમોટી જગ્યાનો વપરાશ કરે છે, તો ભાડાની રકમ સમયસર ભરવામાં ય કેટલા ગલ્લાંતલ્લાં કરે છે. મકાન ખાલી કરીને જવાનું લાખ વાર કહ્યું. પણ એ સાંભળવા જ તૈયાર નથી.' તો ભાડૂતને ય મકાનમાલિક વિશે અઢળક વાંધા હતા કે 'Light–પાણી જેવી પાયાની સુવિધામાં એના રોજના ધાંધિયા છે, તો મકાન સાવ ખખડી ગયેલ હોવા છતાં Repairing એને સૂઝતું નથી. વળી ભાડાની ઉઘરાણી એવી પઠાણી કરે છે કે દર મહિને એના માટે નક્કી જોરદાર ઝઘડો થાય જ.'

એમાં ભાડૂતનો સ્વભાવ એવો ગુસ્સાબાજ હતો કે એ ઝઘડો કરે ત્યારે માત્ર એનું મકાન જ નહિ, આસપાસનાં પાંચ–સાત મકાનો ગાજી ઊઠે. મકાનમાલિકને રીતસર મૂંઝવણ થઈ જાય કે આને હવે કાબૂમાં લેવો કઈ રીતે? એક જ મકાનમાં નીચે–ઉપર રહેવાનું. એટલે આ રામાયણ રોજની થઈ ગઈ હતી.

એક દિવસની વાત. ઉપલા મજલે પોતાના ઘરમાં ભાડૂત સવાર સવારમાં અખબાર વાંચતો હતો ત્યાં ગજબની ઘટના સર્જાઈ. મકાનમાલિકનો નાનકડો દીકરો હાથમાં દૂધનો Glass લઈને આવ્યો. એ દૂધ પણ સાદુ નહિ, કેસર–સાકર–ઈલાયચીથી મિશ્રિત મઘમઘતું હતું. ભાડૂત આશ્ચર્યચકિત થઈ ગયો કે સૂર્ય પૂર્વના બદલે પશ્ચિમમાં ઊગે એ કદાચ શક્ય બને.

પરંતુ મકાનમાલિક મારે ત્યાં આવું દૂધ મોકલે એ શક્ય ન જ બને. આજ સુધી અર્ધો Cup ચા ય કદી નથી મોકલી, એ વળી ક્યા ઉભરાથી દૂધ મોકલે?

એણે બાળકને પૂછ્યું : ''આ દૂધ કોણે મોકલ્યું છે? કોના માટે મોકલ્યું છે ?''

''મારા પપ્પાએ મોકલ્યું છે ને એ તમારા માટે છે.'' બાળકે કહ્યું.

''હોય નહિ. તું ઘર કે નામ ભૂલી ગયો લાગે છે.''

''ના, ના. પહેલા મજલે અને દિનેશભાઈનું ઘર : પપ્પાએ આ જ કહ્યું હતું.''

''પણ... કાંઈ કારણ તો હોવું જોઈએ ને?''

''ઈ મને ખબર નથી. પણ પપ્પા દૂધ આપતાં એવું બોલ્યા હતા કે આજે નાગપાંચમ છે. એટલે દિનેશભાઈને દૂધ પાવું ઠીક રહેશે!'' બાળકે સરલભાવે કહી દીધું.

દિનેશભાઈની હાલત કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ...

✤ ✤ ✤

ક્રોધ–આવેશ એવો ખતરનાક દોષ–દુર્ગુણ છે કે જે અનેક રીતે ભયાનક નુકસાનકારક નીવડે, વધુ પડતા ક્રોધ–ગુસ્સાથી Hyper Tension-High B.P.-Heartattack-Haemorrhage જેવા રોગો થતાં હોવાથી એ શારીરિક સ્તરે નુકસાન કરે, તો પરિવારમાં કારમો ક્લેશ–કંકાસ કરાવતો હોવાથી એ પારિવારિક સ્તરે ય નુકસાન કરે; સમાજમાં અપ્રીતિનું કારણ બનતો હોવાથી સમાજિક સ્તરે નુકસાન કરે, તો દુર્ગતિનું કારણ બનતો હોવાથી આત્મિક સ્તરે પણ નુકસાન કરે.

સાવધાન ! આ રમૂજકથામાં નિહાળાય છે તેમ ક્રોધ માત્ર 'નાગ'ની ઉપમા જ નથી અપાવી જતો, બલ્કે ચંડકૌશિકની ઘટનામાં જોવાય છે તેમ સાધુને ય સાક્ષાત્ 'નાગ' બનાવવા સુધી લઈ જાય છે. માટે ક્રોધને જીવનમાં સ્થાન ન જ અપાય...

■ ■ ■

14

પૈસે–ટકે સંપન્ન પટેલના પત્ની અચાનક પાંત્રીશ વર્ષની વયે અવસાન પામ્યા. એમની અંતિમવિધિ થયાના થોડા દિવસોમાં જ ગામના અમૂક હિતચિંતાપ્રિય (ના, પંચાતપ્રિય) લોકાએ પટેલ પાસે પહોંચી જઈ સૂફિયાણી સલાહ આપી કે ''તમે હજુ બેંતાળીશ વર્ષના છો. જીવનનો ઘણો દીર્ઘ પંથ હજુ બાકી છે. જીવનસાથી વિના તમને એમાં ઘણી સમસ્યા રહેશે. માટે સમાજ શું કહેશે એવી ચિંતા વિના બીજા લગ્ન કરી લો. તમારા માટે કન્યા અમે શોધી લાવીશું.'' પટેલે સંમતિ આપી.

પટેલ સંપત્તિના જેમ શરીરથી પણ કડે ધડે હતા. એથી પેલા પરોપકારી (?) લોકોને ઝાઝી મહેનત ન પડી. બાજુના નાના ગામમાંથી કન્યા મળી ગઈ અને લગ્ન પણ તુર્ત જ ગોઠવાઈ ગયા. પટેલ જાન લઈને પહોંચી ગયા. ત્યાં સુધી તો બધું બરાબર ચાલ્યું. પરંતુ ગામમાં જાન પ્રવેશી ત્યાં વરરાજાને જોવા આવેલ કન્યાની સખીઓ વર સાંભળે એટલા જોરથી પરસ્પર ચર્ચા કરવા માંડી કે ''બીજું બધું તો ઠીક, પણ વર ઘરડો લાગે છે.'' બધી સખીઓના આ એક જ સૂરથી પટેલને લાગી આવ્યું. એમણે મનોમન નક્કી કર્યું કે તક ઝડપીને આ ચાંપલી કન્યાઓને 'વર ઘરડો છે કે શક્તિશાળી' એ બતાવી દેવું.

લગ્ન રંગે–ચંગે થઈ ગયા અને જાન પરત ફરવા માટે ગાડામાં ગોઠવાઈ ગઈ. માત્ર બળદ જોડાય અને ગાડું ચાલે એટલી જ વાર

હતી. પેલી બટકબોલી સખીઓ સામે જ ઊભી હતી. અત્યાર સુધી તાકાત બતાવવાની તક ન ઝડપી શકેલ પટેલને અત્યારે છેલ્લી તક દેખાણી. એ કૂદકો લગાવી ગાડામાંથી નીચે આવ્યા અને કોઈ કાંઈ સમજે એ પૂર્વે બળદનાં સ્થાને ગોઠવાઈ જઈ એકલપંડે પટેલે ગાડું ખૂબ ઝડપથી મેદાનમાં ગોળ ગોળ ફેરવ્યું : એક વાર નહિ, પણ સાત સાત વાર ! પટેલનો Power જોઈ સહુ દંગ રહી ગયા. સાતમી વારના ચક્કરના અંતે હાંફતા હાંફતા પટેલે વિજયી મુદ્રામાં પેલી સખીઓ તરફ જોઈને પૂછ્યું : ''હવે લાગે છે કે વર ઘરડો છે ?''

''વર ઘરડો છે એ તો પહેલી જ નજરે ખબર પડી ગઈ હતી. પણ એ ગાંડો છે તે અત્યારે ખબર પડી !'' સખીઓએ જનોઈવઢ ઘા કર્યો. પટેલની હાલત 'કાપો તો લોહી ન નીકળે' એવી થઈ ગઈ...

✤ ✤ ✤

શાસ્ત્રકારોએ અને વિચારકોએ બહુ મહત્ત્વના એક ગુણનું પ્રતિપાદન કર્યું છે. એનું નામ છે ઔચિત્ય. ઘણા બધા અર્થો આ ઔચિત્યના છે. જેમ કે ઔચિત્ય એટલે મર્યાદા–વિવેક–સામી વ્યક્તિ સાથે ઉચિત વ્યવહાર વગેરે. એમાં એક અર્થ છે અવસરને ઉચિત પ્રવૃત્તિ. વ્યક્તિમાં જો અવસરને ઉચિત વર્તવાની આવડત હોય તો એ સર્વત્ર છવાઈ જાય–સહુનાં હૈયે સ્થાન પામી જાય. અને જો અવસર પરખ્યા વિના પ્રવર્તવાની આદત હોય તો એ જાતે જ પોતાનું સ્થાન–માન લોકહૃદયમાંથી ગુમાવે : અદ્દલ આ પટેલની જેમ ! એક સંસ્કૃત સુભાષિત તો ત્યાં સુધી લખે છે કે :–

औचित्यमेकमेकत्र, गुणानां कोटिरेकत:।
विषायते गुणग्राम:, औचित्यपरिवर्जित:।।

ભાવાર્થ કે એક તરફ ઔચિત્યગુણ અને બીજી તરફ ક્રોડો ગુણો રાખો તો ય પલ્લું ઔચિત્યગુણનું ભારે રહેશે. કેમકે ઔચિત્ય વિનાના ક્રોડો ગુણો પણ વિષ જેવા બની રહે છે...

■ ■ ■

# 15

ખૂબ નામના–પ્રસિદ્ધિ પામેલ એક વક્તાનું પ્રવચન નગરમાં પહેલી જ વાર યોજાયું હતું. પ્રચારમાં કોઈ કસર ન રહી જાય એની તકેદારી ખુદ વક્તા પોતે રખાવી રહ્યા હતા. Hoardings, Banners-Stickers-Slogans આદિનો ઉપયોગ પૂરતા પ્રમાણમાં કરાયો હતો. વક્તાને બે હજારથી પચીસસોની મેદનીની આશા હતી. એટલે મંચ–મંડપ–મેદાન વગેરેની તૈયારી એ ગણતરીથી કરાઈ હતી. આખર સભાનો દિવસ આવી ગયો. ઉત્સાહથી થનગનતા વક્તા સારાં વસ્ત્રોમાં સજ્જ થઈ સભાસ્થળે પહોંચી ગયા.

પણ... આ શું ? સભાસ્થળનું દૃશ્ય જોઈને વક્તાની હાલત દશમા માળેથી પટકાયેલ વ્યક્તિ જેવી થઈ ગઈ. ફર્ક એટલો હતો કે પટકાનાર વ્યક્તિને તીવ્ર શારીરિક વ્યથા અને આઘાત હોય, જ્યારે વક્તાને તીવ્ર માનસિક વ્યથા અને આઘાત થયો. કારણ કે સભામંડપમાં ગણીને માત્ર એક જ શ્રોતા હતો. એ પણ અબુધ–ગ્રામીણ ! અત્યંત નિરાશ વક્તાને પ્રવચનનો 'મૂડ' જરા ય ન રહ્યો. એ ત્યાંથી ચાલી નીકળવા લાગ્યા.

પરિસ્થિતિ સમજી ગયેલ પેલી ગ્રામીણ વ્યક્તિ ભણેલ ભલે ન હતી, પણ ગણેલ ચોક્કસ હતી. એણે વક્તાને કહ્યું : "હું દશ Mile દૂરથી પ્રવચન માટે આવ્યો છું. પ્રવચન આપવું યા ન આપવું તમારી મુનસફીની વાત છે. પરંતુ હું મારી વાત કરું કે અમે ખેડૂતો

સાંજ પડ્યે પંદર–વીશ ગાયોને ઘાસ આરોગવા બૂમ મારીએ. ધારો કે ક્યારેક એક જ ગાય આવી તો અમે એને ના ન કહીએ કે તું એકલી કેમ આવી? તને ઘાસ નહિ મળે. બલ્કે અમે તો એ એકને ય પ્રેમથી ઘાસ વપરાવીએ.'' વક્તાને આ શબ્દો હૈયાંસોંસરવા ઊતરી ગયા. એમણે Mind Makeup કર્યું અને એક શ્રોતા માટે ય પ્રવચન આપવાનું નક્કી કર્યું. મંચ પર ચઢીને એમણે પૂરા ત્રણ કલાક સુધી, જેવી રીતે અઢી હજારની મેદનીને સંબોધે એવી જ રીતે, પ્રવચન આપ્યું.

મંચ પરથી ઊતરી એમણે શ્રોતાને કહ્યું : ''કેમ, બરાબર રહ્યું ને?'' પેલા ગ્રામીણ શ્રોતાએ માર્મિક વાત કહી : ''સાહેબ ! અમે પંદર–વીશ ગાયોને ઘાસ આરોગવા બોલાવ્યા પછી જો કદાચ એક જ ગાય આવી હોય તો અમે એને એક ગાય જેટલું જ ઘાસ પીરસીએ, પંદર–વીશ ગાયનું ઘાસ એકસામટું ન પીરસીએ !'' વક્તાની હાલત હવે 'જોવા જેવી' થઈ ગઈ...

✣ ✣ ✣

ચા માં સાકર સારી ખરી. પરંતુ એ માપસર હોય તો જ. વધુ પડતી સાકર હોય તો એ ચાનો સ્વાદ અને પીનારનું મુખ : બન્ને બગાડે... દાળમાં મીઠું આવશ્યક ખરું. પરંતુ એ સપ્રમાણ હોય તો જ સારું લાગે. મૂઠી ભરીને મીઠું નાની તપેલી જેટલી દાળમાં નંખાઈ જાય તો એ દાળ ખારી ખારી જ બની જાય... બાળકોનાં સંસ્કરણ માટે કડકાઈ જરૂરી ખરી. પરંતુ એ જરૂર મુજબની–ખૂબ થોડી હોય તો જ શ્રેયસ્કર બને. જો હાલતા ને ચાલતા વધુ પડતી કડકાઈ રખાય તો બાળકો માતા–પિતાને નફરત કરતાં થઈ જાય... આ બધી બાબતો એ સમજાવી જાય છે કે સારી બાબતમાં ય પ્રાયઃ 'અતિ' ન જોઈએ. 'અતિ' ની 'ગતિ' સારી નથી હોતી. એથી જ સંસ્કૃત સૂક્તિમાં જણાવાયું છે કે ''अति सर्वत्र वर्जयेत्''.

થોડી વિવેકદૃષ્ટિ રાખી આ વાક્ય પણ સમજવા જેવું છે કે ''આચાર જેવા શબ્દ સાથે ય જ્યારે 'અતિ' જોડાય છે ત્યારે એ અત્યાચાર બની જાય છે.''

■ ■ ■

# 16

ચિક્કાર મેદનીથી Hall હકડેઠઠ ભરાયો હતો અને બોલવામાં અનુભવી વક્તા મંચ પર આવ્યા હતા. એમની પાસે સરસ શબ્દોમાં સરસ રજૂઆત કરવાની કળા હતી. પરંતુ સમય સાચવવાની કળા ન હતી. તેઓ એ સત્ય વારંવાર વીસરી જતા હતા કે 'રજૂઆત જેમ સરસ હોવી જોઈએ એમ સમયબદ્ધ પણ હોવી જોઈએ. સમય ન સચવાય તો સારી રજૂઆત પણ માર ખાઈ જાય.' આજે પણ એવું જ થયું. Mike અને મેદની, બે ય મળ્યા. એટલે ભાઈ રાજાપાઠમાં આવી ગયા. ઘડિયાળ પર નજર રાખવાનું એ ભૂલી ગયા અને વક્તૃત્વસમૃદ્ધિ પીરસવામાં એ પરોવાઈ ગયા.

શરૂઆતના તબક્કે એમના વક્તવ્યને શ્રોતાઓ દ્વારા તાળીઓનો Response મળતો રહ્યો. પરંતુ વક્તવ્ય જેમ જેમ લંબાતું ગયું તેમ તેમ તાળીઓ ઓછી થતી ગઈ. છેલ્લે છેલ્લે તો તાળીઓ મળતી બિલકુલ બંધ થઈ ગઈ અને શ્રોતાઓનાં મુખ પર અરુચિ–કંટાળાના ભાવો પણ ઉપસવા માંડ્યા. વક્તાને ખુદને આ પરિવર્તનનો ખ્યાલ આવ્યો અને આખરે એમણે વક્તવ્ય સમાપ્ત કર્યું. વક્તાનાં મનમાં ય આછું આછું Guilty feel થવા માંડ્યું.

સભાનાં સમાપન બાદ સહુ સભાગૃહમાંથી બહાર નીકળતા હતા ત્યારે વક્તાને 'પોતાની ધારણા સાચી છે યા નહિ' એ

જાણવાનું મન થયું. એથી એમણે એક શ્રોતાને પૂછ્યું કે "કેવું રહ્યું મારું પ્રવચન?"

શ્રોતા એકદમ બુદ્ધિશાળી અને વિચક્ષણ હતો. એણે દાઢમાં ઉત્તર આપ્યો : "મારા મંતવ્ય મુજબ તો તમારે Radio પર પ્રવચનોના કાર્યક્રમો કરવા જોઈએ."

Guilty feel કરતા વક્તા ધારણાથી વિપરીત બહુ સરસ પ્રતિભાવ મળતાં પોરસાઈ ગયા. એમણે ઉત્સાહથી કહ્યું : "શું મારું પ્રવચન એટલું બધું સરસ લાગ્યું?"

"સમજફર્ક થાય છે તમારી. મારો કહેવાનો આશય એ છે કે **પ્રવચન તમારું જો Radio પર હોય તો મન થાય ત્યારે Switch Off તો કરી શકાય. મંચ પરનાં પ્રવચનમાં Switch Off ન થાય.** એટલે મેં Radio પ્રવચનની વાત કરી!" શ્રોતાએ મર્મ ભેદે એવો ઉત્તર આપ્યો.

સાંભળતા જાણે તમ્મર ચડી ગયા હોય એવી હાલત વક્તાની થઈ ગઈ...

✤ ✤ ✤

એક મજાનું વિધાન વાંચ્યું હતું ક્યાંક કે **"મૌન રહેવું એ સાધના છે અને બોલવું એ કળા છે."** ઘણી વાર એવું નિહાળાય છે કે પોતાની જાતને અચ્છા વક્તા સમજનાર લોકો પણ આ કળા આત્મસાત્ કરી શકતા નથી. અમારી દૃષ્ટિએ વક્તૃત્વને કળાનાં સ્તરે લઈ જવા ઓછામાં ઓછા ત્રણ પ્રશ્નાત્મક નિયમો અપનાવવા રહે : (૧) ક્યારે બોલવું ? મતલબ કે અવસર કે તક જોઈને જ બોલવું જોઈએ. ગમે ત્યાં વિના આમન્ત્રણે યા જરૂર વિના ન બોલવું. (૨) કેવું બોલવું? એટલે કે બોલવાનું તથ્યસભર અને માધુર્યસભર હોવું જોઈએ. ગપ્પાબાજી કે કડછી રજૂઆત સ્વીકાર્ય નથી બનતી. (૩) કેટલું બોલવું? તાત્પર્ય કે જરૂર જો દશ શબ્દોની હોય, તો બાર શબ્દો ન બોલવા. ખાસ તો સમયને ગણકાર્યા વિના ન બોલવું. આ ત્રણ બાબત હોય તો જ વ્યક્તિનાં વચનનું મૂલ્ય રહે.

■ ■ ■

# 17

છ–સાત વર્ષના ચિન્ટુની મમ્મી સંસ્કારી પણ હતી અને હોંશિયાર પણ હતી, તો ચિન્ટુ મનમોજી અને રમતિયાળ હતો. ચિન્ટુ પાસે કામ કઈ રીતે લેવું એની કળા મમ્મી પાસે મસ્ત હતી. એક વાર ચિન્ટુને કોઈ કામ માટે થોડે દૂર ચાલતો મોકલવાનો હતો. મનમોજી ચિન્ટુ સરળતાથી કામ કરી આવે એટલે મમ્મીએ કામ બતાવવાની સાથે પાંચ–પાંચ રૂપિયાના બે સિક્કા આપતા કહ્યું : ''આમાંથી એક સિક્કો તારે વાપરવા માટે ઈનામરૂપે છે અને બીજો સિક્કો માર્ગમાં આવતા મંદિરના ભંડારમાં પૂરવા માટે છે. એ રીતે એનો ઉપયોગ કરજે.''

પાંચ રૂપિયા વાપરવા મળી જવાથી ખુશખુશાલ ચિન્ટુ કામ કરવા તરત નીકળી ગયો. ચાલતા ચાલતા રમતિયાળ સ્વભાવવશ ચિન્ટુએ ખિસ્સમાંથી એક સિક્કો કાઢી હવામાં થોડો અદ્ધર ઉછાળ્યો અને બરાબર ઝીલી લીધો. આમ કરવામાં ચિન્ટુને મજા આવી ગઈ અને સિક્કો બરાબર ઝિલાઈ જવાથી આત્મવિશ્વાસ પણ આવી ગયો. એણે સિક્કો બીજી વાર વધુ ઊંચે ઉછાળીને ઝીલ્યો... ત્રીજી વાર એનાથી વધુ ઊંચે ઉછાળી ઝીલ્યો. એમ પાંચ–સાત વાર કર્યું. દરેક તબક્કે એ સિક્કો વધુ ને વધુ ઉછાળતો ગયો.

આખર જે બનવાનું હતું એ જ બન્યું. સિક્કો અત્યંત ઊંચે ઉછાળવા જતાં ચિન્ટુ એ ઝીલી તો ન શક્યો, પરંતુ સિક્કો ક્યાં

પડ્યો એ ય જાણી ન શક્યો. અધૂરામાં પૂરું માર્ગ એકદમ ધૂળિયો હતો. શોધી શોધીને થાકી જવા છતાં સિક્કો ન જ મળ્યો. સિક્કો નહિ જ મળે એ ખાતરી થઈ જતાં ચિન્ટુએ એના ફળદ્રૂપ મગજમાંથી સાવ વિ–લક્ષણ પ્રાર્થના ભગવાન માટે વિચારી.

એણે પ્રાર્થના કરી : ''હે ભગવાન, મારી મમ્મીએ મને બે સિક્કા આપ્યા હતા. એમાં એક સિક્કો તમારા માટે હતો ને બીજો મારા માટે. હું સિક્કો ઉછાળતો હતો એમાં તમારો સિક્કો અહીં ક્યાંક ખોવાઈ ગયો છે ને મારો સિક્કો મારા ખિસ્સામાં સલામત છે. ભગવાન, તમે તો અન્તર્યામી છો અને સર્વજ્ઞ છો. એટલે બધું જાણી શકો. તો તમારો સિક્કો તમે શોધીને લઈ લેજો ને. મારે આગળ જવું છે !''

✤ ✤ ✤

જોઈ નાનકડા ચિન્ટુની ચાલબાજી ? બેમાંથી એકે ય સિક્કા પર કોઈ 'સિક્કો' લગાવાયો ન હતો કે આ સિક્કો ભગવાન માટે છે યા ચિન્ટુ માટે. છતાં ચિન્ટુએ બિન્ધાસ્તપણે પ્રાર્થનારૂપે ભગવાનને કહી દીધું કે ''તમારો સિક્કો ખોવાઈ ગયો છે.'' શું દર્શાવે છે આ? એ જ કે જેને પરિવારસંબંધી–વ્યવસાયસંબંધી કે અન્ય કોઈ પ્રકારની આર્થિક જવાબદારીઓ નથી એવા નાનકડા બાળકને ય સંપત્તિનું આકર્ષણ લલચાવે છે. અરે ! શાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે તિર્યંચોને અને એથી ય આગળ વધીએ તો સ્થાવરકાય જીવોને ય પરિગ્રહ લલચાવે છે–સતાવે છે. ભૂમિમાં રહેલ નિધાન તરફ જ સતત મૂળિયાં વિસ્તારીને આકડો એની પરિગ્રહલાલસા સૂચિત કરે છે. 'જેને સંપત્તિનો ઉપયોગ શું છે' એની પણ સમજ નથી તે એકેન્દ્રિયોની આ લાલસા એટલું જ પુરવાર કરે છે કે પરિગ્રહસંજ્ઞાનું સામ્રાજ્ય એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી છવાયેલું છે.

સાવધાન! એનાથી મુક્ત થવા આપણે સંતોષવૃત્તિ અપનાવીએ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં આ જ ઉપાય દર્શાવ્યો છે કે ''सन्तोषसेतुबन्धेन, प्रसरन्तं निवारयेत्.''

■ ■ ■

હતા તો એ બ્રિટનના મહાસામ્રાજ્યના રાજા. પરંતુ પ્રજાનાં સુખ–દુઃખ સાથે એમણે પોતાની હમદર્દીના તાર બહુ મજબૂતીથી જોડી રાખ્યા હતા. પ્રજાનાં સુખમાં સુખ અને પ્રજાનાં દુઃખમાં દુઃખઃ આ એમનો જીવનમન્ત્ર હતો. એથી ઘણી વાર એ કોઈ રક્ષકો વિના એકલા જ, વેશપલટો કરી, પ્રજાનાં સુખ–દુઃખની જાતમાહિતી મેળવવા નીકળી પડતા.

એક વાર તેઓ આ જ રીતે ગ્રામ્ય–સાધારણ વ્યક્તિના વેશમાં ગામડાઓમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં ગામબહાર લશ્કરી તંબુ જોયો. એમણે અંદર જઈને જોયું તો એક લશ્કરી અધિકાર ચિરૂટ પીતો હતો. ગ્રામ્યવેશધારી રાજાએ એને પીટ્સબર્ગ જવાનો માર્ગ પૂછ્યો. તુમાખીથી છલકાતા પેલા અધિકારીએ જોરથી લાત મારતા કહ્યું : ‘‘બેવકૂફ ! ભાન પડે છે તને કે હું કોણ છું ? મને માર્ગ પૂછવાની હિંમત તું કરી જ કેમ શકે ?’’ પોતાના અધિકારીનાં આવાં વર્તનથી રાજાને દુઃખ થયું. પણ તકની પ્રતીક્ષામાં એમણે ગમ ખાઈ લીધી. ઊભા થઈ વસ્ત્રો ખંખેરતા રાજાએ કહ્યું : ‘‘સાહેબ ! આપ બહુ મોટી હસ્તી હશો. લશ્કરમાં આપનું સ્થાન ક્યું છે ?’’

પેલા અધિકારીને માન મળતા મજા આવી. એ ગમ્મતમાં બોલ્યોઃ ‘‘અલ્યા, તું જ કલ્પના કર ને મારું સ્થાન ?’’ રાજાએ કહ્યું : ‘‘આપ Assistant Lieutenant છો ?’’ ‘‘ના. એથી ઉપર.’’ ‘‘તો આપ Lieutenant છો ?’’ ‘‘ના. એથી ય ઉપર.’’ ‘‘તો આપ Captain છો ?’’ ‘‘હા’’. પેલા અધિકારીએ ગર્વથી કહ્યું.

રાજાએ એને કહ્યું : "જુઓ Captain! હું પણ ગુપ્ત વેશમાં રહેલ લશ્કરી અધિકારી છું. થોડી કલ્પના હવે આપ કરો કે હું કોણ છું?" ગમ્મતમાં જ Captainએ શરૂઆત કરી : "તું Assistant Lieutenant છે?" "ના. એથી આગળ". "Lieutenant છે?" "ના. એથી ય ઉપર." હવે Captainની ભાષા અને વર્તન બદલાયું. "તો આપ Captain છો?" "ના. એનાથી ય ઉપર." Captainએ ઉભા થઈ સલામ ભરતા કહ્યું : "તો આપ Major છો?" "ના. એથી ય આગળ." "શું આપ Field Marshal છો?" "એનાથી ય ઉપર." "તો શું આપ બ્રિટનના રાજા છો? કેમ કે Field Marshalની ઉપર તો એ જ હોય." "હા". ગ્રામ્યવેશમાં રહેલ રાજવીએ ઓળખપત્ર બતાવતાં કહ્યું.

Captain થથરી ગયો. એણે Pistol રાજાને આપતા કહ્યું : "મેં આપને લાત મારીને ગંભીર ગુનો કર્યો છે. મને ગોળીથી Shoot કરી દો." રાજાએ પ્રેમથી એના ખભે હાથ મૂકીને કહ્યું : "દોસ્ત ! તારા જેવા વફાદાર Captainનો જીવ લેવાની મારે જરૂર નથી. પરંતુ આજની ભૂલની સજા એ કે નાનામાં નાના દેશબાંધવ સાથે વર્તન કરતાં તારે એ જ વિચારવાનું કે આ કદાચ વેશપલટો કરીને આવેલ મારા રાજવી હોઈ શકે છે. આ રીતે વિચારીને વર્તીશ તો તું કોઈની સાથે ઉદ્ધતાઈ નહિ કરી શકે".

Captainએ ફરી સલામ ભરીને રાજાની વાત શિરોમાન્ય કરી...

✤ ✤ ✤

જેમ એક Captain એના દરેક દેશબાંધવમાં રાજાનું દર્શન કરીને એનો વ્યવહાર નમ્ર બનાવી શકે, તેમ આપણે પણ દરેક જીવમાં પોતાના સ્વજનનું દર્શન કરીને એની સાથેનો વ્યવહાર સ્નેહાળ-મૈત્રીભર્યો અવશ્ય બનાવી શકીએ. બસ, જરૂર છે હૃદયપૂર્વક સહુ જીવોને સ્વજન માનવાની. આ જ ભૂમિકા કેળવવા 'શાંતસુધારસ' ગ્રન્થના 'મૈત્રીભાવના અધિકાર'માં લખાયું છે કે :-

"सर्वे पितृमातृपितृव्यभ्रातृ-पुत्राङ्गजास्त्रीभगिनीस्नुषात्वम्।
जीवा:प्रपन्ना बहुशस्तदेतत्, कुटुम्बमेवेति परो न कश्चित्॥"

■ ■ ■

# 19

હતો એ એક ભયંકર કટ્ટર ધર્માનુયાયી. એણે મગજમાં એવું જડબેસલાખ Fit કરી દીધું હતુ કે મારો જ પંથ–મારી જ માન્યતા સાચી. દિલ–દિમાગ એણે એટલા સંકુચિત કરી નાખ્યા હતા કે એના જ ધર્મના અન્ય માન્યતાના લોકોને ય એ ઘૃણાથી–તિરસ્કારથી જુએ. એની વાણીમાં–વર્તનમાં આ ઘૃણા–તિરસ્કાર છલકાય. કો'ક ચિંતકે સરસ વિધાન કર્યું છે કે **''વર્ષોથી બંધ તોતિંગ તાળાઓ ખોલવા હજુ સહેલા છે. પરંતુ જડભરતોના બંધિયાર મગજ ખોલવા અતિ મુશ્કેલ છે.''** આ વિધાન પેલી કટ્ટર વ્યક્તિને બિલકુલ બંધબેસતું હતું.

એક વાર એવું બન્યું કે સવાર સવારમાં એ જતો હતો ત્યાં એ માર્ગ પર એના જ ધર્મના પણ એનાથી વિરુદ્ધ મતના ધર્મગુરુ મળ્યા. આનો 'મૂડ' ખરાબ થઈ ગયો. ધર્મગુરુ નજીક આવતા જ એ ચિલ્લાયો : ''અરરર ! સવાર સવારમાં તમારું મુખ ક્યાં જોવા મળ્યું? એનાથી હવે મારે નર્કે જવું પડશે''. ધર્મગુરુએ જરા ય ઉશ્કેરાટ વિના શાંતિથી કહ્યું : ''એમ ? મારું મુખ જુએ એ નર્કે જાય તો તારું મુખ જુએ એ ક્યાં જાય ?''

''સ્વર્ગે.'' પેલાએ તાનમાં ને તાનમાં જાતપ્રશંસા કરવા કહી દીધું.

''અચ્છા, તો હવે એટલું નક્કી થઈ ગયું કે હું જઈશ સ્વર્ગે અને તું જઈશ નર્કે. આટલું તો તું જ તારી વાત દ્વારા કબૂલ કરી રહ્યો

છે.'' ધર્મગુરુએ હસતા હસતા કહ્યું. પેલા કટ્ટરવાદીને હવે ભાન થયું કે તાનમાં ને તાનમાં પોતે કેવું અવળું વેતરી નાંખ્યું છે. એ વળી ચિલ્લાયો : ''આમ તો મારું મુખ જુએ એ સ્વર્ગે જાય. પરંતુ હું તમને શ્રાપ આપું છું કે મારું મુખ જોવા છતાં તમે નર્કે જ જશો, સમજ્યા?''

ધર્મગુરુએ એટલી જ સ્વસ્થતાથી સંસ્કારછલકતો ઉત્તર આપ્યો : ''જો ભાઈ, તું શ્રાપ આપવા દ્વારા તારા જ નક્કી કરેલ નિયમમાં પરિવર્તન કરી શકતો હોય તો હું પણ આશીર્વાદ આપવા દ્વારા તારા નિયમમાં પરિવર્તન કરી શકું છું. હું તને આશીર્વાદ આપું છું કે સવાર સવારમાં મારું મુખ જોયા પછી ય તું સ્વર્ગે જ જજે, નર્કે કદાપિ નહિ!''

ધર્મગુરુનાં વાક્ચાતુર્યથી અને એથી ય વધુ વિવેકી વિચારોથી સાથેની સહુ વ્યક્તિઓ પ્રભાવિત થઈ ગઈ. પેલી કટ્ટરવાદી વ્યક્તિ વિલખી બની ગઈ...

✤ ✤ ✤

બે પ્રેરણા આ મજાની રમૂજકથામાંથી મળી રહે છે. એમાંની એક પ્રેરણા છે **વિવેક**. શું વિચાર કે શું આચાર, શું ઉચ્ચાર કે શું વ્યવહાર : સર્વત્ર વિવેક ઝળહળતો જોઈએ. જો વિવેક ઝળહળતો હોય તો વ્યક્તિ અપ્રિય તો ન થાય, બલ્કે સર્વત્ર છવાઈ જાય : ઉપરોક્ત કથાના ધર્મગુરુની જેમ. સંસ્કૃતમાં એટલે જ કહેવાયું છે કે ''विवेको दशमो निधिः.'' નવ નવ નિધિ પ્રાપ્ત કરનાર ચક્રવર્તી ય જો અવિવેકી હોય તો સામી વ્યક્તિનાં હૈયે છવાઈ ન શકે, જ્યારે વિવેકનો નિધિ ધરાવનાર આસાનીથી સર્વત્ર છવાઈ શકે.

બીજી પ્રેરણા મળે છે **સહુનું શુભ થાય તેવું ચિંતન.** સામી વ્યક્તિ ભલે ને વિરોધી હોય, તો ય એ વ્યક્તિનું પણ શુભ થાય–હિત થાય તેવા જ વિચારો કરવા. સાચી મૈત્રીભાવના આ છે. એથી જ તો લખાયું છે 'શાંતસુધારસ' ગ્રન્થમાં કે ''न कोऽपि ते शत्रुरिति प्रतीहि.''ભાવાર્થ કે કોઈ તારો શત્રુ યા વિરોધી નથી એ જ રીતે વિચારજે.

■ ■ ■

20

# 20

કાલ્પનિક કથા કહે છે કે રામચન્દ્રજી અને રાવણ વચ્ચે પરલોકમાં એક વાર ચર્ચા જામી. રાવણે કહ્યું : ‘‘પ્રભુ, તમે ભલે મને યુદ્ધમેદાનમાં ખતમ કર્યો. પરંતુ હજારો–લાખો વર્ષો પછી આજે ય હું લોકહ્રદયમાં જીવંત છું. મારો પ્રામાણિકપણે દાવો છે કે લોકો તમારા કરતા ય વધુ મને માને છે.’’

રામચન્દ્રજી હસી પડ્યા. એમણે કહ્યું : ‘‘રાવણ ! જૂઠાણાં ચલાવવાની તારી આદત હજુ અહીં–પરલોકમાં ય ગઈ લાગતી નથી. લોકો મારા કરતા વધુ તને માને એ તારો દાવો જ હાસ્યાસ્પદ છે. જોઈ લે તું ભારતના ગામડાઓ અને શહેરો. દરેક સ્થળે મારાં મંદિરો સૌથી વધુ જોવા મળશે. અને તારું મંદિર? એ સમ ખાવા પૂરતું ય શોધવું મુશ્કેલ છે.’’

રાવણે અટ્ટહાસ્ય વેરતા કહ્યું : ‘‘પ્રભુ, તમે હજુ એવા ને એવા ભોળા જ છો. એટલે આ દુનિયાના લોકોને સાચી રીતે ઓળખી શક્યા નથી. હકીકત એ છે કે આ દુનિયાના લોકો મંદિરો તમારાં બનાવે છે, પરંતુ ભીતરથી માત્ર મને જ અનુસરે છે! લોકો કોને પસંદ કરે છે એની ખાતરી કરવી હોય તો Electionમાં મારી સામે ઉભા રહેજો. તમારી Deposit ડૂલ ન કરાવું તો મારું નામ રાવણ નહિ.’’

રામચન્દ્રજી કહે : ‘‘તારી આ ડંફાસો–બડાશો મારવાની જૂનીપુરાણી ટેવ છોડ. Election તો બહુ દૂર છે. તું આજે જ કોઈ પરીક્ષા નક્કી કર. હું મારી મહત્તા પુરવાર કરવા તૈયાર છું.’’

બન્ને એકબીજાથી ચડિયાતા પુરવાર થવા પૃથ્વીલોક પર આવ્યા. પરીક્ષામાં નક્કી થયા પ્રમાણે બન્ને એક સરકારી Rationની દુકાનની બહાર Lineમાં ઊભા રહ્યા. રામચન્દ્રજીનો ક્રમ આવ્યો ત્યારે દુકાનદારે બે Kilo અનાજ આપ્યું અને એ પછી તુર્ત રાવણનો ક્રમ આવ્યો ત્યારે એન વીશ Kilo અનાજ દુકાનદારે ધરી દીધું. રાવણે વિજયી મુદ્રામાં કિંમત પોતાની વધુ હોવાનો રામચન્દ્રજીને ઈશારો ક્યો.

રામચન્દ્રજીએ નારાજગીથી દુકાનદારને કહ્યું : ''એ ય ! આવો અન્યાય કેમ ? તું ઓળખે છે મને કે હું કોણ છું ?''

દુકાનદારે હાથ જોડીને કહ્યું : ''હા પ્રભુ. તમને જ નહિ, તમારી બાજુવાળાને ય ઓળખી ગયો છું અને એટલે મેં આ વ્યવહાર ર્ક્યો છે.'' આશ્ચર્યસ્તબ્ધ થઈ ગયેલ રામચન્દ્રજીને દુકાનદારે વધુ ખુલાસો ર્ક્યો : પ્રભુ, મને ગુનેગાર ન ગણશો. હું તમને સરકારી દુકાનનો કાયદો વંચાવું છું. જુઓ, સામેના Board પર લખ્યું છે કે ''માથાદીઠ બે કિલો!'' (કહેવાની જરૂર છે કે રાવણના દશ માથાને અનુલક્ષી દુકાનદારે આ છટકબારી શોધી લીધી હતી ?)

✤ ✤ ✤

ધ્યાનથી વાંચીશું આ રમૂજકથા, તો સમજાશે કે દુકાનદારે કારણ ભલે મજબૂત ઊભું કરી દીધું. પરંતુ એણે ગમે તે રીતે પલ્લું તો રાવણ તરફ જ ઝુકાવ્યું હતું. દુનિયાની આ વરવી તાસીર છે કે એ જાપ ભલે રામના નામનો કરે, પણ કામ રાવણને શોભે એવાં કરે. મહિમા ભલે ઉચ્ચ તત્ત્વોનો કરે, પણ અમલ કનિષ્ઠ તત્ત્વોનો કરે. પરિસ્થિતિ સર્વત્ર ભલે આવી નથી, પરંતુ આ સ્થિતિનો વ્યાપ ઘણો વિશાલ છે એ ય વરવું સત્ય છે. એટલે જ કો'ક શાયરે દાઝભરી શૈલીમાં લખ્યું છે કેઃ–

काम धोखेंका है बाँते इमान की है, चर्चा भगवानकी है पूजा शयतानकी है।
दुनियाका दु:ख-दर्द मीटे तो मीटे कैसे, सूरत इन्सानकी है सिरत हेवानकी है।।

આપણે આ વ્યાપક વર્ગમાંથી બાકાત રહીએ એટલું તો અવશ્ય કરીએ જ...

■ ■ ■

# 21

એ મહાશય હતા મોટા પંડિત. બુદ્ધિ એમની એવી તીક્ષ્ણ હતી કે શાસ્ત્રોના ભલભલા અટપટા પદાર્થોના રહસ્યો એ પલકવારમાં ઉકેલી દે, તો સ્મૃતિ એમની એવી તીવ્ર હતી કે એક વાર જે બાબત વાંચે તે એમનાં દિમાગમાં કાયમ સ્થિર થઈ જાય. પરંતુ પંડિતની મોટી વિચિત્રતા એ હતી કે એમને એમનાં જ્ઞાનનું અભિમાન અત્યંત. એ એમ જ માને કે મારા જેવો જ્ઞાની અન્ય કોઈ છે જ નહિ. અહંકારના આવેગમાં એ સીફતથી ભૂલી જતાં કે **'જ્ઞાન નમ્રતાથી શોભે'**.

દરેક વિષયમાં 'હું જ સૌથી વધુ જાણકાર'નું પંડિતનું વલણ સૌને ખૂંચતું. પરંતુ સામી વ્યક્તિને મહાત કરી દે તેવી પંડિતની શક્તિ સામે સહુ મજબૂર હતા. ધીમે ધીમે પરિસ્થિતિ એવી થઈ ગઈ કે પોતાની સર્વોપરિતા દર્શાવવાની લહાયમાં ને લહાયમાં એ ગમે તેની સાથે, સાવ સામાન્ય વ્યક્તિ સાથે પણ, જરા જરામાં શરત લગાવવા તૈયાર થઈ જઈ ઈનામી હાર–જીતની વાતો કરવા માંડે. નગરજનો એમનું સામર્થ્ય જાણતા હોવાથી લલચામણી ઈનામી વાતોમાં ય એમનો સામનો કરવાથી દૂર રહે.

પણ...એક વાર ભારે થઈ. બાજુના નાના ગામડામાંથી આવેલ કો'ક ગામડિયા સાથે પંડિત ભિડાઈ ગયા. 'આદત સે મજબૂર' પંડિત એની સાથે શરતમાં ઊતરી જતા બોલ્યા : ''ચલ લગાવીએ શરત. મને કોઈ પણ વિષયમાં કોઈ હરાવી ન શકે. કેમ કે મારી પાસે તમામ વિષયોનું ઊંડાણભર્યું જ્ઞાન છે.''

ગામડિયાએ એમની વાત ન સ્વીકારી એટલે પંડિતે કહ્યું : ‘‘અત્યારે જ તું પસંદ કરે એ વિષય પર તું કહે એવી શરત લગાવીએ. મને એ મંજૂર રહેશે.’’ ગામડિયો ભણ્યો નહિ, પણ ગણ્યો હતો. આસપાસ ટોળું જામેલું જોઈ એણે ય પડકાર ઝીલી લઈ કહ્યું : ‘‘જુઓ, હું ગામડાની વ્યક્તિ છું. એથી પક્ષીના વિષયમાં એકેક પ્રશ્ન પૂછીએ. મારા પ્રશ્નનો ઉત્તર તમે ન આપી શકો તો તમારે મને એક હજાર રૂા. આપવા. અને હું તમારો ઉત્તર ન આપી શકું તો મારે દશ રૂા. આપવા. કારણ કે તમે તો તમામ બાબતોમાં નિષ્ણાત હોવાથી જીતવાના જ છો. અવશ્ય હારવાનો ભય તો મને જ છે.’’

અભિમાનમાં ને અભિમાનમાં પંડિતે સહુ વચ્ચે શરત મંજૂર રાખી. પેલા ગામડિયાએ કહ્યું : ‘‘એવું ક્યું પક્ષી છે કે જેને ત્રણ પગ–ત્રણ પાંખ અને બે મુખ હોય?’’ પંડિત મનોમન પક્ષીઓના આખેઆખા પુસ્તકો યાદ કરી ગયા. એમાં બે મુખ–બે જીવ ને એક શરીરવાળા ભારંડ પક્ષીનો ઉલ્લેખ મળ્યો. પરંતુ ગામડિયાએ કહ્યું તેવું પંખી ન મળ્યું. અર્ધો કલાક પછી ય પંડિત ઉત્તર ન આપી શક્યા. નગરજનો મનોમન ખુશ થયા કે આખર આ એક તો ‘શેરના માથે સવાશેર’ મળ્યો ખરો.

થાકીને આખરે પંડિતે હાર કબૂલતા રૂા. એક હજાર આપી દીધા. હવે પંડિતનો ક્રમ આવ્યો. ભવિષ્યમાં કદી હાર ન મળે માટે પંડિતે ય આ જ અજાણ્યા પંખીનો સવાલ ક્યો કે ‘‘બોલ, એ પક્ષી ક્યું છે?’’ ગામડિયા એ પેલા હજાર રૂા.માંથી જ દશ રૂા. આપીને કહ્યું : ‘‘સાહેબ! એનું નામ મને ય ખબર નથી!’’ તાળીઓ પર તાળીઓ વરસી કે ગામડિયો પંડિતને આબાદ છેતરીને હરાવી ગયો.

✤ ✤ ✤

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે ‘યોગશાસ્ત્ર’માં અભિમાન માટે લખ્યું છે કે ‘‘मानोऽन्धङ्करणो नृणाम्.’’ મતલબ કે આ માન વ્યક્તિને અંધ બનાવી દે છે. એટલે જ તો દુર્યોધન અને રાવણ જેવા માંધાતાઓ પરાજય ન પરખી શક્યા, તો ઉપરોક્ત રમૂજકથાના પંડિત શરતની વિષમતા ન સમજી શક્યા. આવો, આપણ સદા ય નમ્ર રહી અભિમાનથી બચી જઈએ...

■ ■ ■

# 22

Collegeના વાતાવરણ માટે એમ કહેવાતું હોય છે કે ત્યાં ભણવાનો માહોલ ઓછો અને મોજ–મજાનો માહોલ વધુ હોય. યુવા હૈયાઓ પરસ્પર પણ મોજ–મજામાં પાવરધા હોય, તો કેટલાક 'નામચીન' યુવાનો સહાધ્યાયીઓથી લઈને Professor સુધીનાની ય Film ઉતારવામાં પાવરધા હોય. આવા બેજવાબદાર યુવાઓ માટે કોઈએ ચીમકી આપતી વાસ્તવિક બાબત જ લખી છે કેઃ–

मौज कम करो यारों, कोलेजकी मस्त हवाओमें।
कल नाम तुम्हारा भी शामिल होगा, भारतके बेकारोमें।।

College ના આવા જ થોડા 'નામચીન' બિરાદરો મસ્તી ખાતર College વર્ગમાં બેઠા હતા અને એ જ દિવસે Collegeમાં નવા નવા આવેલ Professorનો Period હતો. એક યુવાનને થયું કે તક મળે તો આ બધાની વચ્ચે Professorની Film ઉતારી લેવી. એટલે બધા વચ્ચે મારો છાકો ય પડે અને Professor પણ મારાથી દબાતા રહે.

એ તક શોધતો હતો. એવામાં Professorએ જાણે સામે ચાલીને તક તાસકમાં ધરી. બન્યું એવું કે પ્રથમ જ દિવસ હોવાથી વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવવા Professorએ અભ્યાસ સિવાયની ઔપચારિક વાત શરૂ કરી કે "મિત્રો ! આજે આપણો પહેલો જ દિવસ છે. તમારામાંથી કોઈ કહી શકશે કે મારી ઉંમર કેટલી છે?"

પેલા 'નામચીન' યુવાનને આ પ્રશ્ન એવા Full-toss દડા જેવો લાગ્યો કે જેમાં આસાનીથી Sixer ફટકારી શકાય. એણે તરત જ આંગળી ઊંચી કરી જવાબ આપ્યો કે "Sir ! તમારી ઊંમર બત્રીશ વર્ષ છે !" Professor તાજુબ થઈ ગયા. કારણ કે યુવાને જણાવેલ ઊંમર એકદમ Perfect હતી. જો કે, યુવાને તો એ ઊંમર અદ્ધરતાલ જ અને ચોક્કસ ઈરાદાથી જ કહી હતી.

ખુશ થઈ ગયેલ Professorએ કહ્યું : "તારો ઉત્તર એકદમ સાચો છે. મને આશ્ચર્ય એ છે કે આપણે હજુ તો આજે જ પ્રથમવાર મળ્યા છીએ. તો તું આટલો Perfect ઉત્તર કઈ રીતે આપી શક્યો ?"

"Sir ! એમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. આ તો ગણિત માંડવાની વાત છે. મેં સીધું જ ગણિત માંડ્યું કે મારા ઘરે મારો અર્ધો ગાંડો ભાઈ છે એની ઊંમર સોળ વર્ષની છે. એટલે તમારી ઊંમર બત્રીશ વર્ષની જ હોય!" યુવાને એવી Sixer ફટકારી કે આખા વર્ગમાં હસાહસનું હુલ્લડ ફેલાઈ ગયું ને Professor વિલખા થઈ ગયા.

✤ ✤ ✤

આજે ય ઘણી શાળાઓમાં આપણી ભારતીય સંસ્કૃતિ મુજબનાં સૂત્રો લખાયા હોય છે કે "વિદ્યા વિનયેન શોભતે... ગુરુદેવો ભવ" વગેરે. તો 'પ્રશમરતિ' વગેરે જૈન ગ્રન્થોમાં પણ જણાવાયું છે કે "ગુરુશુશ્રૂષાફલં શ્રુતજ્ઞાનમ્." આ બધા સૂત્રો કે શાસ્ત્રવચનો એ વાતનો ભારપૂર્વક નિર્દેશ કરે છે કે વિદ્યાગુરુના વિનયથી જ – ગુરુબહુમાનથી જ જ્ઞાન મળી પણ શકે છે અને ફળી પણ શકે છે.

પણ... અફસોસ એ છે કે School–Collegeમાં સંસ્કરણની ખામીનાં કારણે ઘણી વાર ઉપરોક્ત રમૂજકથામાં પ્રતિબિંબિત થાય છે તેવી નકરી અવિનીતતા–ઉદ્ધતાઈ ફેલાયેલી જોવા મળે છે. જ્યાં વિનયનો લય (નાશ) થાય છે ત્યાં વિદ્યાનો ય લય થાય છે. શું એટલે જ કદાચ School–Collegeને 'વિદ્યાલય' કહેવાતા હશે? કાશ ! આ કટાક્ષ સર્વ વિદ્યાસંસ્થાઓમાં સર્વદા ગલત ઠરે તો કેવું સારું!

■ ■ ■

# 23

કચ્છના અંતરિયાળ નાનકડા ગામમાં પાણીની અછત એવી તીવ્ર હતી કે ગ્રામજનો 'ત્રાહિ મામ્' પોકારી ગયા હતા. ત્રણ–ત્રણ Mile ચાલીને જાય ત્યારે મહિલાઓને માંડ એકાદ ઘડો પાણી મળે. એ પણ ઘણી વાર સાવ ડહોળું હોય. અબુધ ગ્રામજનો ઘણી વાર ગામચોતરે ચર્ચા કરતા કે આપણા ખોબા જેવડા નાનકડા ગામની વસતિ સાવ ઓછી. એમાં ય જો પાણીની આટલી તકલીફ પડે છે, તો સવા ક્રોડની વસતિ ધરાવતા મુંબઈમાં શી હાલત હશે ? ત્યાંના લોકો પાણીની વ્યવસ્થા શું કરતા હશે? દુષ્કાળ આવે ત્યારે આટલી મોટી વસતિનું શું થતું હશે?

આ ચર્ચામાંથી નવનીત એ પ્રગટ્યું કે ગામના બે ચોપડી ભણેલ ચાર આગેવાનો મુંબઈ જાય અને ત્યાં પાણીની વ્યવસ્થા શી થાય છે એનું જાતનિરીક્ષણ કરી ગામ માટે ઉપાય નક્કી કરે. સદ્‌નસીબે ગામનો એક પરિવાર ઘણાં વર્ષોથી મુંબઈ સ્થાયી થયો હતો. એથી આગેવાનોને મુંબઈમાં ક્યાં રહેવું એની ચિંતા ન આવી. નક્કી એવું કરાયું કે ભલે પંદર દિવસ રહેવું પડે કે મહિનો, પરંતુ પાણીની સમસ્યાનો ઉપાય શોધ્યા વિના પ્રતિનિધિ મંડળે પાછા ન ફરવું.

એક શુભ દિવસે પેલા બે ચોપડી ભણેલ ચાર આગેવાનો મુંબઈ પહોંચી ગયા. જેમને ત્યાં મુકામ હતો એ ભાઈનાં ઘરની પાણીની વ્યવસ્થા જોઈ આગેવાનો આશ્ચર્યચકિત થઈ ગયા.

ક્યાં ય દૂર જવાનું નહિ, બેડાં લઈ પાણી ઊંચકવાનું નહિ. ચકલી ખોલો એટલે થોકબંધ પાણી આવ્યા જ કરે. એમને લાગ્યું કે આ ચકલીઓ 'ચમત્કારિક' છે. ખોલો એટલે પાણી જ પાણી. આગેવાનોએ અંદરોઅંદર નક્કી કર્યું કે આનાં ઘરની ચારમાંથી એક ચકલી રાત્રે ચૂપચાપ Wrenchથી ખોલીને ઉઠાવી લેવી. લઈને સીધા કચ્છ ભેગા થઈ જવું. પાણીની સમસ્યાના હલ માટે આનાથી સારો ઉપાય કોઈ ન હોઈ શકે.

Plan મુજબ રાત્રે સિફતથી ચકલી કાઢી લઈ આગેવાનો કચ્છ પહોંચી ગયા. બીજે દિ' ગામ ભેગું કરી આગેવાનોમાંથી એકે કહ્યું : ''અમે એક જ દિવસમાં પાણીની સમસ્યાનો હલ શોધી લીધો છે. હવે કોઈ મહિલાએ ત્રણ Mile દૂર જવું નહિ પડે. અમે મુંબઈથી ચમત્કારિક ચકલી લઈ આવ્યા છીએ. એ ખોલીશું એટલે સૌની નજર સામે અત્યારે જ ઢગલાબંધ પાણી મળશે.'' કહીને એમણે થેલીમાંથી ચકલી કાઢી. ગામજનો વિસ્મયથી ચકલી સામે જોઈ રહ્યા હતા.

પણ... આ શું ? દશ વાર ચકલી ચાલુ કરી તો ય એક ટીપું પાણી એમાંથી ન નીકળ્યું. બે ચોપડી ભણેલ ચારે ય આગેવાનોએ નિષ્કર્ષ જાહેર કર્યો કે **''ચકલી મુંબઈમાં હોય તો અઢળક પાણી આપે ને કચ્છમાં હોય તો ટીપું ય પાણી ન આપે!''**

✤ ✤ ✤

અબુધ આગેવાનો અને એમના નિષ્કર્ષ પર આપણને હસવું આવે. કેમ કે આપણને એ ખ્યાલ છે કે ચકલી શહેરમાં હોય કે ગામડામાં, એનાથી કોઈ ફર્ક નથી પડતો. મહત્ત્વની વાત એ છે કે ચકલીનું Connection Pipe-line સાથે છે કે નહિ? જો Connection હોય તો જ ચકલી અઢળક પાણી આપી શકે. બસ, આ જ વાત છે આરાધનાનાં ક્ષેત્રની કે તમે અનુષ્ઠાન–ક્રિયા જાહેરમાં–ખાનગીમાં ક્યાં કરો છો? કેટલી કરો છો એ અગત્યનું નથી. અગત્યનું એ જ છે કે એનું Connection દેવ–ગુરુ–ધર્મની પ્રબળ શ્રદ્ધા સાથે છે કે નહિ? જો પ્રબળ–શુદ્ધ શ્રદ્ધા સાથે એનું Connection હશે તો જ તે તે ક્રિયા ખરા અર્થમાં આરાધનારૂપ બનશે. મહાયોગી શ્રી આનંદઘનજી મહારાજે એટલે જ ફરમાવ્યું છે કે :– **''શુદ્ધ શ્રદ્ધા વિના સર્વ કિરીયા કરી, છાર પર લીંપણું તેહ જાણો...''**

■ ■ ■

દીકરો ભલે નાનો સાતેક વર્ષનો હતો. પરંતુ શાળાકીય અભ્યાસનાં ક્ષેત્રે એની આવડત સાવ ઠોઠ નિશાળીયા જેવી જોઈને પિતાને એની ખૂબ ચિંતા થતી હતી. એક પણ વિષય એવો ન હતો કે જેમાં એ સરેરાશ વિદ્યાર્થી જેટલી પણ આવડત ધરાવતો હોય. એમાં ય ગણિતનાં ક્ષેત્રે એ સાવ 'ઢ' જેવો હતો. ગણિત કાચું રહી જાય તો દીકરો કાયમ કાચો પડશે એ ભયથી પિતાએ ગણિત માટે ખાસ શિક્ષક રાખી શિક્ષકને કડક તાકીદ કરી કે ''મારો દીકરો ગણિતમાં જરા ય કાચો ન રહી જાય.'' શિક્ષકે પિતાને ન–ચિંત રહેવા કહ્યું.

Tution શરૂ થયાના પંદર દિવસ પછીની વાત. એક બપોરે શિક્ષક ભણાવવા માટે ઘરે આવી ગયા હતા. બાળક એમની પાસે ભણવા બેસવાની તૈયારીમાં હતો. ત્યાં જ પિતા ત્યાંથી પસાર થયા. એમને એકાએક પરીક્ષા કરવાનું મન બનાવી બાળકને શિક્ષક સામે જ પ્રશ્ન કર્યો કે ''બોલ બેટા ! છ + છ બરાબર કેટલા?'' ''દશ.'' બાળકે ઊંધું વેતરતો ઉત્તર આપ્યો. પિતાને આઘાત લાગ્યો કે આ શું? પંદર પંદર દિવસથી શિક્ષક ભણાવે છે. છતાં આટલો સીધો–સાદો પ્રશ્ન એને આવડ્યો નહિ ? શિક્ષકને મેં ખૂબ તાકીદ કરી હતી. તો ય આવું પરિણામ?

પિતાએ નારાજગીના ભાવ સાથે શિક્ષકને કહ્યું : ''સાંભળ્યો મારા દીકરાનો ઉત્તર? તમે ભણાવો છો શું?'' શિક્ષકે ઠંડે કલેજે

સમજાવવા માંડ્યું : ''વડીલ ! ચિંતા ન કરો. હું તમને અનુભવના આધારે જણાવું છું કે તમારો દીકરો અભ્યાસમાં 'પ્રગતિ' કરી જ રહ્યો છે!'' શિક્ષકના આ પ્રતિભાવથી પિતાને આશ્ચર્ય અને આઘાત, બન્ને થયા. એમણે ઓર નારાજગીથી કહ્યું : ''તમે આવા ઉત્તરને પ્રગતિ કહો છો ? ગજબ કહેવાય.''

શિક્ષકે એ જ ઠંડક બરકરાર રાખતા કહ્યું : ''જુઓ, તમારા પુત્રે મારી પાસે ભણવાની શરૂઆત કરી એના ત્રીજા દિવસે મેં એને આ જ પ્રશ્ન પૂછ્યો હતો. ત્યારે એણે મને જવાબ આપ્યો હતો કે છ + છ બરાબર આઠ. બાર દિવસ પછી આજે એણે એટલી પ્રગતિ કરી છે કે છ + છ બરાબર દશ. હજુ બીજા બાર દિવસ જવા દો. એટલે એ બોલતો થઈ જશે કે છ + છ બરાબર બાર ! ફરી તમને કહું છું કે ચિંતા ન કરો. તમારો પુત્ર 'પ્રગતિ' કરી જ રહ્યો છે!''

પિતાને સમજ ન પડી કે શિક્ષકના આ વિચિત્ર 'ગણિત' પર હસવું કે રડવું?

✤ ✤ ✤

આ રમૂજકથામાંથી બે બોધ તારવી શકાય. એક એ કે આ દુનિયામાં 'પ્રગતિ'ના નામે આ શિક્ષક જેવું ધુપ્પલ ચલાવાય છે. બાર દિવસે 'આઠ'ના બદલે 'દશ' બોલનાર બાળક હવે પછીના બાર દિવસે 'બાર' બોલશે એમ ધારી લેવાય, તો તે પછીના બાર દિવસે છ + છ બરાબર 'ચૌદ' બોલશે એમ પણ ધારવું જ પડે ! વસ્તુતઃ આ 'પ્રગતિ' છે જ નહિ. એ જ રીતે, લુચ્ચાઈ કરતા બાળક માટે 'હવે એ હોંશિયાર થઈ ગયો' એવું મા–બાપ કહે કે વ્યવસાયમાં કોઠા–કબાડા કરી લાખો કમાનાર મિત્ર માટે 'હવે એની હથોટી આવી ગઈ' એવું મિત્રો કહે ત્યારે હકીકત એ હોય છે કે એમાં પ્રગતિ નહિ, માત્ર ધુપ્પલ હોય છે !

બીજો બોધ એ તારવી શકાય કે દુનિયામાં કેટલા ય લોકો આ કથાના શિક્ષક જેવા 'છાપેલ કાટલા' હોય છે કે જે સ્પષ્ટપણે ખોટા–નિષ્ફળ હોય તો ય પોતાનો જ કક્કો ખરો કર્યા કરે. ના, આપણે આ બેમાંથી એકે ય ગલત વાત ન અપનાવીએ.

■ ■ ■

# 25

સંસ્કારી અને શ્રીમંત નગરશ્રેષ્ઠી નિત્ય ક્રમ મુજબ સવારે ગામબહાર લટાર મારી રહ્યા હતા. ત્યાં એમણે તળાવકિનારે બે ભૂદેવો–બ્રાહ્મણો જોયા. એક તળાવ પાસે સ્નાન માટે ગયા હતા, તો બીજા થોડે દૂર વૃક્ષની છાયામાં બેસી સ્નાનની પૂર્વતૈયારીમાં ગુંથાયા હતા. તેજસ્વી લલાટ ને ચમકતો ચહેરો એમની વિદ્વત્તાની સાખ પૂરતો હતો, તો ચહેરા પરનું ત્રિપુંડ–ટીલાંટપકાં એ કર્મકાંડી હોવાનું જણાવતા હતા.

નગરશ્રેષ્ઠીની અનુભવી દૃષ્ટિએ પરખી લીધું કે આ ભૂદેવો ગામમાં પ્રથમ વાર જ આવ્યાનું લાગે છે. કેમ કે આજ સુધી ગામમાં આ ચહેરા ક્યારે ય જોવા મળ્યા નથી. 'अतिथिदेवो भव'ના સંસ્કાર ધરાવતા શ્રેષ્ઠીએ એમને ઘરે લઈ જઈ આગતા–સ્વાગતા કરવાનું વિચાર્યું. પણ સાથે જ બન્નેની પરીક્ષા કરવાનું ય વિચાર્યું.

એ વૃક્ષ નીચે બેસેલ પંડિત પાસે ગયા. ઘરે પધારવાનું– ભોજનનું આમન્ત્રણ આપ્યું અને પછી હળવેકથી પૂછ્યું : ''આ પેલા સ્નાન કરી રહ્યા છે એ ય મોટા પંડિત લાગે છે, નહિ?'' ''ના રે ના. એ વળી પંડિત શેનો? એ તો સાવ બળદિયો છે બળદિયો.'' ભૂદેવ તિરસ્કારથી ગર્જી ઊઠ્યા. થોડી વારે આ પંડિત સ્નાન માટે ગયા અને પેલા પંડિત સ્નાનથી પરવારીને વૃક્ષ નીચે આવ્યા. શ્રેષ્ઠીએ એમને પણ અતિથિસત્કારનો લાભ આપવાનું કહીને ધીમેથી પૂછ્યું : ''આ હમણાં સ્નાન કરવા ગયા એ ભાઈ પણ મોટા

પંડિત હોય એવું લાગે છે, ખરું ને?'' આ પંડિત પણ દ્વેષથી બોલી ઊઠ્યા : ''અરે! એ શેનો પંડિત? એ તો એક નંબરનો ગધેડો છે ગધેડો.''

યથાસમયે બન્ને પંડિતો શ્રેષ્ઠીને ત્યાં જમવા પધાર્યા. મોંઘા બાજોઠ અને ચાંદીના થાળ પર બિછાવાયેલ રેશમી વસ્ત્ર જોઈ બે ય ખુશખુશાલ થઈ ગયા. પણ... આ શું? વસ્ત્ર ઉઠાવતાં જ બન્ને પંડિતો નારાજ થઈ ગયા. કેમ કે એકના થાળમાં ઘાસ હતું અને બીજાના થાળમાં ભૂસું! નારાજ પંડિતો સામે ઊભેલ શ્રેષ્ઠીએ હાથ જોડી ઠાવકાઈથી કહ્યું : ''તમારા જેવાં મહાન વ્યક્તિત્વોને હું ક્યાંથી સમજી શકું? આ તો તમે જે પરિચય આપ્યો એ મુજબ પીરસ્યું છે. **તમારામાંથી જેમની ઓળખ મને બળદ તરીકે મળી એમને મેં ઘાસ પીરસ્યું છે અને જેમની ઓળખ ગધેડારૂપે મળી એમને મેં ભૂસું પીરસ્યું છે!**'' વાસ્તવિકતા સમજાતાં જ બન્ને ઈર્ષ્યાળુ પંડિતો શરમિંદા બની ગયા...

✤ ✤ ✤

નજરનો અંધાપો એક અપેક્ષાએ હજુ સારો કે જેમાં વ્યક્તિને સામેની વ્યક્તિનું સૌંદર્ય વગેરે ન દેખાય એટલી જ તકલીફ છે. જ્યારે ઈર્ષ્યાનો અંધાપો એનાથી અનેકગણો ખરાબ છે કે જેમાં વ્યક્તિને સામેની વ્યક્તિમાં પ્રત્યક્ષ જણાતી વિશેષતા તો ન દેખાય, ઉપરાંત ન હોય તેવી ખામીઓ દેખાય! જેમ બન્ને પંડિતોને પરસ્પરમાં રહેલ વિદ્વત્તારૂપ વિશેષતા ન દેખાઈ અને ન હતી એવી અક્કલહીનતા દેખાઈ એમ !

ઈર્ષ્યાથી ગ્રસ્ત વ્યક્તિ બે બાબતથી વંચિત રહી જાય છે : (૧) પ્રમોદભાવથી. એ અન્યોના ગુણને જોઈ શકતી નથી—ખમી શકતી જ નથી. ત્યાં એ અન્યોના ગુણોથી પ્રસન્ન થઈ જાય ને એની પ્રશંસા કરે એવી આશા ય શી રીતે રાખી શકાય? (૨) પ્રગતિથી. યાદ રાખજો કે ઈર્ષ્યાળુને પોતાની પ્રગતિમાં નહિ, અન્યોની અવનતિમાં રસ વધુ હોય છે ! આવી ઈર્ષ્યાને તો 'દિલવટો' જ અપાય ને?

■ ■ ■

# 26

પ્રાથમિક શાળામાં નાના બાળકોને ભણાવી રહેલ શિક્ષકે ઘડિયાળમાં જોયું તો ખ્યાલ આવ્યો કે જે વિષય ભણાવતો હતો તે ભલે પૂર્ણ થઈ ગયો. પરંતુ Period પૂરો થવાને હજુ આઠ–દશ Minuteની વાર હતી. શિક્ષક સંસ્કરણલક્ષી પ્રયોગો કરે એવા હતા. એથી એમણે એક નવો સંસ્કરણલક્ષી પ્રયોગ અજમાવતા બાળકોને કહ્યું :

‘‘હું તમને બે પ્રશ્ન પૂછીશ. જેને પહેલા પ્રશ્નમાં જવાબ આપવો હોય તે એમાં આંગળી ઊંચી કરે અને જેને બીજા પ્રશ્નમાં જવાબ આપવો હોય તે એમાં આંગળી ઊંચી કરે. પરંતુ બેમાંથી એક પ્રશ્નમાં તો Compulsory આંગળી ઊંચી કરવી જ પડશે.’’ બધા બાળકો હોંશે હોંશે તૈયાર થઈ ગયા.

શિક્ષકે પહેલો પ્રશ્ન કર્યો કે ‘‘સ્વર્ગે કોને જવું છે ?’’ જવાબમાં ફક્ત આંગળી જ ઊંચી કરવાની હતી. બાળકો નાના પણ રાઈના દાણા જેવા હતા. એ સમજી ગયા હતા કે હવે બીજો પ્રશ્ન ક્યો આવશે. એટલે પચાસમાંથી ઓગણપચાશ બાળકોએ આંગળી ઊંચી કરી. બાળકોનો આ પ્રતિસાદ શિક્ષકની ધારણા અનુસારનો હતો. એથી શિક્ષકને આનંદ થયો. એમને આશ્ચર્ય ફક્ત એક L.L.B. એટલે કે Lord of the last Bench બાળક માટે થયું. કેમ કે એણે એકલાએ જ આંગળી ઊંચી કરી ન હતી.

હવે શિક્ષકે બીજો પ્રશ્ન ક્યો કે ‘‘નર્કે કોને જવું છે?’’ પણ પેલો L.L.B. બાળક તો વિચિત્ર નીકળ્યો. એણે આ બીજા પ્રશ્નમાં ય આંગળી ઊંચી ન કરી. એ એમ જ બેસી રહ્યો. શિક્ષકે જરા ઉગ્ર સ્વરે એને પૂછ્યું : ‘‘કેમ? તને સૂચના ખબર નથી? બેમાંથી એક પ્રશ્નમાં જવાબરૂપે આંગળી ઊંચી કરવાની જ છે. બોલ, તારે ક્યાં જવું છે? સ્વર્ગે કે નર્કે?’’

બાળકે થથરતા થથરતા ત્રૂટક શબ્દોમાં ઉત્તર આપ્યો : ‘‘Sir ! મારી મમ્મીએ મને Schoolમાં મોકલતા પહેલા આજે કડક Warning આપી છે કે ખબરદાર! તું Schoolમાંથી છૂટીને ક્યાં ય ગયો તો. તારે Schoolમાંથી સીધા ઘરે જ આવવાનું છે. એટલે Sir ! મારે નથી જવું સ્વર્ગે કે નથી જવું નર્કે. મારે તો જવું છે મારે ઘરે!’’ પેલા L.L.B. બાળકે જવાબ આપ્યો.

કહેવાની જરૂર નથી કે એના આ જવાબથી પૂરા Classroomમાં હસાહસ ફેલાઈ ગઈ...

✤ ✤ ✤

આ રમૂજકથાના L.L.B. બાળકનું લક્ષ્ય એકદમ સ્પષ્ટ હતું કે ‘મારે ઘરે જ જવું’. એથી જ સ્વર્ગનું પ્રલોભન કે નર્કનો ડર, એના વિચારોમાં વિક્ષેપ ન લાવી શક્યો. આલબત્ત, એનું એ લક્ષ્ય ભયપ્રેરિત હતું એ કબૂલ. પરંતુ એનું લક્ષ્ય દઢ–મજબૂત હતું એ ચોકકસ કબૂલ કરવા જેવું છે.

દરેક આત્માર્થી આરાધકનું લક્ષ્ય આ બાળક જેવું જ દઢ–મજબૂત જોઈએ કે ‘મારે ય મારાં સાચાં ઘરે જવું છે’. સાચું ઘર એટલે મોક્ષ. એ એવું ઘર છે કે એક વાર એ પ્રાપ્ત થાય પછી કોઈ જ એ ઘર ખાલી ન કરાવી શકે. એટલે જ આ મોક્ષસ્થાન માટે ‘णमो त्थु णं’ સૂત્રમાં વિશેષણ અપાયું છે ‘अपुणराविती’. મતલબ કે જ્યાંથી ફરી પાછા ફરવાનું નથી એવું શાશ્વત ઘર. બાળકનું લક્ષ્ય ભયપ્રેરિત હતું, જ્યારે આપણું લક્ષ્ય ભાવપ્રેરિત હોવું જોઈએ.

■ ■ ■

# 27

એક યુવાન એવો હતો કે જે 'કેટલાક લોકો જાણે કે ખાવા માટે જ જીવતા હોય છે' આ કટાક્ષને સાર્થક કરતો હોય. મન ફાવે તેવી ચીજો મન ફાવે તેટલાં પ્રમાણમાં વાપર્યા કરવાની એની પદ્ધતિનું પરિણામ એ આવ્યું કે એનું વજન ૧૮૦ કિલોનું થઈ ગયું હતું. ચાલવાની વાત તો દૂર, ઘરના એક ખંડમાંથી બીજા ખંડમાં જવા પૂરતી ય ત્રેવડ એનામાં રહી ન હતી. બેસવું-ઊઠવું વગેરે બધી બાબતોમાં આ સ્થૂળતા એને નડતી હતી.

એમાં એક વાર એની નજર અખબારી જાહેરખબર પર ગઈ. એનું શીર્ષક હતું "'પતલા થવાના સો ઉપાયો' પુસ્તક : જૂજ નકલો બાકી હોવાથી તત્કાળ ખરીદો." યુવાનને લાગ્યું કે આ પુસ્તકની સૌથી વધુ જરૂર ખુદ એને જ છે. મહામહેનતે એ ઘરની બહાર નીકળ્યો. Taxiમાં પેલા પુસ્તકની દુકાન સુધી પહોંચવાની એની ધારણા હતી. પણ ત્યાં ય એની સ્થૂળતા એને નડી. કોઈ Taxiવાળો એની મેદસ્વી કાયા જોઈ લઈ જવા તૈયાર ન થયો. આખરે ચારગણું ભાડું ખર્ચી એ પેલા પુસ્તકની દુકાને પહોંચ્યો.

પણ રે નસીબ ! દુકાનદારનો સંપર્ક કરતા ખબર પડી કે એ પુસ્તકની છેલ્લામાં છેલ્લી નકલ દશ Minute પહેલા જ વેચાઈ ગઈ હતી. યુવાન નિરાશ થઈને બોલ્યો કે "જેને આ પુસ્તકની સૌથી વધુ જરૂર હતી એને જ આ પુસ્તક ન મળ્યું." યુવાનની હતાશા જોઈ દુકાનદારે એને હિંમત બંધાવી કે "તમે નિરાશ ન

થશો. એ પુસ્તક ભલે ઉપલબ્ધ નથી. પરંતુ તમને સહાયક થાય એવું બીજું પુસ્તક હું તમને આપું છું.''

આશાભરી નજરે યુવાન જોઈ રહ્યો. ત્યાં તો દુકાનદારે એને પુસ્તક એવું પકડાવ્યું કે એનું શીર્ષક વાંચતા જ યુવાનનો પિત્તો ફાટ્યો. એ પુસ્તકનું નામ હતું 'જાડા થવાના સો ઉપાયો.' યુવાન જોશભેર ચિલ્લાયો : ''મારી મશ્કરી કરો છો તમે? મારી આટલી સ્થૂળતા તમને ઓછી લાગે છે કે આવા પુસ્તક વળગાડો છો? મારે પતલા થવું છે પતલા, જાડા હરગિજ નહિ.'' દુકાનદારે બિલકુલ વિચલિત થયા વિના શાંતિથી સમજાવ્યું : ''જુઓ, આ પુસ્તક તમને પતલા થવામાં સહાયક બને તેવું જ છે. આમાં જે જે ઉપાયો લખ્યા છે એનાથી વિરુદ્ધ ઉપાયો તમારે કરવાના. એટલે તમને પતલા થવાના સો ઉપાયો મળી જશે ને તમે પતલા ય થઈ જશો!'' દુકાનદારનો તર્ક એવો કામ કરી ગયો કે યુવાન એ પુસ્તક ખરીદીને લઈ ગયો !

✤ ✤ ✤

હા, આ સૃષ્ટિમાં કેટલી ય બાબતો એવી હોય છે કે જે પહેલી નજરે જ આપણાં લક્ષ્યથી સાવ વિપરીત હોય. છતાં એના યોગ્ય ઉપયોગથી આપણું લક્ષ્ય સવાયું સિદ્ધ થાય. ઉદાહરણરૂપે છે ઝેર. જીવન ઈચ્છનારે આ ઝેરથી સદંતર દૂર રહેવું જોઈએ. છતાં નિષ્ણાત વૈદ્યો પૂર્વકાલીન રાજાઓને યોગ્ય માત્રામાં ઝેર આપતા રહી એવા બનાવી દેતા કે પછી કોઈ દુશ્મન એ રાજાઓનાં ભોજનમાં ઝેર ભેળવી દે તો ય એમની કોઈ અસર ન થાય.

અધ્યાત્મજગતમાં ય આવી એક બાબત છે. એનું નામ છે સ્નેહ. આ સ્નેહ રાગરૂપ હોવાથી વર્જ્ય છે અને 'સ્નેહરાગ પરિહરું' બોલ દ્વારા એનાથી દૂર થવાની ભાવના ય ઘુંટાય છે. પણ આ સ્નેહ મૈત્રીનું રૂપ પામે તો સૌની સાથે સ્નેહસંબંધ રાખવાનું જણાવાયું છે. આ સ્નેહ (=મૈત્રીભાવ)ના આધાર પર જ સાધુત્વની વ્યાખ્યા આ કરાઈ છે કે ''साधुत्वं किं नाम? सर्वजीवस्नेहपरिणामः.''

■ ■ ■

# 28

સમી સાંજે જંગલમાં એકલા–અટુલા પ્રવાસ કરી રહેલ માનવીની પાછળ ક્યાંકથી આવી ચડેલ એક ખુંખાર વાઘ પડ્યો. જીવ બચાવવા દોટ મૂકીને ભાગતો માનવી એક વિશાલ વૃક્ષ પર સલામતપણે ચડી ગયો. પરંતુ વાઘે એનો પીછો ન છોડ્યો. એ વૃક્ષ નીચે જ વાઘ રાત્રિના અંધકારમાં ઊભો રહ્યો. જાણે શિકાર ઝડપ્યા વિના એ પીછેહઠ કરવાનો ન હતો.

વૃક્ષ પર અગાઉથી જ એક વાનર પણ હતો. રાત્રે ક્યાંક ઊંઘતા ઝડપાઈ ન જવાય એ માટે વાનરે અને નરે પરસ્પર નક્કી કર્યું કે અર્ધી અર્ધી રાત બન્નેએ જાગતા રહેવું. કાંઈ ભય જેવી સ્થિતિ સર્જાય તો એકમેકને સાવધ કરવા. પહેલી અર્ધી રાત્રિ માનવ સૂતો અને વાનરે ચોકીદારી કરી.

કાલ્પનિક કથા કહે છે કે વાઘે વાનરને લલચાવતા કહ્યું : "આ માનવ તો નગરમાં વસનારો. આપણી જંગલવાસીઓની જાતથી સાવ અલગ. વળી સ્વાર્થી–લુચ્ચો ય ખરો. એક ધક્કો મારી એને નીચે ફેંકી દે. હું એનો શિકાર કરી તુર્ત ચાલ્યો જઈશ. તને પછી શાંતિ જ શાંતિ થઈ જશે." પણ ખાનદાન વાનર આ વિશ્વાસઘાત કરવા તૈયાર ન જ થયો.

માનવીનો જાગવાનો ક્રમ આવ્યો ત્યારે વાઘે એને જુદી રીતે લલચાવ્યો : "તારે તો બાલ–બચ્ચા પરિવાર છે. આ વાનરને કાંઈ નથી. તું એને ધક્કો મારી નીચે ફેંકી દે તો મારું પેટ ભરી હું ચાલ્યો



Gr-07 / Drashtant 01 to 60

જઈશ. તને પછી કોઈ જોખમ નહિ રહે.'' સ્વાર્થી માનવીએ વિશ્વાસઘાત કરી વાનરને ધક્કો માર્યો. પણ... વાનર વધુ ચાલાક નીકળ્યો. એ પૂંછડું ડાળ પર બરાબર વીંટાળીને સૂતો હતો. એથી આબાદ બચી ગયો. માનવી ભોંઠો પડી ગયો.

સવારે વાનરે, અપકાર પર ઉપકાર કરતો હોય એમ, માનવીને પોતાની પીઠ પર બેસાડી એક વૃક્ષથી બીજા વૃક્ષ પર કૂદકા લગાવતા સહીસલામત જંગલ પસાર કરાવી દીધું. શરમના માર્યા માનવીએ છૂટા પડવાની ક્ષણે માફી માંગી વાનરને કહ્યું : ''તું મારી પાસે કાંઈક માંગ. મારે આ ઉપકારનો બદલો વાળવો છે.'' વાનરે માત્ર એટલું જ કહ્યું : ''હવેથી ક્યારે ય એવું ન કહેતો કે અમારા પૂર્વજો વાનર હતા. માનવ જેવી કૃતઘ્ન પ્રજાના પૂર્વજો બનવાની અમારી હરગિજ તૈયારી નથી!''

માનવીની સ્થિતિ 'કાપો તો લોહી ન નીકળે' એવી થઈ ગઈ...

✤ ✤ ✤

ઉપકારી પર પણ અપકાર કરવાની સ્વાર્થી–વિશ્વાસઘાતી વૃત્તિ માનવીમાં કેવી બેહદ વકરી છે એનો નાદર નમૂનો આ કાલ્પનિક કથામાં પ્રતિબિંબિત થાય છે. શાસ્ત્રો આ વૃત્તિને કૃતઘ્નતા કહે છે. કૃતઘ્નતા એટલે ઉપકાર પર પણ અપકાર કરવાની વૃત્તિ. આજનો સ્વાર્થી માનવી એવી વૃત્તિ–એવું વલણ ધરાવે છે કે જે સીડીથી સફલતાની ટોચ સર કરી હોય એ સીડીને પછી લાત મારીને ગબડાવી દેવી. કારણ? એ જ કે એ સીડીનો ઉપયોગ કરી પછી કોઈ એની સમકક્ષ ન બની જાય. વસ્તુતઃ આ નકરી કૃતઘ્નતા છે.

સાચું વલણ એ છે કે જે સીડીથી સફલતાની ટોચ સર કરી હોય એ સીડીનો ઋણસ્વીકાર કરવાનો હોય, આભાર માનવાનો હોય. એક મજાનું સુવાક્ય આ નિર્દેશ બહુ સરસ રીતે કરે છે કે ''સીડીની ટોચે પહોંચેલ માનવી સીડીના પહેલા પગથિયાંનો પણ ઋણી હોવો જોઈએ.'' આને કહેવાય છે કૃતજ્ઞતા–ઉપકાર સ્વીકારવાની વૃત્તિ. આપણે સદા ય કૃતજ્ઞ બનીએ, કૃતઘ્ન કદી ન બનીએ.

■ ■ ■

29

હતો એ નીવડેલ સોની. ધંધાની બાબતમાં એ એવો પાકો કે 'સોની અને દરજી : સેરવ્યા વિના રહે જ નહિ' આ ઉક્તિ જાણે આવા સોની માટે જ રચાઈ ન હોય ! ઘરેણાં ઘડાવવા આવેલ વ્યક્તિ ભલે ને સામે જ બેસીને ચોકીપહેરો ભર્યા કરે. તો ય આ સોની પોતાનો કસબ અજમાવીને થોડુંક સોનું સેરવ્યા વિના ન રહે. એની દૃઢ માન્યતા એ હતી કે જો હું ગ્રાહકની નજર ચુકાવી થોડું ય સોનું ન સેરવી લઉં તો સાચો સોની નહિ.

વર્ષો બાદ એનો દીકરો વ્યવસાય સંભાળતો થઈ ગયો. એટલે સોનીએ ધંધામાંથી નિવૃત્તિ લઈ ધર્મમાં મન પરોવવા માંડ્યું. પણ... હજુ માયા છૂટતી ન હતી. એને મનમાં થયા કરતું કે 'દીકરો ધંધામાં હજુ નિષ્ણાત ન ગણાય. નાની–મોટી ભૂલ કરે તો હાજરી દુકાનમાં જરૂરી રહે. આણે ક્યાં આ જંજાળોમાં ફસાવું છે. માત્ર દીકરો ભૂલ કરે તો જ એને તૈયાર કરવાની ફરજ બજાવવાની છે.' આના ઉપાયરૂપે સોનીએ દુકાનમાં જ એક ખૂણે રામજીની છબી રાખી ત્યાં માળા ગણવાનું શરૂ કર્યું.

એક દિવસની વાત. સોની ખૂણામાં રામનામનો જાપ કરતો હતો. ત્યાં ખુદ એની દીકરી સાસરીમાંથી ઘરેણું ઘડાવવા આવી. પુત્ર મુંઝાયો કે સગી બહેનના દાગીનામાંથી સોનું સેરવું કે નહિ? દીકરાના ચહેરાના હાવભાવ પરથી સોનીએ માપી લીધું કે ભલભલાની નજર ચૂકવી સોનું સેરવવામાં પાવરધો બની ગયેલ

દીકરો અત્યારે લાગણીમાં તણાઈને કાચો પડી રહ્યો છે. સોનીએ મનોમન વિચાર્યું કે 'ધંધો એટલે ધંધો. એમાં લાગણી ન ચાલે : પછી ભલે ને સામે કોઈ પણ હોય!' પરંતુ દીકરાને આની સૂચના આપવી શી રીતે? દીકરી સામે જ ઊભી છે.

આખરે હોંશિયાર (!) સોનીએ ઉપાય શોધી કાઢ્યો. એણે રામજીની માળા પૂર્ણ કરતાં જોરથી પ્રાર્થનાના શબ્દો ઉચ્ચાર્યા કે "હે રામ! તારે તો બધા જ સરખા છે!" કહેવાની જરૂર નથી કે આ Green Signal મળી જતાં દીકરો સાનમાં સમજી ગયો અને સગી બહેનના ઘરેણાંમાંથી ય સોનું તફડાવ્યું...

✤ ✤ ✤

આ દૃષ્ટાંતની Punchline 'હે રામ! તારે તો બધા જ સરખા છે' જેમ બે અર્થ ધરાવે છે, એમ દૃષ્ટાંત પણ બે સાર ધરાવે છે. એક, સંસારમાં સર્વત્ર સ્વાર્થની બોલબાલા છે. સ્વાર્થની અસર એવી પ્રબળ છે કે એની સામે સગપણની અસર નાકામિયાબ નીવડે છે : જેમ આ દૃષ્ટાંતમાંના ભાઈ–બહેનનો સંબંધ નાકામિયાબ નીવડ્યો એમ. એથી જ તો લખાયું છે કે "સગું તારું કોણ સાચું રે, સંસારિયામાં..."

બીજો સાર છે નબળાં નિમિત્તોથી દૂર રહેવું. સોનીની ભાવના હતી નિવૃત્તિમાં ધર્મ–આરાધનાની. પરંતુ એના માટે એણે માયા–મમતાવશ દુકાનનું જે સ્થાન પકડ્યું એ નબળું નિમિત્ત હતું. માટે એના વિચારો–એનું ધ્યાન રામના બદલે દામમાં–રૂપિયામાં રહ્યું. શાસ્ત્રો આ જ કારણસર સામાયિક–પ્રતિક્રમણાદિ આરાધનાઓ બનતી શક્યતાએ ઉપાશ્રયમાં કરવાનું વિધાન કરે છે.

સાવધાન! આરાધનાઓ ઉપાશ્રય જેવાં ધર્મસ્થાનોમાં કરીએ. અને જો એવા પ્રકારના સંયોગોમાં ઘરે જ આરાધના કરવી પડે તેમ હોય તો મનને સત્ત્વશીલ–નિમિત્ત પર નજરે ય ન કરે તેવું બનાવી દઈએ. શાસ્ત્રોમાં આવતી શ્રાવકોની (૧) પ્રતિસેવનાનુમતિ (૨) પ્રતિશ્રવણાનુમતિ અને (૩) સંવાસાનુમતિ : આ ત્રણ ઉત્તરોત્તર ઉચ્ચ કક્ષાઓ આ જ નિર્દેશ કરે છે...

■ ■ ■

હતી એ એક શ્રીમંત–માલેતુજાર પિતાની તુંડમિજાજી પુત્રી. ત્રણ ભાઈઓ વચ્ચે એ એક જ બહેન હતી. એથી પરિવારજનોએ એને બહુ લાડ લડાવી મોંએ ચડાવી દીધી હતી. જીદ પણ એની જબરી અને ગુસ્સો પણ એનો જબરો. ગમે તેવી મોટી વ્યક્તિને ગમે તેમ કહી દેવામાં એને શરમ ન નડે. સમજદાર પિતાને દીકરીની આ વર્તણુંક પસંદ ન હતી. પરંતુ માતા વગેરેની ઘેલછા અને 'હજુ એ બાળક ગણાય' જેવી દલીલો સામે ઘણી વાર એ મજબૂર થઈ જતા.

દીકરી મોટી થઈ ત્યારે ય એની આ ખાસિયતો–આદતો જારી રહી. હદ તો ત્યાં આવી કે લગ્નના નિર્ણય સમયે એનો આ સ્વભાવ આડો આવ્યો. ભલભલા સારા શ્રીમંત પરિવારોએ દીકરીનો સ્વભાવ આગળ ધરીને માંગાં પાછા ઠેલ્યા. પિતા મનોમન દુઃખી થતા હતા કે શરૂઆતથી હું કહેતો હતો એ, પરિવારે માન્યું હોત તો આજે આ દશા ન આવત. છેવટે પિતાએ પોતાની ઉજળી શાખના જોરે દીકરીનાં લગ્ન સુયોગ્ય પાત્ર સાથે રંગે–ચંગે કરાવી તો દીધા. પરંતુ એમાં એમને બહુ બધી મહેનત પડી.

લગ્નના થોડા દિવસો બાદ દીકરી પિતા પાસે રડતી રડતી ફરિયાદ કરવા આવી. લગ્નના નિર્ણયમાં પિતાને જે પારાવાર મહેનત પડી હતી એનાથી સાવધ થઈ ગયેલ પિતાએ મનોમન નક્કી કર્યું હતું કે હવે જરૂર પડે તો દીકરીને આકરા પાઠ પણ ભણાવવા. એમણે દીકરીની વાતો સાંભળતા તારણ કાઢ્યું કે

આમાં જવાબદાર તત્ત્વ દીકરીનો બેફામ ગુસ્સો અને બેલગામ શબ્દો જ છે. દીકરીએ પિતાને ઉશ્કેરવા કહ્યું : ''અરે! છેલ્લી વારમાં તો તમારા જમાઈએ મને એક લાફો મારી દીધો. તમારા જેવા અબજોપતિની દીકરીને એ ફાલતુ માણસ લાફો મારી જ કેમ શકે? આમાં મારું નહિ, તમારું અપમાન છે. તમારે એનો બદલો લેવો જ જોઈએ.''

અત્યાર સુધી શાંતિથી વાત સાંભળતા પિતાએ ધડાધડ બે લાફા દીકરીને ઝીંકી દીધા. દીકરી ડઘાઈ ગઈ કે પિતાએ એકાએક મને લાફા કેમ માર્યા? પિતાએ ઠંડે કલેજે જવાબ દીધો : ''**એ ફાલતુ વ્યક્તિએ મારી દીકરીને એક લાફો માર્યો તો મેં એની પત્નીને બે લાફા મારીને હિસાબ વ્યાજ સાથે વસૂલ કર્યો!** એમાં ખોટું શું છે?'' દીકરી હબક ખાઈ ગઈ આ ઉત્તરથી. પિતાએ પછી સ્પષ્ટપણે કહ્યું : ''અબજોપતિની દીકરી હોવાની રાઈ મગજમાંથી કાઢી નાંખજે. તો તને મારો જમાઈ ફાલતુ માણસ નહિ, પણ પતિ લાગશે. વ્યવહાર નમ્રતાભર્યો રાખજે, તો આવી ફરિયાદ કરવા નહિ આવવું પડે.''

✤ ✤ ✤

સંપત્તિ નહિ, સંસ્કારો મહાન છે. અઢળક સંપત્તિ વ્યક્તિને સુખી નહિ કરી શકે, ઉમદા સંસ્કારો વ્યક્તિને જરૂર સુખી કરી શકે. માટે જ માતા-પિતા યા જવાબદાર વડીલોએ સંસ્કરણ માટે વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એક ચોટદાર સુવાક્ય આ અંગે બહુ સરસ વાત કરે છે કે ''સંતાનને સંસ્કાર-શિક્ષણ કાંઈ ન આપે એ પિતા અધમ છે... માત્ર શિક્ષણ આપે એ પિતા મધ્યમ છે... અને શિક્ષણ-સંસ્કાર ઉભય આપે તે પિતા ઉત્તમ છે...''

સંસ્કારો અંગે એક મહત્ત્વની વાત ખાસ યાદ રાખવી કે બીજ જેમ ફલદ્રૂપ ભૂમિમાં જ પાંગરે છે, ઉખર ભૂમિમાં નહિ. તેમ સંસ્કારો પણ પ્રાયઃ બાળવયમાં જ પાંગરે છે, મોટી વયે નહિ. માટે નવી પેઢીનાં સંસ્કરણ માટે બાળવયથી જ ધ્યાન કેન્દ્રિત કરવું. એક સંસ્કૃત સુભાષિત મજાની વાત કરે છે કે **ઘડો બની રહ્યો હોય ત્યારે એના પર કરેલ ચિત્રકામ જેમ આજીવન ટકી રહે છે, તેમ બાળપણમાં કરાતું સંસ્કરણ આજીવન ટકી રહે છે...**

■ ■ ■

31

એક પ્રૌઢ વયના કાકા સવાર સવારમાં દુકાને પહોંચવા એકદમ ઝડપભેર જઈ રહ્યા હતા. માર્ગ પર વધુ પડતી ચહલપહલ અને ઉતાવળે પહોંચવા માટે ખૂબ ઝડપ : એનાં કારણે કાકાને ધ્યાનફર્ક થયો અને એમનો પગ કેળાની છાલ પર આવી ગયો. ઝડપનાં કારણે એ એટલા જોરથી પટકાયા કે કોઈ કિંમતે જાતે બેઠા ય ન થઈ શક્યા. પારાવાર પીડા અને પરાધીનતા : કાકા વિમાસણમાં પડી ગયા કે હવે કરવું શું?

ત્યાં નસીબજોગે આસપાસમાંથી ચાર-પાંચ સેવાભાવી યુવાનો દોડતા આવી ગયા. એમણે કાકાને સાચવીને ઊંચકી લીધા અને સામે જ આવેલ હાડવૈદ્યનાં દવાખાને પહોંચાડ્યા. હાડવૈદ્યે કાકાની સ્થિતિનું બરાબર નિરીક્ષણ કરી હાડકું તૂટ્યું હોવાનું નિદાન કર્યું. વૈદ્યે હાડકું બરાબર યથાસ્થાને બેસાડી કચકચાવીને પાટો બાંધી દીધો, પીડા શમાવતી દવા આપી અને એકવીશ દિવસ અનિવાર્ય બાબત સિવાય જરા ય હલન-ચલન ન કરવાની સૂચના કરી. આ બધી ગતિવિધિ દરમ્યાન પેલા સેવાભાવી યુવાનોની સેવા નોંધપાત્ર રહી. દરેક બાબતોમાં એમણે સક્રિય સેવા તો આપી. ઉપરાંત આ દરમ્યાન, કાકાના સગા-સંબંધીઓને Phoneથી જાણ કરી દવાખાને બોલાવી પણ લીધા.

પાટાપીંડી બાદ ઘરે જવાની ક્ષણો આવી ત્યારે ગાડીમાં બેસતા પૂર્વે કાકાએ કૃતજ્ઞતાભર્યો વિચાર કર્યો : "આ યુવાનો

કેટલા સેવાભાવી છે. એ ન હોત તો સારવારથી લઈને સ્વજનો સુધીની એક પણ વાત તાત્કાલિક શક્ય ન બની હોત. મારે એમની કદર કરવી જોઈએ.'' સ્વજનો સારી એવી રકમ લઈને જ આવ્યા હતા. કાકાએ એમાંથી દરેકને પાંચસો–પાંચસો રૂપિયાની બક્ષિસ આપીને સ્વાભાવિક પૂછ્યું : ''આમ તમારો વ્યવસાય–કામ ધંધો શું છે ?''

''બસ, આ જ કે રાત્રે આ વિસ્તારમાં આંતરે આંતરે કેળાની છાલો મૂકી જવી અને દિવસે તમારા જેવા કો'ક પટકાય તો એને સારવાર માટે આ હાડવૈદ્યના દવાખાને લઈ આવવા. ઘરાક લઈ આવવા દીઠ હાડવૈદ્ય તરફથી અમને નક્કી કરાયેલ રકમ મળે છે અને તમારા જેવા ઉદાર લોકો અમને બક્ષિસ આપે તો એ નફામાં. આ છે અમારો ધંધો !'' પેલા યુવાનોએ પોતાનો 'ધંધો' બતાવ્યો.

કાકાની આંખો ચાર થઈ ગઈ આ સેવાભાવી યુવાનોનો 'ધંધો' સાંભળીને...

✤ ✤ ✤

આ સૃષ્ટિમાં બધા જ લોકો કાંઈ દેખાય છે એવા સરલ–સીધા સેવાભાવી–પરોપકારી નથી હોતા. કેટલાક તો એવા હોય છે કે જે પરોપકારના–સેવાના વાઘા પહેરીને નિજી સ્વાર્થ સિદ્ધ કરવા, વિના કારણે આપણને મુસીબતોના કૂવામાં ઉતારી દે : આ રમૂજકથાના વૈદ્ય અને યુવાનોની જેમ. આવાઓ માટે જ જાણે રચાઈ લાગે છે પેલી પંક્તિઓ કે :–

ખીલીને ફુલ બીજાને સુવાસ આપે છે,  
બળીને દીપક બીજાને ઉજાશ આપે છે;  
ફક્ત એક માનવી જ એવો છે આ દુનિયામાં,  
જે જીવીને બીજાને ત્રાસ આપે છે !

આપણે માત્ર બે જ કાર્ય કરી શકીએ. એક, સાવધાની રાખી આવાં તત્ત્વોની ચુંગાલમાં સપડાતા બચી જઈએ. અને બે, પ્રાર્થના કરીએ પ્રભુને કે ''सबको सन्मति दे भगवान.''

■ ■ ■

# 32

હતા એ Supreme Courtના મુખ્ય ન્યાયાધીશ. ભલભલા વકીલોની ઉટપટાંગ વિચિત્ર દલીલોથી ગુંચવાતા જતા Caseમાં ખરેખરી સચ્ચાઈ શું છે એ પરખવામાં ય તેઓ પાવરધા હતા, તો પરખાયેલી સચ્ચાઈને કાયદાનું પીઠબળ આપી સત્યને અનુસરતો ચુકાદો આપવામાં ય એ માહેર હતા. એમની છાપ ઉચ્ચ બુદ્ધિમત્તા અને નીડરતા ધરાવતા પ્રામાણિક ન્યાયાધીશ તરીકેની હતી.

પણ... એક દિવસ આ Supreme ન્યાયાધીશને બહુ વિ–લક્ષણ કેસમાં અટવાઈ જવાનું થયું. બન્યું એવું કે Courtનું કામકાજ પૂર્ણ કરી ન્યાયાધીશ હજુ તો એના વિશાલ બંગલામાં દાખલ થયા ત્યાં તો એમનો એકનો એક લાડકવાયો નાનકડો દીકરો રડતા ચહેરે દોડતો આવી ન્યાયાધીશને વળગી પડતા બોલ્યો :

‘‘પપ્પા, પપ્પા ! તમે બહુ મોટા ન્યાયાધીશ છો. આજે મને ન્યાય આપો.’’

‘‘કેમ? શું થયું બેટા?’’ ન્યાયાધીશે નાનકડા દીકરાના આવા શબ્દોથી આશ્ચર્ય અનુભવતા પૂછ્યું.

‘‘એવું છે ને પપ્પા! કે દરેક વખતે મમ્મી મને અન્યાય જ કરે છે. કાલે કાચના Glassને મારો તો જરાક જ ધક્કો વાગ્યો હતો, તો મમ્મી કહેવા માંડી કે ‘‘Glass મેં જ તોડ્યો છે.’’ બે દિવસ પહેલા

બાજુના બંગલાવાળા પિન્ટુ સાથે રમતા રમતા ઝઘડો થયો તો મમ્મીએ કહી દીધું કે ''તોફાનની શરૂઆત તેં જ કરી છે.'' દરેક વખતે એ મારી વાત પૂરી સાંભળ્યા–સમજ્યા વિના જ એનાં મનમાં આવે એવો ચુકાદો આપી દે છે. મને દર વખતે અન્યાય થાય છે. આજે તમારે મને ન્યાય આપવાનો છે.

નાનકડા દીકરાની લાં...બી લાં...બી વાત સાંભળ્યા પછી પિતાએ એને વહાલથી તેડી લેતાં મસ્ત વાત કરી : ''બેટા! પહેલા તું Courtની દુનિયાનો એ નિયમ ખાસ સમજી લે કે High Courtના ચુકાદા સામે Supreme Courtમાં અપીલ ચોક્કસ કરી શકાય. પરંતુ Supreme Courtના ચુકાદા સામે High courtમાં અપીલ ન કરી શકાય!''

બિચારો બાબો! એને હવે ખબર પડી કે બહાર Supreme Courtના ચીફ જજ રૂપે ઓળખાતા એના પપ્પાની ઘરમાં હેસિયત માત્ર High Courtની હતી. ઘરની ખરી Supreme Court એની મમ્મી જ હતી!

✤ ✤ ✤

જૂની કહેવત ભલે એમ કહેતી હોય કે 'ઘરમાં વાઘ અને બહાર બીલ્લી.' પરંતુ મહદંશ પરિવારોમાં આજની વાસ્તવિકતા અલગ છે. એ વાસ્તવિકતા ઝીલતી આ બે વાત ખાસ વાંચવા જેવી છે : એક, ગુજરાતી હાસ્યનાટિકાઓ પૈકી એકનું શીર્ષક આ છે કે 'પતિ થયો એટલે પતી ગયો...' બે, લગ્નને લાકડાના લાડુરૂપે સરખાવી એક હીંદી કહેવત આમ જણાવે છે કે ''लक्कडका लाड्डु, नहि खायेगा वो पछतायेगा; मगर खायेगा वो तो डबल पछतायेगा।''

આશ્ચર્ય માત્ર એટલું જ છે કે બહારની દુનિયામાં માત્ર એકાદ વાર થયેલ અપમાનને Issue બનાવી લડી લેવા દ્વારા બધું ખેદાન–મેદાન કરવા મચી પડતો માનવી ઘરમાં ડગલે ને પગલે અપમાન–તિરસ્કાર–અવહેલનાના ઘૂંટડા ચૂપચાપ પી લે છે. નથી ત્યાં એને વૈરાગ્ય આવતો, નથી ત્યાં ઉદ્વેગ પ્રગટતો. એ જાણે મજબૂરીથી કહી રહ્યો છે કે :–

जिसमें तार नहि उस सूइसे, हम सीये जा रहे है।
और जिसमें सार नहि उस संसारमें, हम जीये जा रहे है।।

■ ■ ■

નોકરી માટે Interview આપવા ગયેલ યુવક સાથે બીજી બધી મહત્ત્વની વાતો થઈ ગયા બાદ કંપનીના માલિકે છેલ્લે એક મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો : ''તને કોઈ વ્યસન તો નથી ને ?''

''ના, ના. ફક્ત મને એલચી વાપરવાની થોડી આદત છે.'' યુવાને ઉત્તર આપ્યો.

''બસ, એલચી જ ને ? એ તો કાંઈ વ્યસન ના કહેવાય. પરંતુ તને એ સતત વાપરવાની આદત તો નથી ને ?'' માલિકે જરા ચોકસાઈ કરી.

''એમાં એવું છે કે એલચી મારે સતત ન જોઈએ. આ તો Cigarette પીધા બાદ મુખમાં વાસ આવતી હોય ત્યારે એલચી જોઈએ.'' યુવાન પ્રકાશ્યો.

માલિકના ચહેરા પર નારાજગીભર્યું આશ્ચર્ય ફેલાયું. એ બોલ્યા : ''તો તું Cigarette પણ પીએ છે, એમ ને ?''

''આમ તો Cigarette નથી પીતો. પણ ક્યારેક હલકી જાતનો દારુ પીવાઈ ગયો હોય ને, ત્યારે Cigaretteના કશ ખેંચી લેવા પડે.''

''બાપ રે! તો તું દારુ ય પીતો લાગે છે, ખરું ને ?''

''જુઓ, ઘરમાં તો મેં ક્યારે ય દારુ પીધો ન હતો. પણ શું છે કે

એક વાર જેલમાં હતો ને, ત્યાં બીજાઓ સાથે દારુની શરૂઆત કરી હતી.'' યુવાને કોથળામાંથી નવું બિલાડું કાઢ્યું.

માલિકના ચહેરાની રેખાઓ તંગ થઈ ગઈ. એ હવે ગુસ્સાથી બોલ્યા : ''અરે રે ભગવાન! તું તો જેલમાં જઈ આવેલો નમૂનો છે એમ.''

''એમાં એવું હતું કે એક વાર કોઈનું wallet ચોરતા પકડાઈ ગયો હતો. એમાં એ જેલ થઈ હતી.''

માલિક હવે વિફર્યા. એમણે તાડૂકીને કહ્યું : ''એટલે તેં ચોરીમાં ય હાથ અજમાવ્યો છે, એમ ને? તારા જેવાને નોકરીમાં શે રાખવા?''

''સાહેબ ! વાત એમાં એવી બની હતી કે હું વેશ્યાવાડે ગયો હતો અને પૈસા ખૂટી ગયા હતા. એટલે પછી મારે ચોરીનો દાવ ખેલવો પડ્યો.''

''હાય હાય. તું તો તમામ અનિષ્ટોનો ભંડાર લાગે છે. મારે તને મારી officeમાં એક minute પણ રાખવો નથી. નીકળ બહાર અહીંથી.'' શેઠનો પિત્તો હવે સાતમા આસમાનને આંબી ગયો...

✤ ✤ ✤

આપણને હસવું આવે આ 'એલચીના વ્યસની' યુવાનની વાતો પર કે જેનાં કરતૂતોની એક આખી કરમકથા છે અને છતાં એણે શરૂઆતમાં 'કોઈ વ્યસન નથી, માત્ર એલચીની થોડી આદત છે' જેવી વાહિયાત વાત બે-ધડક કરી. ઉપરાંત દરેક વ્યસનો 'માત્ર કોઈ કારણ આવ્યું માટે સેવ્યા' નો લૂલો બચાવ કર્યો. વસ્તુતઃ આ સમગ્ર રજૂઆતમાં વ્યસની વ્યક્તિની માનસિકતા પ્રતિબિંબિત થાય છે કે એને ય પોતે વ્યસની હોવાની વાત સ્વીકારવી નથી હોતી અને ક્યાંક સ્વીકારવી પડે તો લૂલાં બચાવકારણોથી જાતને ગુનેગાર ઠરતી બચાવવી છે.

સાવધાન! માનસિકતા આ રાખો કે ગમે તે રાખો. પરંતુ એક વાત ચોક્કસ છે કે વ્યસન જીવનની ખાનાખરાબી કર્યા વિના રહેતું નથી...

■ ■ ■

# 34

નવા દૂધવાળા ભૈયાએ રોજની દૂધ પહોંચાડવાની જવાબદારી એટલી નિયમિતતાથી સંભાળી લીધી હતી કે ઘરમાલિક શેઠ એ વાત આસાનીથી વીસરી ગયા કે માનવી યન્ત્ર નથી. યન્ત્ર પણ ક્યારેક અટકી જાય, સમય પર કામ ન આપે. તો માનવી પણ ક્યારેક સમય પર કામ ન કરી શકે. શેઠનાં મનમાં એ જ વાત જડબેસલાખ જામી ગઈ હતી કે આ ભૈયો એક Minute પણ Late ન થાય.

અને... એક દિવસ બન્યું કે ભૈયો એક Minuteના બદલે પૂરી ત્રીશ Minute Late થયો. યોગાનુયોગ એ જ દિવસે શેઠને અગત્યનાં ઘણાં કાર્યો માટે વહેલાસર બહાર જવું પડે એમ હતું. એમાં આ ‘દુષ્કાળમાં અધિક માસ’ જેવી વાત બનતાં શેઠ પૂરેપૂરા પરેશાન થઈ ગયા.

બરાબર અર્ધા કલાકના વિલંબે ભૈયાનું આગમન થયું ત્યારે, અકળાઈ ઊઠેલ શેઠે નારાજગીથી ફરિયાદ કરી : “કેમ આજે જ આટલો બધો વિલંબ? સૂઈ ગયો હતો કે શું?”

“ના શેઠ! ફરજ પ્રત્યે આટલો બધો બે-દરકાર રહું એમાંનો હું નથી. પરંતુ તમારે ય સમજવું જોઈએ કે ક્યારેક કોઈ વાર કારણસર વિલંબ થાય પણ ખરો. બાકી તમે જ વિચાર કરો કે આજ સુધી હું ક્યારે ય Late થયો છું ખરો?” ભૈયાએ મક્કમતાથી પોતાની વાત રજૂ કરી.

પણ... શેઠને કારણની વાત દિમાગમાં બેસતી ન હતી. એમણે નારાજગીનો દોર લંબાવતા કહ્યું : ‘‘તારો વ્યવસાય દૂધનો હોવાથી બધાં કારણ બાજુ પર રાખી તારે પહેલું કાર્ય વ્યવસાયનું કરવાનું હોય છે. તું એ જ કરે છે. બીજી વાત એ કે વહેલી સવારે ૫.30 કલાકે તને કોઈ અગત્યનું કાર્ય આવી પડે એ જલ્દી શક્ય નથી જણાતું. રહી વાત દૂધની, તો ગાયો તારી પોતાની જ ગોશાળામાં છે. તારે એના માટે ય કોઈના પર Depend રહેવાનું નથી. તો પછી વિલંબ થાય શી રીતે ?’’

શેઠની પ્ર–લંબ દલીલોથી ભૈયાનું મગજ ભમી ગયું. એટલે જે કારણ ખરેખર બન્યું હતું અને કહેવા જેવું ન હતું એ પણ એનાથી બોલાઈ ગયું કે ‘‘બાપા ! ગાયો ભલે મારી છે, પણ Municipalityની પાણી પહોંચાડવાની વ્યવસ્થા મારી નથી. નળમાં પાણી જ સમયસર ન આવ્યું એમાં મારો શો વાંક ?’’

શેઠને હવે તમ્મર આવી ગયા કે આજ સુધી જેને ગાયનું શુદ્ધ દૂધ આપતો માનીને પૈસા ચુકવ્યા એ તો પાણીની ભારોભાર ભેળ–સેળ સાથે દૂધ આપે છે.

✤ ✤ ✤

આજનો યુગ જાણે કે ભેળસેળનો યુગ છે. અહીં દૂધ ભેળસેળવાળું હોય છે, તો ઘી પણ ભેળસેળવાળું હોય છે; શ્વાસ માટેની હવા પણ પ્રદૂષિત હોવાથી ભેળસેળમય છે, તો માણસ પણ ભેળસેળવાળા છે ! જે વ્યક્તિને Pure સજ્જન સમજીને વ્યવસાયમાં ભાગીદાર બનાવ્યો હોય એ જ વ્યક્તિ દુર્જનતા દર્શાવી એવાં કરતૂતો કરે કે આપણને ત્યારે તમ્મર આવી જાય : જેમ દૂધ–પાણીની ભેળસેળ સાંભળી શેઠને તમ્મર આવી ગયા એમ.

પણ... સાવધાન ! બે વાત ખ્યાલમાં રાખજો. બધા જ માનવો Double Standard ધરાવતા હોય એવું શંકાશીલ મગજ બનાવવાની કોઈ જરૂર નથી. કેટલાક સાચદિલ માનવો બિલકુલ Pure હોઈ/રહી પણ શકે છે. બીજી વાત એ કે આપણે પોતે Double Standard વાળા હોઈએ તો એમાંથી મુક્ત થઈ સચ્ચાઈથી જીવવા પ્રયાસ કરીએ. પેલી English કહેવત પણ એ જ ઊક્તિનો નિર્દેશ કરે છે કે Charity begins at Home.

■ ■ ■

# 35

ઉનાળાની ભયાનક ગરમીના દિવસો હતા અને ટાંકણે જ બપોરે બાર વાગ્યે Light ગઈ. પંખા ય બંધ થઈ ગયા અને A.C. પણ. ભાઈના દેહ હિમાલયમાંથી પ્રસ્વેદની ગંગાનદી પૂરજોશમાં વહેવા માંડી. ત્રાસ ત્રાસ પામી ગયેલ ભાઈ બફારામાં થોડી રાહત મેળવવા Balcony માં જઈને ઊભા રહ્યા.

બરાબર એ સમયે રાજમાર્ગ પર હાથપંખાઓ લઈને એક ફેરિયો પસાર થઈ રહ્યો હતો. એ પોતાની વ્યાવસાયિક જાહેરાત ઉચ્ચે સ્વરે જોર–શોરથી કરતો હતો કે ''માત્ર પાંચ રૂપિયામાં હાથપંખો ખરીદો. એની વિશેષતા એ છે કે પંખો જિંદગીભર ચાલશે! પાંચ રૂપિયામાં જિંદગીભરનો લહાવો લો.''

ભાઈને આ જાહેરાતના 'પાંચ રૂપિયા...જિંદગીભર ચાલશે' આ બે શબ્દો ખૂબ પસંદ આવી ગયા. પાંચ રૂપિયા બહુ મામુલી રકમ છે અને એમાં જિંદગીભર ચાલે એવો પંખો મળતો હોય તો એના જેવું રૂડું શું? આવી કાળ–ઝાળ ગરમીમાં ક્યારેક Light જાય ત્યારે તો એ બહુ કામ આવે. આવું વિચારી ભાઈ તુર્ત નીચે દોડી ગયા અને પાંચ રૂપિયાનો પંખો ખરીદ્યો. ત્યારે પણ ભાઈએ ફરી ખાતરી માંગી કે ''આ પંખો જિંદગીભર ચાલશે ખરો ને?'' ''હા, હા. બિલકુલ બેફિકર રહો. આ જિંદગીભર ચાલશે.''

હાથપંખાવાળો બાજુની ગલીમાં પ્રવેશ્યો અને ભાઈ ગયા ઘરની Balconyમાં. બહુ જ વિશ્વાસથી એમણે હાથપંખો ફેરવવા માંડ્યો. મનને તો ખાતરી હતી ને કે આ હાથપંખો જિંદગીભર ચાલવાનો છે.

પણ... આ શું? ત્રીજી વાર પંખો જરા જોરથી ફેરવ્યો. ત્યાં તો એ તૂટી ગયો. ભાઈનો ગુસ્સો બપોરની એ ગરમીની જેમ ટોચ પર પહોંચી ગયો કે આવા ને આવા લુચ્ચાઓ જૂઠું બોલી માલ ખપાવે છે. પાંચ રૂપિયા ગયા એના કરતાં ય સામાન્ય–મુફલીસ માણસ પોતાને ઉલ્લૂ બનાવી ગયો એનો ગુસ્સો ભાઈને ઝાઝો હતો. એ દોડતા નીચે ઉતર્યા ને બાજુમાં ગલીમાં ગયા. પેલો 'કલાકાર' ત્યાં ય જાહેરાતોમાં બેધડક બોલતો હતો કે ''જિંદગીભર પંખો ચાલશે.''

ભાઈ ગુસ્સામાં ફેરિયાની ફેંટ પકડીને તાડૂક્યા : ''હરામખોર! જૂઠું બોલીને દુનિયાને છેતરે છે?''

''કેમ? શું થયું ?'' ફેરિયાએ તદ્દન અજાણભાવે, ભાઈને જાણતો જ ન હોય એમ પૂછ્યું.

ભાઈએ તૂટેલ પંખો બતાવતા કહ્યું : ''હજુ હમણા જ તારી પાસેથી આ પંખો ખરીદ્યો ને ત્રણ Minuteમાં એ તૂટી ગયો. તું પાછો બધે 'જિંદગીભર ચાલશે'ની Guaranty આપે છે.''

ફેરિયાએ જરા ય ગભરાયા વિના ગજબ ખુલાસો કર્યો કે ''સાહેબ ! આમાં સમજફેર તમારી છે, મારી નહિ. 'જિંદગીભર ચાલશે' નો અર્થ એ છે કે જ્યાં સુધી પંખાની જિંદગી હશે ત્યાં સુધી એ ચાલશે. એની જિંદગી પૂરી થશે એટલે એ ખતમ થઈ જશે. હું ક્યાં ય ગ્રાહકની જિંદગી સુધી ચાલશે એવું બોલ્યો જ નથી!''

ભાઈને હસવું કે રડવું એ જ સમજાયું નહિ ફેરિયાના આ ચાલાક ઉત્તર પર...

✤ ✤ ✤

આ રમૂજકથા બહુ પ્રેરક સંદેશ એ આપે છે કે જાહેરાતમાંની લલચામણી વાતોમાં બુદ્ધિ ગીરવે મૂકી કદી અંજાઈ ન જવું. કેટલાક જ્યોતિષીઓ આજે ય જાહેરાતોમાં લખે છે કે ''સો ટકા સાચી આગાહી. જો આગાહી ખોટી પડે તો પૈસા પાછા.'' આવી જાહેરાતોને બુદ્ધિ ગીરવે મૂકી કદી સાચી ન માની લેવી. બલ્કે એનો સાર માત્ર એ જ તારવવો કે 'આ માલ વેચવાની તરકીબ છે.' જો એ જાહેરાતને ખરેખર સાચી માની લીધી તો ભરપૂર પસ્તાવાનો વારો આવશે : જેમ પેલા ભાઈને પસ્તાવાનો વારો આવ્યો એમ.

■ ■ ■

# 36

મંછાશંકર બ્રાહ્મણ જન્મથી લઈને મૃત્યુ સુધીના સંસ્કારોનાં વિધિવિધાનમાં કુશલ વિદ્વાન હતા. ક્રિયાકાંડ એમનો મુખ્ય અને પ્રિય વિષય. વિધિવિધાન એવાં તન્મયતાથી કરાવે કે બધા ય ની પહેલી પસંદગી એમના પર રહેતી. એમનું નામ પણ આસપાસના ગામોમાં ખૂબ પ્રસિદ્ધ.

આવા વિદ્વાન મંછાશંકર એક સવારે ઊઠતાંવેંત આફતમાં સપડાયા. સવારે ઊઠીને એમણે ભગવાનનું નામ લીધું અને જ્યાં ઘરનું મુખ્ય પ્રવેશદ્વાર ખોલ્યું ત્યાં એમની આંખો વિસ્ફારિત થઈ ગઈ અને ચહેરા પર ગમગીની છવાઈ ગઈ. કારણ કે પ્રવેશદ્વારથી પાંચ જ Feet દૂર એક ગધેડો મરેલ પડ્યો હતો. પંડિતજી થોડા આકુલ–વ્યાકુલ થઈ ગયા. મૃત પ્રાણીને પોતે હાથ લગાડે–ધક્કો મારી ખસેડે એ તો શક્ય જ ન હતું. એમના જેવો શુચિવાદી બ્રાહ્મણ સ્વપ્નમાં ય આવું વિચારી ન શકે. બીજી બાજુ મુશ્કેલી એ હતી કે ગધેડો આમ જ ઘર સામે બે–ત્રણ કલાક પડ્યો રહે તો વાતાવરણમાં દુર્ગંધ ફેલાય. પોતાના જેવા શુચિવાદી બ્રાહ્મણના ઘર સામે ગધેડો મૃત પડ્યો રહે એ એમને બિલકુલ પરવડે એમ ન હતું.

અર્ધો કલાકે એમણે Municipalityના મૃતદેહો ઉઠાવનાર વિભાગનો Phone Number મહામહેનતે મેળવ્યો અને ત્યાં Phone કર્યો. બનવાકાળ એવું થયું કે Phone ઉઠાવનાર કર્મચારી મશ્કરા સ્વભાવનો હતો. મંછાશંકરનું નામ સાંભળી અને

ગધેડાના મૃતદેહની વાત જાણી એને આ ઘટના મંછાશંકરની કારકીર્દિ સાથે જોડી દેવાનું મન થયું. એણે ઠાવકા સૂરે કહ્યું : ‘‘પંડિતજી ! આમાં મને phone કરવાની શી જરૂર છે? તમે પોતે જ તો અંતિમ સંસ્કારનાં વિધાનમાં માહેર છો. તમે જ વિધિ કરી લો ને ?’’ આટલું બોલવા સાથે એણે ખડખડાટ હાસ્ય વેર્યું.

પેલા કર્મચારીને પંડિતજીનાં કાર્યક્ષેત્રનો ખ્યાલ હતો, એમની હાજરજવાબીનો નહિ. પંડિતજી બિરબલ જેવી હાજરજવાબી બુદ્ધિ ધરાવતા હતા. કર્મચારીએ મશ્કરી દ્વારા પોતાનું અપમાન કર્યાનું સમજી ગયેલ પંડિતજીએ તુર્ત હાજરજવાબીનું બાણ તાકતા કહ્યું : ‘‘વિધિનું તો હવે સમજ્યા. પરંતુ મારો એક રિવાજ છે કે વિધિ કરતાં પૂર્વે મરનારના સગા-સંબંધીને મૃત્યુની જાણ કરવી. બસ એટલે જ મેં તમને આ phone કર્યો છે.

પથ્થરનો જવાબ ઈંટથી આવતા પેલા મશ્કરા કર્મચારીને ચૂપકીદી પકડવી પડી...

✤ ✤ ✤

આ રમૂજકથા વચનનાં ક્ષેત્રે બે સાર બહુ મહત્ત્વના દર્શાવે છે : એક એ કે ઉતાવળે સામી વ્યક્તિનું અપમાન થાય તેવા શબ્દો ન બોલો. કારણ, શક્ય છે કે એનાથી સવાયા ખતરનાક શબ્દો ખુદ તમારા પર પણ આવે. કોઈ પણ વ્યક્તિને નજરઅંદાજ ન કરો. બની શકે કે એની વળતો પ્રહાર કરવાની બુદ્ધિશક્તિ તમારાથી ચડિયાતી હોય. યાદ રહે કે બુદ્ધિ કોઈના બાપ નથી. એ બુદ્ધિના સહારે વ્યક્તિ જીવનભર ચમચમે એવા શબ્દપ્રહારો પણ કરી શકે. માટે યાદ રાખો આ સંદર્ભમાં પેલી પ્રસિદ્ધ ઉક્તિ કે **‘શેરના માથે સવાશેર.’**

બીજો સાર એ કે શબ્દ શ્રુતજ્ઞાનનું રૂપ છે. એ જ્ઞાનનો દુરુપયોગ શાને કરવો? ભલે ને સામી વ્યક્તિ સામનો ન કરી શકે તેવી હોય, તો ય કોઈને ઊતારી પાડતા-અપમાનિત કરતા શબ્દો ન જ ઉચ્ચારવા. આ સંસ્કારિતા છે. પેલી પંક્તિઓ આ પ્રેરણા સરસ રીતે કરે છે કે :-

**ધન્ય જીભ તો તેને કહીએ, વાણી વિમલ ઉચ્ચારતી રે;**
**પાપ-તાપ-સંતાપ મીટાવી, તન-મન શીતલ કરતી રે...**

■ ■ ■

# 37

નગરના ચોકમાં લોકોની ચહલ-પહલ વચ્ચે ય દરિદ્ર પરિવારનો સભ્ય ખેલ કરીને લોકોનું ધ્યાન પોતાના તરફ આકર્ષી રહ્યો હતો. પોતાના ખેલમાં અત્યંત કૌશલ્ય ધરાવતો એ યુવાન સભ્ય બે કાષ્ઠસ્તંભ વચ્ચે બાંધેલ નાનકડી દોરી પર, રાજમાર્ગ પર ચાલતો હોય એ અદાથી, જે રીતે દોડાદોડ કરી ખેલ દર્શાવતો હતો એનાથી સહુ કોઈ બે-પાંચ ક્ષણ તો આશ્ચર્યચકિત થઈ જ જતા હતા. નીચે જોરશોરથી ઢોલ બજે અને ઉપર પેલા યુવાનનો કરતબ ચાલે.

પણ ભલા, દરેકની નજર કાંઈ એકસરખી થોડી હોય છે? એમાંના જે કદરદાન હતા એ ભાવના મુજબ બે-પાંચ રૂપિયા પેલા દરિદ્ર પરિવારની ઝોળીમાં મૂકી જતા, જે માત્ર પંચાતપ્રિય હતા એ 'બહુ ગરીબ લાગે છે આ લોકો' કહીને નીકળી જતા; તો જેઓ અતિ વ્યસ્ત હતા તેઓ માત્ર ઝલકરૂપે આ ઘટના નિહાળી આશ્ચર્યના ભાવો ઝીલતા ઝીલતા મૌનપણે ત્યાંથી વિદાય થઈ જતા. પણ એમાં ત્રણ સભ્યોની એક ટોળીની નજર આ ઘટના પર બરાબર સ્થિર થઈ ગઈ. એમની નજરે નક્કી કરી લીધું કે આ તો આપણા માટે બહુ જ કામની વ્યક્તિ છે.

ખેલ પૂરો થયા બાદ તેઓ પેલા યુવા સભ્યને મળ્યા. પૂછ્યું : "આમાં તને આખા દિવસમાં કેટલા રૂપિયા મળે?" "ક્યારેક સો -ક્યારેક સિત્તેર-ક્યારેક પચાસ ને ક્યારેક કાંઈ પણ ન મળે."

‘‘આજે રાત્રે અમારી સાથે આવ. એક જ વારમાં તને પચાસ હજાર રૂા. મળશે.’’ પેલો યુવાન તો ખુશી ખુશીથી તૈયાર થઈ ગયો.

રાત્રે બાર કલાકે એ પેલા સાગરિતોને નિશ્ચિત સ્થળે મળ્યો. એ લોકો એને લઈ એક મોટી હવેલી પાસે આવ્યા. ચારે બાજુ સૂમસામ વાતાવરણ હતું. ત્રીજા મજલે એક બારી ખુલ્લી હતી. અને ત્યાં સુધી પહોંચાય એવું દોરડું ય લટકતું હતું. સાગરિતોએ કહ્યું : ‘‘દોરડું પકડી સડસડાટ ઉપર ચડી જા. એ ખંડ સાવ ખાલી છે. ત્યાં સામે સુવર્ણાલંકારોની પેટી છે. એ લઈ નીચે ઊતરી આવ. અમે બધી ચોકસાઈ સાથે આ Plan કર્યો છે.’’

પણ... ગમે તે થયું. પેલો યુવાન દોરડું પકડી ઉપર ચડવામાં ખચકાયો. બે–ત્રણ વાર સમજાવ્યા છતાં એ તૈયાર ન થયો ત્યારે સાગરિતોએ પૂછ્યું : ‘‘તારા માટે તો આ એકદમ આસાન વાત છે.’’

‘આદતસે મજબૂર’ યુવાન બોલ્યો : ‘‘પહેલા ઢોલ લાવો. એ જોર–શોરથી બજાવો. પછી જ મને જુસ્સો આવે. આમ ઠંડું ઠંડું હોય ત્યાં હું કાંઈ ન કરી શકું!’’

‘‘અરે ભાઈ! અહીં ઢોલ ન ચાલે. ઢોલ બજાવવા જઈએ, તો આપણી બજી જાય. બધાને અહીંથી જ જેલમાં જવું પડે.’’ પેલા સાગરીતો કપાળ કૂટતા બોલ્યા...

✤ ✤ ✤

ધર્મક્ષેત્રે કેટલા ય લોકો હોય છે આ રમૂજકથાના યુવાન જેવા. યુવાનને ઢોલ બજે તો જ જુસ્સો આવતો, એમ આ લોકોને ચોતરફ ગાજતો માહોલ હોય તો જ કાંઈક કરવાનો જુસ્સો આવે. પર્યુષણા પૂર્વેનો આરાધનાનો ગાજતો માહોલ હોય ત્યારે એ અટ્ઠમ શું, અટ્ઠાઈ પણ કરવા તૈયાર થઈ જાય અને શેષકાલીન દિવસોમાં ચોવિહારનું કહો તો એમાં ના કહી દે! જાહેરસભામાં દાન કરવાનું હોય તો લાખ શું, પાંચ લાખ પણ આપી દે અને કોઈ સાધર્મિકને ફીની યા ભાડાની મદદ ખાનગીમાં કરવાની હોય તો તરત ના કહી દે. સાવધાન ! નકરા માહોલની ને દેખાડાની વાતથી જાતને દૂર રાખવી. કારણ કે ધર્મ લોકરંજન માટે નહિ, આત્મરંજન–આત્મકલ્યાણ માટે કરવાનો છે...

■ ■ ■

સમ્રાટ અકબર ભારતના બાદશાહ હતા, તો બિરબલ બુદ્ધિનો બાદશાહ હતો.

માત્ર એક જ વાર જેઓ બિરબલના પરિચયમાં આવે તેઓનાં હૈયામાં, બિરબલ બુદ્ધિનો બાદશાહ હોવાની છાપ આસાનીથી અંકિત થઈ જતી. તો પછી નિત્ય સાથે ને સાથે રહેનાર સમ્રાટ અને દરબારીઓનાં દિલ-દિમાગમાં આ છાપ એકદમ સજ્જડ હોવી જ જોઈએ ને?

પણ રે ઈર્ષ્યા ! એની કરામત એવી હતી કે તથ્ય દીવા જેવું સ્પષ્ટ સમજાતું હોવા છતાં સમ્રાટ અને દરબારીઓનાં અંતરમાં એક ઈચ્છા તીવ્રપણે ઘૂમરાયા કરતી હતી કે એક વાર તો બિરબલને બરાબર સકંજામાં લઈ બૌદ્ધિક ક્ષેત્રે પછાડવો જ- આપણાથી હીન ચીતરવો જ. આ તીવ્ર માનસિકતામાંથી જ સમ્રાટ અને દરબારીઓએ ભેગા મળી બિરબલને પછાડવાનો Plan ઘડી કાઢ્યો.

તે મુજબ એક દિવસે, તમામ દરબારીઓની હાજરીમાં સમ્રાટે વાત છેડી : "બિરબલ ! તને ખોટું ન લાગે તો એક વાત કરું." ચતુર બિરબલ તે જ ક્ષણે સમજી ગયો કે આમાં મને સકંજામાં લેવાની જ વાત હશે. પણ એમ કાંઈ બિરબલ બુદ્ધિના યુદ્ધમાં થોડો ડરે? એણે પડકાર ઝીલી લેતા કહ્યું : "બાદશાહસલામત ! જરા ય ખોટું નહિ લાગે. આપ બેધડક ફરમાવો."

"તો સાંભળ. અમને સૌને એક પ્રશ્ન સતાવી રહ્યો છે કે અમે તમામ દરબારીઓ એકદમ રૂપાળા કેમ છીએ અને એમાં તું એક જ કદરૂપો કેમ છે?" બાદશાહે કહ્યું અને એ સાંભળતાવેંત તમામ દરબારીઓ ખડખડાટ હસવા માંડ્યા. બિરબલની ધારણા સત્ય ઠરી કે આ પૂર્વનિયોજિત કાવતરું હતું. માટે જ બાદશાહની વાત પૂર્ણ થતાંવેંત આ બધા જોરશોરથી હસવા માંડ્યા છે.

જરા ય ગભરાટ વિના બિરબલે વળતો દાવ લેતા બાદશાહને કહ્યું : "જહાંપનાહ! કારણ તો એનું મને ખબર છે. પરંતુ આપને કોઈને ખોટું ન લાગે તો જ હું એ કારણ કહું." બુદ્ધિની કુસ્તી પોતે જ છેડી હોવાથી બાદશાહને હવે ક–મને ય હસતા હસતા હા કહ્યા સિવાય વિકલ્પ ન હતો. એમણે હસીને કહ્યું : "બિરબલ ! તું જરા ય ચિંતા કર્યા વિના કારણ કહે."

બિરબલે બિલકુલ ઠાવકાઈથી કારણ કહ્યું : "બાદશાહસલામત! એમાં એવું બન્યું હતું કે ખુદાતાલાએ આપણને તમામને આ પૃથ્વી પર મોકલવાની પૂર્વતૈયારીમાં કહ્યું હતું કે નીચે જતા પહેલા તમારે મારે ત્યાંના બેમાંથી એક બજારમાં જવાનું રહેશે. એક રૂપનું બજાર છે અને બીજું બુદ્ધિનું. જેઓ જે બજારમાં જશે તેઓ એ ચીજ પામશે. તમે સહુ ગયા રૂપનાં બજારમાં ને હું એકલો ગયો બુદ્ધિનાં બજારમાં. એટલે તમને સૌને મળ્યું રૂપ અને મને એકલાને મળી બુદ્ધિ ! સમજી ગયા કારણ?"

બિરબલ સિવાયના તમામના ચહેરા દીવેલ પીધા જેવા થઈ ગયા...

✤ ✤ ✤

દડાનો એક નિયમ છે કે તમે એને જેટલા જોશથી દિવાલ પર ફેંકશો એટલા જ જોશથી અને ઝડપથી એ ફેંકનાર તરફ પરત આવશે. મશ્કરી અને કટુ વચનો પણ આ દડા જેવા છે. તમે એને જેટલી તીવ્રતાથી અન્યો તરફ જવા દેશો એટલી જ તીવ્રતાથી એ તમારા તરફ આવશે. આ સો ટચનું સત્ય પહેલા વિચારી લેવાય તો કોઈને ઉતારી પાડતી–અપમાનિત કરતી મશ્કરી કરતાં વિરમી જવાશે. શાસ્ત્રો પણ આ જ ઉપદેશ આપે છે કે "सप्पहासं विवज्जए." મતલબ કે મસ્તી–મજાકથી દૂર રહો...

■ ■ ■

# 39

એ ભાઈ વ્યાપારી હોવા છતાં કવિહૃદયી હતા. એટલે કવિની એક ખાસિયત એમનામાં તીવ્ર હતી કે રચનાનો 'મૂડ' જાગે તો બધું બાજુ પર મૂકી દઈને કાગળ પર રચના ટપકાવવા બેસી જાય : રચાયેલ કડી ભુલાઈ ન જાય માટેસ્તો! એ માટે એક Diary એ ચોવીશ કલાક સાથે રાખે. એમાં એમની સર્વ રચનાઓનો સંગ્રહ હતો. Diary એટલે જાણે ભાઈનું દિલ!

ઉનાળાની એક સાંજે દુકાન વધાવીને કવિ નીકળ્યા. પ્રિય સખી જેવી Diary તો એમની સાથે જ હતી. એમાં એકાએક આકાશમાં વાદળાનાં ગડગડાટ–વીજળીના ચમકારા થયા અને વરસાદ શરૂ થઈ ગયો. કવિ પાસે ત્યારે છત્રી હતી નહિ. એમને ચિંતા પોતાની નહિ, પેલી Diaryની જાગી કે જો Diary ભિંજાઈને બગડી જાય તો જીવનભરની મહેનત પાણીમાં જાય.

સામે જ સીંગ–ચણાની દુકાન હતી. કવિને એ વિકલ્પ સલામત લાગવાથી દોડતા પહોંચી ગયા દુકાનમાં. દુકાનદાર ભૈયો જાણીતો જ હતો. કવિએ એને Diary સોંપતા કહ્યું : ''કાલે સવારે હું અહીંથી જ મારી દુકાને જવા નીકળીશ ત્યારે આ Diary લઈ જઈશ. બરાબર ધ્યાન રાખજો.'' જીવનની બધી મૂડી સોંપતા હોય એટલા ભાવથી કવિ આ શબ્દો બોલ્યા. બિચારા કવિ એ ભૂલી ગયા કે પ્રિય સખી યા જીવનમૂડી બીજાને સોંપવામાં જોખમ જ જોખમ રહે. વરસાદ અટકવાનું નામ લેતો ન હતો. પણ હવે ભાઈ નિશ્ચિંત ઘર તરફ ગયા.

બીજા દિવસની પ્રભાત થઈ. દુકાને જવા નીકળેલ કવિ, પ્રિય સખીને મળવા જતા હોય એવી ઉત્કંઠાથી, Diary લેવા પેલી સીંગ-ચણાની દુકાને ગયા. પણ... આ શું ? દૂરથી ત્યાનું દશ્ય નિહાળતાં કવિને Heart Attack આવવાનું જ બાકી રહી ગયું. તરત તરત કવિનાં હૃદયમાં ભયંકર પીડા અને આંખમાં આંસુ ઉભરાયા. દુકાનદાર ભૈયો એમની Diaryમાંથી જ એકેક કાગળ ફાડી સીંગ-ચણાનાં પડીકાં લોકોને વેચતો હતો !

કવિ દોડતા ત્યાં ધસી જઈ ચિલ્લાયા : "અરે ! આ શું કરે છે તું ભાઈ? તને ખબર નથી. પણ આ diary તો મારી જિંદગી છે."

જરા છોભીલા થઈ ગયેલ દુકાનદારે Diary આપતા કહ્યું : માફ કરજો, ભૂલ થઈ ગઈ. પણ જો કે એક વાત સારી બની છે કે મેં ફક્ત બધાં લખેલા જ પાનાં ફાડ્યા છે. કોરાં પાનાં તો બાકી જ છે. એટલે તમને આ Diary લખવા માટે બરાબર કામમાં આવશે!"

આ સાંભળતા કોમળ હૃદયના કવિને ત્યાં જ Heart Attack આવી ગયો...

✤ ✤ ✤

આમ્રવૃક્ષ પર ખીલતી કેરીઓનો સ્વાદ ખટમધુર જ હોય એ નક્કી, કારેલાના છોડ પર ઊગતાં કારેલાં કડવાં જ હોય એ નક્કી; પણ પૃથ્વીના પટલ પર જીવતા અને હાથ-પગ આદિ શારીરિક રચનાની દૃષ્ટિએ સમાન જણાતાં માનવોની રસ-રુચિ આદિ એક સરખા જ હોય એવું જરા ય માની ન લેવું. હા, એમ જરૂર માનવું કે દરેક માનવીના રસ અને રુચિ, જ્ઞાન અને સમજ, આવડત અને અણઆવડત વગેરેમાં તફાવતની સંભાવના લગભગ રહેવાની જ.

એટલે જ કવિને જે પાનાં પ્રાણપ્રિય લાગતા હતા એ સીંગ-ચણાવાળા ભૈયાજીને સાવ નગણ્ય લાગતા હતા. વાસ્તવિકતા આ હોવાથી અમલ બે વાતનો કરવો : (૧) સામી વ્યક્તિને (જો એ તે બાબતમાં બિનઅનુભવી હોય તો તો ખાસ) સૂચના ખૂબ ચોક્કસાઈથી વિવિધ સંભાવના ધ્યાનમાં રાખી આપવી. (૨) એ પછી ય કાંઈ ધારણા બહાર થાય તો સ્વસ્થભાવે પેલી પંક્તિનું વલણ રાખવું કે " **જગત જીવ હૈ કર્માધીના... અચરિજ કુછ ન લીના...** "

■ ■ ■

# 40

રંગમંચ પર મસ્ત મજાનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. હકડેઠઠ ભરાયેલ મેદની એકચિત્તે કાર્યક્રમ માણી રહી હતી. એવામાં મંચ પરથી એક સ્ત્રીએ ગાવાની શરૂઆત કરી. એ ગાતી હતી કે ચીસો પાડતી હતી એ ભાવકોને સમજાયું નહિ. ન લયનાં ઠેકાણાં, ન સૂરનાં ઠેકાણાં; ન આરોહ–અવરોહ કે ન કયા શબ્દો પર ભાર આપવો એની સમજ : બે–ચાર Minuteમાં તો મેદનીની મજા સાવ મરી ગઈ.

Audienceમાં કાર્યક્રમ માણતાં પ્રફુલ્લભાઈએ બાજુમાં બેસેલ ભાઈ પાસે આ વ્યથા ઠલવવા માંડી કે ''આ કેવી બાઈ છે. સંગીતનું કાંઈ સાન–ભાન ન હોય તો આવા સરસ કાર્યક્રમમાં ઘૂસ ન મારવી જોઈએ. નથી એને સંગીતનું જ્ઞાન, નથી એની પાસે સૂર. ભેંસાસુર જેવો એનો આલાપ કાનમાં કીડીની જેમ ચટકા ભરે છે.''

બાજુવાળા ભાઈનાં મુખ પર જરા નારાજગી છવાઈ. એ થોડી ચીડથી બોલ્યા : ''તમે જરા સંભાળીને બોલો. આ જે ગાય છે એ મારા ધર્મપત્ની છે !''

ખોટી જગ્યાએ Firing થઈ ગયાનો ખ્યાલ આવતા પ્રફુલ્લભાઈ શરમાઈ ગયા. એ વિચારમાં પડી ગયા કે હવે આ વાતને વાળવી કઈ રીતે? પોતાની વાત આંશિક પણ જળવાઈ રહે અને Focus પેલી ગાયિકા બહેન પરથી હટે એવું ગણિત માંડી એમણે વાત ચલાવી : ''માફ કરજો, મને ખબર નહિ કે એ તમારા પત્ની છે. અને સાચું કહું તો, ઉતાવળે બોલવા જતા મારા શબ્દો

બદલાઈ ગયા. વધુ સાચી હકીકત એ છે કે ગાવામાં તો હજુ આ બહેન ચાલી જાય. જે મુખ્ય તકલીફ છે તે એમણે પસંદ કરેલ ગીતની છે. ગીતના શબ્દોમાં નથી અર્થનો મેળ કે નથી અનુપ્રાસનો મેળ, નથી કોઈ ઉત્તમ ભાવો કે નથી કોઈ અસરકારક તર્જ. ગમે તેવા શબ્દો અને ઢંગઘડા વિનાની તર્જનાં કારણે બહેનની થોડી-ઘણી સારી ગાયકી પણ માર ખાઈ જાય છે.'' પ્રફુલ્લભાઈને મનમાં થયું કે મારી આ રજૂઆતથી Balancing Perfect થઈ જશે. મારી વાત પણ સચવાશે અને ભાઈ રાજી પણ થઈ જશે.

પરંતુ બન્યું ઊલટું. ભાઈ વધુ નારાજ થવા સાથે તાડૂક્યા : ''એ ય Mister ! તમારા આ લવારા બંધ કરો. મને પણ ગીત-સંગીતમાં ઊંડી ખબર પડે છે. અને... સાંભળી લ્યો. આ ગીતની રચના મેં પોતે જ કરી છે !''

પ્રફુલ્લભાઈની હાલત ઢાંકણીમાં પાણી લઈ ડૂબી જવા જેવી થઈ ગઈ...

✤ ✤ ✤

કોઈ પણ વિષયમાં અભિપ્રાય આપો ત્યારે ત્રણ પાયાની બાબતોનો ખ્યાલ ખાસ રાખવા જેવો છે : એક, એ અભિપ્રાય કોઈને ખુશ યા નાખુશ કરવાની બુદ્ધિથી ન આપવો. કારણ કે એનાથી સામી વ્યક્તિ ખુશ-નાખુશ થશે યા નહિ એ નક્કી નથી. પરંતુ તમે પોતે હાસ્યાસ્પદ બની જાવ એવી સંભાવના પાક્કી. કેમ કે ત્યારે તમારી પાસે ખુશ-નાખુશ કરવાના ચક્કરમાં નક્કર Back Ground ન પણ હોઈ શકે. ઉપરાંત અવસર જોઈ તમે અન્યોને ખુશ-નાખુશ કરવા અભિપ્રાય બદલો તો તો લગભગ અવશ્ય હાસ્યાસ્પદ બની જાવ. (૨) અભિપ્રાય નક્કર માહિતી-અભ્યાસ વગેરે દ્વારા નિશ્ચિત કરીને અપાવો જોઈએ. જેથી સામી વ્યક્તિને એ અભિપ્રાય તર્કસંગત લાગે, જલ્દી દિલ-દિમાગમાં ઊતરી જાય. (૩) કદાચ એ પછી ય કોઈ અધૂરી માહિતી આદિનાં કારણે આપણને ખુદને આપણો અભિપ્રાય ગલત લાગે તો કોઈ શરમ-સંકોચ વિના એ અભિપ્રાય બદલી નાંખવો.

આ ત્રણે ય બાબતથી એક વાત નક્કી કે તમને Guilty feel અવશ્ય નહિ થાય.

■ ■ ■

# 41

હતો એ ગામડાનો મજૂર. સાવ અભણ અને માત્ર મજૂરી કરી જાણનારો. યુવાન અવસ્થા હતી, મહેનતકશ શરીર હતું અને ભોજનમાં ફરસાણ યા આચર–કૂચર ચીજ એને પરવડે એમ ન હતી. એનું એક સારું પરિણામ એ આવ્યું કે એ કાયમ તંદુરસ્ત રહેતો. માંદગી–દવા–Injection વગેરેના કોઈ અનુભવમાંથી એ કદી પસાર થયો ન હતો.

પણ... એક સરખા સુખના દિવસો કયા કોઈના જાય છે, ભલા? આ મજૂરનું ય એવું થયું. અતિશય ઠંડીમાં વહેલી સવારથી કામ કરવાનાં કારણે એક વાર એ સખત ખાંસી–શરદી–તાવનો શિકાર બન્યો. છીંકો તો એવી ઉપરાઉપરી આવે કે એનાથી એ અધમૂઓ થઈ ગયો. આખરે ન–છૂટકે થાકીને એ પહેલી વાર દવાખાનાનાં પગથિયાં ચડ્યો. Doctor અને વૈદ્ય વચ્ચે શું ભેદ હોય એનો ય એને ખ્યાલ ન હતો.

એ જ્યાં પહોંચ્યો હતો એ વૈદ્યનું દવાખાનું હતું. વૈદ્યે નાડી તપાસી, ફેફસાંની સ્થિતિનો ક્યાસ કાઢ્યો. છેલ્લે ત્રણ દિવસની દવા આપતાં મજૂરને કડક તાકીદ કરી : "રોજ દિવસમાં ત્રણ વાર એકેક પડીકી અવશ્ય લેવી. આ રીતે ત્રણ દિવસ દવા બરાબર ચોકસાઈથી લઈશ તો જ તારી શરદી–ખાંસી વગેરે કાબૂમાં આવશે. જો દવા લેવામાં બેદરકાર રહ્યો તો શરદી–ખાંસી એકદમ વકરી જશે. તને તકલીફો વધી જશે." મજૂર ચોકસાઈથી દવા લેવાનું કબૂલ કરીને ગયો.

ચોથે દિવસે એ દવાખાનામાં પ્રવેશ્યો ત્યાં એના ચહેરા પરથી વૈદ્યે માપી લીધું કે આણે દવા લીધી જ નથી. અભણ વર્ગમાં આવું બધું બનતું હોવાનું જાણતા વૈદ્યે કડકાઈ દાખવવા માંડી : ''તને કહ્યું હતું ને કે જરા ય ચૂક્યા વિના રોજ ત્રણ વાર પડીકી લેવી? તેં દવા લીધી જ નથી.'' ''અરે હોય સાહેબ ! તમારા કીધા પછી દવા ન લઉં તો અહીં આવવાનો અર્થ જ નથી. મેં તમારા કહ્યા મુજબ રોજ ત્રણ વાર દવા લીધી છે. પડીકીનો કાગળ ભયંકર ચીકણો હોવાથી એ કેમે ક્યોં ગળે ન ઊતરે. તો ય મહામહેનતે મેં એને ત્રણ વાર રોજ ગળે ઉતાર્યો છે.''

હવે વૈદ્ય આશ્ચર્યચકિત થઈ ગયા. એમણે પૂછ્યું : ''અલ્યા, પણ તને કાગળ ગળવાનું કોણે કીધું હતું?'' ''કેમ ? તમે ન હતું કહ્યું કે પડીકી ગળવાની? પડીકી એટલે કાગળ જ ને?'' વૈદ્યે કપાળ કૂટતાં કહ્યું : ''અરે ભલા માણસ, પડીકી એટલે કાગળ નહિ. એમાં રહેલી ભૂકી. એ જ દવા હતી.'' ''અરરર! મને શી ખબર? હું તો એને કચરું સમજીને બહાર ફેંકી દેતો હતો. હું તો કાગળને જ પડીકી સમજતો હતો.''

વૈદ્યને આ ગમારની 'સમજણ' પર હસવું કે રડવું એ જ સમજાયું નહિ...

✤ ✤ ✤

અજ્ઞાન કેટલું ખતરનાક પરિબળ છે તે આ રમૂજી દૃષ્ટાંતમાં નિહાળાય છે. અજ્ઞાન ઉપાદેયને હેય સમજાવે છે, તો હેયને ઉપાદેય સમજાવે છે. લાભદાયી બાબતને નુકસાનકારી સમજાવે છે, તો નુકસાનકારી બાબતને લાભદાયી સમજાવે છે.

અધ્યાત્મજગતની વાત કરીએ તો ત્યાં ત્રણ દોષ સૌથી ખતરનાક દર્શાવાયા છે : રાગ-દ્વેષ અને અજ્ઞાન. સામાન્ય આરાધક ભલે રાગ-દ્વેષને સૌથી ભયાનક માને. પરંતુ ચોક્કસ અપેક્ષાએ અજ્ઞાનને સૌથી ભયાનક દોષ મનાયો છે. આ જ કારણે 'યોગશાસ્ત્ર' ગ્રન્થ કહે છે કે :- ''आत्माऽज्ञानभवं दुःख-मात्मज्ञानेन हन्यते। तपसाऽप्यात्मविज्ञान-हीनैश्छेत्तुं न शक्यते।।'' ભાવાર્થ કે દુઃખનું મૂળ આત્માનું અજ્ઞાન છે. એ દુઃખ આત્મજ્ઞાનથી જ દૂર થશે. આત્મજ્ઞાન વિનાના તપથી પણ એ દુઃખ-ભવભ્રમણા દૂર નહિ થાય...

■ ■ ■

હતો એ શ્રીમંત બાપનો વંઠેલ દીકરો. નાની વયે જવાબદારીથી ભણવાના બદલે એના ધખારા રખડપટ્ટીના ને મોજમજાના હતા. બુદ્ધિ તો એનામાં ઘણી બધી હતી. પરંતુ એનો દુરુપયોગ કરી દરેક બાબતમાં એ એવા ઉટપટાંગ ઉત્તરો આપે કે સામી વ્યક્તિ ક્ષણભર તો ગુંચવાઈ જ જાય. આ બધામાં એનો શિરમોર અવગુણ હતો નિર્લજ્જતા–બેશરમી.

એક દિવસ એની School તરફથી એની વાર્ષિક પરીક્ષાનું પરિણામપત્રક પિતા પર આવ્યું. એ વાંચતા જ પિતાનો પિત્તો ફાટ્યો. એ દીકરા સામે જોઈ જોરથી ચિલ્લાયા : ''નાલાયક! શું કરે છે તું School માં? ભણે છે કે ભમરડા રમે છે?''

''કેમ બાપુજી ! શું થયું?'' જાણે કાંઈ જ જાણતો ન હોય એવી અદાથી દીકરાએ વાતને થાળે પાડવાની રમત રમવા માંડી.

''શું થયું પૂછે છે ને? જો આ તારું વાર્ષિક પરિણામપત્રક. એક પણ વિષય એવો નથી કે જેમાં તને Passing Marks પણ મળ્યા હોય.'' પિતાએ ઊભરો ઠાલવતા કહ્યું.

''બાપુજી ! મારી પણ એ જ ફરિયાદ છે.'' દીકરાએ જરા ય લાજ–શરમ અનુભવ્યા વિના રમત આગળ વધારી.

''એટલે? શું કહેવા માંગે છે તું?''

''એ જ કે મને જે આવડતું હતું એમાંનું કાંઈ જ અમારા

શિક્ષકોએ ન પૂછ્યું અને મને જે ન હતું આવડતું એ જ બધું એમણે આમાં પૂછ્યું.'' દીકરાએ જરા ય ડર વિના પોતે જાણે બિલકુલ કસૂરવાર ન હોય તેવું નાટક જારી રાખ્યું.

વધુ ગુસ્સે ભરાઈને પિતા બોલી ઊઠ્યા : ''મનમાં તો એવું થાય છે કે બે-ચાર થપ્પડ ઝીંકી દઉં.''

''ભલે બાપુજી ! મારા મુખ્ય શિક્ષક અહીંથી ત્રણ ઘર જ દૂર છે. તો થપ્પડ મારવા તમે એમને ત્યાં જશો કે એમને અહીં તેડી લાવું?'' નફ્ફટ દીકરાએ સાવ ઠંડે કલેજે બાપને પ્રશ્ન ક્ર્યો...

✤ ✤ ✤

નિર્લજ્જ-બેશરમ વ્યક્તિની માનસિકતા કેવી હોય એ દર્શાવતી પંક્તિ વાંચી હતી ક્યાંક કે :-

**નિર્લજ્જ નર લાજે નહિ, કરો કોટિ ધિક્કાર;**
**નાક કપાયું તો કહે, અંગે ઓછો ભાર...**

આ નિર્લજ્જતાનું સ્વરૂપ દેખાય છે ઉપરોક્ત રમૂજકથાના દીકરામાં કે જે પોતાનો દોષ-ભૂલ સ્વીકારવા તો તૈયાર નથી, બલ્કે એ દોષ અન્યોના-ઉપકારીના શિરે ઓઢાડી દઈ એને સજા કરાવવા મથે છે!

યાદ રહે કે લજ્જાનો-શરમનો સીધો સંબંધ વ્યક્તિની ભીતરી યોગ્યતા સાથે છે. એથી જ માર્ગાનુસારિતા પાંત્રીશ ગુણોમાં એક ગુણરૂપે લજ્જાને પણ સ્થાન અપાયું છે. **આંખમાં જો શરમ રાખશો તો ઘણા બધા પાપો-ગલત આચરણો જીવનમાં પ્રવેશતા અટકી જશે અને જો આંખમાં નિર્લજ્જતા-બેશરમી હશે તો ઘણા પાપો-ગલત આચરણો બેરોકટોક જીવનમાં પ્રવેશી જશે...**

■ ■ ■

# 43

ગ્રીસનો પ્રખર તત્ત્વચિંતક ડાયોજિનિશ. તત્ત્વચિંતનની એની શૈલી જેવી ઉચ્ચ હતી, એવી જ ઉચ્ચ એની જીવનશૈલી હતી. તત્ત્વચિંતનનાં એનાં ક્ષેત્રને અનુરૂપ ન હોય એવી કોઈ પણ બાબતને એ બિનજરૂરી ગણી એમાં એ રસ ન લે. આવશ્યકતા એણે ઓછામાં ઓછી રાખી હતી. એથી સત્તાધીશોની–શ્રીમંતોની એને કોઈ અપેક્ષા ન હતી. હા, સત્તાધીશો–શ્રીમંતો તત્ત્વજિજ્ઞાસાથી એની પાસે આવે તો ભલે. એમની સાથે ય એ તત્ત્વચિંતનની જ વાતો રજૂ કરે.

એક દિવસની વાત. કોઈ શ્રીમંત ડાયોજિનિશના ઘરે મળવા આવ્યો. પ્રારંભે ડાયોજિનિશને લાગ્યું કે એ શ્રીમંત તત્ત્વજિજ્ઞાસાનાં કારણે આવ્યો છે અને એ શ્રીમંતે વાતનો પ્રારંભ પણ તત્ત્વજિજ્ઞાસાથી જ કર્યો હતો. પરંતુ થોડી ક્ષણોમાં જ ડાયોજિનિશે પરખી લીધું કે ખરેખર તો એ પોતાની મહત્તા દર્શાવવા આવ્યો હતો. એ શ્રીમંત કારણ વિનાની લાંબી લાંબી વાતો કરી એમાં વધુમાં વધુ પોતાની બડાશ ઉમેરતો હતો. ડાયોજિનિશ સૌજન્યથી એનો પ્રતીકાર ન કરતાં માત્ર સાંભળતો રહ્યો. પરંતુ એની વાતમાં એણે કોઈ રસ–રુચિ ન દર્શાવ્યા. શ્રીમંતને ય ખ્યાલ આવી ગયો કે ડાયોજિનિશ પોતાની વાતોને કોઈ ભાવ નથી આપી રહ્યા.

હવે શ્રીમંત અકળાઈ ઊઠ્યો. એણે ભાષાનું સ્તર નેવે મૂકીને ડાયોજિનિશને કહેવા માંડ્યું : ‘‘તમે તમારી જાતને બહુ મોટા

વિદ્વાન માનતા લાગો છો. એનો જ અહંકાર મારી વાતની ઉપેક્ષારૂપે અત્યારે તમે દર્શાવી રહ્યા છો. પણ સાંભળી લો કે હું તમારા કરતા અનેકગણા મહાન કઈ કેટલાય વિદ્વાનોને મળી ચૂક્યો છું.''

ડાયોજિનિશે જરા ય વિચલિત થયા વિના બહુ મસ્ત પ્રત્યુત્તર આપતા કહ્યું : ''મહાનુભાવ ! પહેલી વાત એ છે કે હું મારી જાતને સામાન્ય વિદ્વાન પણ નથી માનતો. હું તો છું માત્ર સામાન્ય તત્ત્વજિજ્ઞાસુ. બીજી વાત એ છે કે આજ સુધીમાં મારાં જીવનમાં હું ઘણા બધા મોટા મોટા શ્રીમંતોને મળ્યો છું. પરંતુ એક વાત કહું ? મોટા શ્રીમંતોને મળ્યા પછી ય હું પોતે તો શ્રીમંત નથી જ !''

ડાયોજિનિશની આ વાત સાંભળીને શ્રીમંતને મોટો આંચકો લાગી ગયો. કારણ કે અધ્યાહાર રખાયેલ બાકીની વાતનો નિર્દેશ એ થતો હતો કે શ્રીમંતોને મળ્યા પછી હું જેમ શ્રીમંત નથી બન્યો, એમ વિદ્વાનોને મળ્યા પછી તમે ય વિદ્વાન નથી બન્યા...

✤ ✤ ✤

માર્મિક કટાક્ષ કરતા આ દૃષ્ટાંતના મુખ્ય બે સાર ખાસ હૃદયસ્થ કરવા જેવા છે :

એક, કેટલી ય વ્યક્તિઓને એવી આદત હોય છે કે જ્યાં જાય ત્યાં પોતાની મહત્તા દર્શાવવી. આ માટે એ ન તો પડેતાની વાતનો કોઈ સંદર્ભ વિચારે, ન તો પ્રમાણમર્યાદા વિચારે. ભલે ને વાત અસંબદ્ધ લાગે યા બિનજરૂરી લંબાણ લાગે, તો ય પોતાનું ગાણું ગાયે રાખે. વસ્તુતઃ આનાથી વ્યક્તિની ગરિમા ઘટે છે : જેમ પેલા શ્રીમંતની ઘટી એમ. એટલે આવી હરકતોથી સદા ય દૂર રહેવું.

બે, વ્યક્તિ મહાન યા શક્તિસંપન્ન વ્યક્તિઓને મળે એટલામાત્રથી કાંઈ ન થાય. એના દ્વારા એ પોતે શું આત્મસાત્ કરે છે એનાથી જ વ્યક્તિનું સ્તર ઉપર જાય. પેલું સુવાક્ય પણ એ જ કહે છે કે **'તમારી પાસે શું છે એમાં તમારી મહત્તા નથી, તમે પોતે શું છો એમાં તમારી મહત્તા છે.'**

■ ■ ■

# 44

પાંડવો–કૌરવો વગેરે જ્યારે નાના બાળવિદ્યાર્થીઓ હતા ત્યારની વાત.

નાના બાળકો જેમ સાથે ભણે અને રમે, એમ નિમિત્ત મળતા લડે–ઝઘડે ય ખરા. આ જ મુજબ પાંડવો–કૌરવો–ગુરુપુત્ર અશ્વત્થામા વગેરે સાથે ભણતા–રમતા અને ઝઘડતા. પરંતુ થાય એવું કે જ્યારે અશ્વત્થામાને કોઈ રાજકુમાર સાથે ઝઘડો થાય ત્યારે અશ્વત્થામા જ હારીને આવે. એક–બે વાર નહિ, દરેક ઝઘડામાં આવું જ બનતું.

આથી એક વાર અશ્વત્થામાએ ભોળાભાવે એની માતાને પૂછ્યું : ‘‘મા ! દરેકમાં હું હારું અને આ રાજકુમારો જીતે એવું કેમ થાય છે? મારે પણ એક વાર જીતવું છે.’’ માતાએ સરલ ઉત્તર આપ્યો : ‘‘જો, એ રાજકુમારો શ્રીમંત છે અને આપણે ગરીબ છીએ. શ્રીમંતોનાં ઘરે શક્તિ વધે એવા પૌષ્ટિક આહાર હોય. એથી એમનામાં શક્તિ વધુ હોય. આપણા જેવા ગરીબોનાં ઘરે શક્તિવર્ધક પૌષ્ટિક પદાર્થો ન હોય. એટલે તારામાં એમનાથી ઓછી શક્તિ હોય આવું બને.’’

‘‘એમ? તો મા ! તું મને કહે ને કે કઈ ચીજ આરોગવાથી શક્તિ મળે? કયો પદાર્થ વધુ શક્તિવર્ધક હોય?’’ ‘‘દૂધ. એમાંથી શક્તિ સારી મળી રહે.’’ મા એ કહ્યું. ‘‘અચ્છા, તો તું મને એ બતાવ કે દૂધ કેવું હોય?’’ ગરીબી એવી સજ્જડ હતી કે અશ્વત્થામાએ ક્યારે ય

દૂધ જોયું પણ ન હતું. માતાએ સમજાવ્યું કે દૂધ સફેદ વર્ણનું અને પ્રવાહી હોય. એને માતાની વાત પર જડબેસલાખ શ્રદ્ધા જામી ગઈ.

એક દિવસની વાત. રમતમાં અશ્વત્થામાને પાંડવો સાથે ઝઘડો થયો. મારામારી થાય તે પૂર્વે અશ્વત્થામાનાં દિમાગમાં કાંઈક ઝબકારો થયો અને એ તુર્ત દોડ્યો એની ઝૂંપડી તરફ. યોગાનુયોગ એ સમયે ઝૂંપડીમાં કોઈ જ ન હતું. અશ્વત્થામાએ એક ઢાંકેલ માટી–પાત્ર ખોલ્યું તો એમાં ખરેખર સફેદ રંગનું પ્રવાહી હતું. અશ્વત્થામા સમજી ગયો કે આ જ દૂધ! એણે હોંશે હોંશે તમામ દૂધ ગટગટાવી દીધું. પોતે હવે શક્તિસંપન્ન થઈ ગયો છે એમ માનીને એ દોડ્યો અને જઈને સીધો ભીમસેનને જ કુસ્તી માટે લલકાર્યો.

ખુદ ભીમને આશ્ચર્ય થયું કે આજે આનાં હાડકાં ખોંખરા થવાનાં લાગે છે. પણ પરિણામ આવ્યું ત્યારે સહુ સ્તબ્ધ બની ગયા. કારણ કે અશ્વત્થામા જીત્યો હતો અને ભીમ હાર્યો હતો! અશ્વત્થામા પુનઃ દોડીને ઘરે ગયો ત્યારે માતા પરત આવી ગઈ હતી. બાળકે ખુશખુશાલ થઈને માને વધામણાં આપ્યા.

માએ આશ્ચર્યચકિત થઈ પૂછ્યું : "પણ તેં દૂધ વાપર્યું ક્યાંથી?" "કેમ ? આ પાત્રમાં હતું ને? એ. એ સફેદ પ્રવાહી જ હતું." મા હસી પડતા બોલી : "દૂધ સફેદ પ્રવાહી હોય, પણ દરેક સફેદ પ્રવાહી દૂધ ન હોય. એમાં ફક્ત પાણી હતું અને એમાં મેં મારા લોટવાળા હાથ ધોયા હતા. માટે એ સફેદ પ્રવાહી બન્યું હતું!"

✤ ✤ ✤

કલ્પના કરો કે કદાચ અશ્વત્થામાએ ખરેખર દૂધ વાપર્યું હોત, તો ય શું તત્ક્ષણ એનાથી શક્તિ આવી જાત? ના, એ દૂધ પરિણમે પછી જ શક્તિસંચાર થાત. છતાં તાત્કાલિક અસરની આ ઘટના સર્જાઈ એ શ્રદ્ધાનો Power દર્શાવે છે. શ્રદ્ધાએ જ એનામાં શક્તિસંચાર કર્યો હતો. શ્રદ્ધા આવું Powerful પરિબળ હોવાથી જ ધર્મશાસ્ત્રોથી લઈને શબ્દશાસ્ત્રો (સંસ્કૃત વ્યાકરણ)ના સર્જકોએ શ્રદ્ધાનો અદ્ભુત મહિમા ગાયો છે. સાવધાની આપણે એટલી જ રાખવાની છે કે એ શ્રદ્ધા સમ્યક્ હોવી જોઈએ, અંધશ્રદ્ધા નહિ...

■ ■ ■

પહેલી જ વાર સમુદ્રમાર્ગે પ્રવાસ કરી રહેલ શેઠને પાણીનો બહુ ડર લાગતો હતો. વ્યાવસાયિક અનિવાર્યતા ન હોત તો એ સમુદ્રમાર્ગે પ્રવાસનું જોખમ લેવા તૈયાર જ ન થાત. કુશલ નાવિક અને મજબૂત Boat હોવા છતાં શેઠનો ડર હજુ જતો ન હતો. ચારે તરફ ઘૂઘવતા ને ઊછળતા મોજાં, જ્યાં નજર પહોંચે ત્યાં પાણી જ પાણી અને હાલક-ડોલક થતી Boat : શેઠને આ બધું ભય વધારનાર લાગતું હતું.

Boat સમુદ્રમાં સડસડાટ સર્યે જતી હતી. શેઠે અભણ નાવિક સાથે વાર્તાલાપ શરૂ કર્યો. જો કે, એમાં ય એમનાં મનમાં રહેલ ડર વ્યક્ત થતો હતો. એમણે નાવિકને પ્રશ્ન કર્યો :

''તારા બાપા કયા મૃત્યુ પામ્યા હતા?'' ''પાણીમાં ડૂબીને.'' નાવિકે ઉત્તર આપ્યો. શેઠની અપેક્ષા પણ આ જ ઉત્તરની હતી. એમણે આગળ પૂછ્યું : ''એમના બાપા ક્યા મૃત્યુ પામ્યા હતા?'' ''એ પણ આ જ દરિયામાં. Boat તૂટી ગઈ ત્યારે.'' ''અચ્છા, એમના બાપા ક્યાં મૃત્યુ પામ્યા હતા?'' ''અરે શેઠ! અમારી લગભગ બધી પેઢીઓ દરિયામાં જ મૃત્યુ પામી છે. કારણ કે ભરદરિયે તોફાનોમાં-વમળોમાં વહાણ ફસાય ત્યારે એ બચાવી ન શકાય અને તરતા આવડે તો ય દરિયો તરીને બહાર નીકળવું અશક્ય બની રહે.''

શેઠે છેલ્લો પ્રશ્ન કર્યો : ‘‘તમારી આટલી બધી પેઢીઓ અહીં–દરિયામાં ડૂબી ગઈ, તો તમને આ દરિયામાં મૃત્યુનો ભય નથી લાગતો?’’

અભણ નાવિક બે ક્ષણ મૌન રહ્યો. પછી કે જાણે શું થયું કે એણે શેઠને સામા પ્રશ્નો પૂછ્યા માંડ્યા : ‘‘શેઠ ! તમારા બાપા ક્યાં મૃત્યુ પામ્યા?’’ ‘‘પથારીમાં.’’ શેઠે ઉત્તર આપ્યો. ‘‘એમના બાપા ક્યાં મૃત્યુ પામ્યા?’’ એ ય પથારીમાં જ.’’ ‘‘એમના બાપા?’’ ‘‘અરે ભાઈ! અમારામાં તો બધા લગભગ પથારીમાં જ મૃત્યુ પામે. કોઈ ઘરની પથારીમાં, તો કોઈ Hospitalની પથારીમાં.’’ શેઠે વાતને પૂરી કરવા કહ્યું. ‘‘અચ્છા, તો પછી શેઠ! તમને રાત્રે પથારીમાં સૂતા મૃત્યુનો ભય નથી લાગતો?’’

શેઠ છક્કડ ખાઈ ગયા અભણ નાવિકના વિચારવાના તરીકાથી...

✤ ✤ ✤

આ રમૂજકથામાંથી બે સરસ સાર રજૂ કરી શકાય તેમ છે.

એક, આપણે બીજી વ્યક્તિ માટે જેટલું ઝીણું–ઝીણું વિચારી શકીએ છીએ, એટલું જ ઝીણું–ઝીણું એ વ્યક્તિ આપણા માટે ય વિચારી શકે છે. ખાસ કરીને જ્યારે કોઈની સાથે આપણો વિવાદ–ક્લેશ–ઝઘડો થાય ત્યારે આ ચોક્કસ યાદ રાખવું. જેટલા મુદ્દાઓ– જેટલી બાબતો આપણે આપણી તરફેણમાં વિચારી શકતા હોઈએ, એટલી જ કે એથી ય વધુ બાબતો–મુદ્દાઓ સામી વ્યક્તિ પણ પોતાની તરફેણમાં વિચારી શકે છે. આટલું જો આપણે લક્ષ્યમાં લઈએ તો હઠાગ્રહી–કદાગ્રહી બની જઈ વિવાદને સળગતી સમસ્યા રાખવાનું વલણ ન બને. બલ્કે સામી વ્યક્તિના પણ મુદ્દાઓ કેટલેક અંશે સ્વીકારી સમસ્યાને સમાધાનમાં પલટાવવાનું વલણ બને.

બે, મૃત્યુનો ભય રાખો યા ન રાખો. પરંતુ વાસ્તવિકતા નક્કર એ છે કે મૃત્યુ ભેટ્યા વિના રહેવાનું નથી : પછી વ્યક્તિ પાણીમાં હોય કે પથારીમાં. **ખરેખર તો મૃત્યુનો ભય નહિ, ભાન રાખવાનું હોય. ભય આર્તધ્યાન તરફ લઈ જાય છે, જ્યારે ભાન ધર્મધ્યાન તરફ લઈ જાય છે...**

■ ■ ■

અકબર અને બિરબલ વચ્ચે વારે–તહેવારે ચર્ચાઓ થતી અને દરેક ચર્ચામાં બિરબલનો હાથ ઉપર રહેતો. ચર્ચા હોય કે કાંઈ કરી બતાવવાનો પડકાર હોય : બિરબલ એમાં સવાયો–ચડિયાતો પુરવાર એટલે થતો કે એની પાસે જન્મજાત હાજરજવાબી પ્રતિભા હતી. શાસ્ત્રો જેને ઔત્પાતિકી બુદ્ધિરૂપ મતિજ્ઞાન કહે છે એનો ક્ષયોપશમ બિરબલમાં જોરદાર હતો.

એક દિવસની વાત. અકબરને ફરી એક વાર બિરબલની બુદ્ધિને પડકારવાનો અભરખો જાગ્યો. ત્યારે બાદશાહ અને બિરબલ દિવાનખંડમાં અલક–મલકની વાતો કરતા હતા. બાદશાહે બિરબલને કહ્યું : “જો તું મને આ ખંડની બહાર લાવી દે તો હું તને સાચા અર્થમાં બુદ્ધિનો બાદશાહ માનું. પરંતુ એમાં શરત એટલી કે તારે મને જરા ય Touch ન કરવો.” બિરબલ સમજી ગયો કે આ બહુ કપરું કાર્ય છે. કારણ કે હાથ પકડી ધક્કો માર્યા વિના કોઈને ખંડ બહાર લવાય શી રીતે? એમાં વળી આ તો શરત પર ઊતરેલ સમ્રાટ. એ ખાસ જીદ રાખીને અહીંથી હટશે નહિ.

બિરબલે મુંઝાઈ ગયા હોવાનો દેખાવ કરી અકબરને કહ્યું : “આપને સ્પર્શ્યા વિના ખંડની બહાર લાવવા તો અશક્ય છે, બાદશાહ !” પોતે બિરબલ જેવા બુદ્ધિમાનને મૂંઝવી દીધો જાણી બાદશાહ મનોમન ખુશ થઈ ગયા. એમ છતાં ઠાવકા મુખે એ બોલ્યા : “અરે બિરબલ ! તારા જેવો બુદ્ધિમાન ગુંચવાઈ જાય

એમ થોડું ચાલે?'' બિરબલે તો ય ટસના મસ થયા વિના નવી વાત કહી : ''બાદશાહ સલામત! સ્પર્શ્યા વિના આપને અંદરથી બહાર લાવવા અશક્ય જ છે. હા, જો તમે બહાર હો તો હું આપને સ્પર્શ્યા વિના અંદર જરૂર લાવી શકું.''

બાદશાહના દિમાગમાં આ વાત બેસી નહિ. એ બોલ્યા : ''અંદરથી બહાર યા બહારથી અંદર સ્પર્શ્યા વિના લાવવા એ સરખું જ કાર્ય છે. છતાં તને જો બહારથી અંદર લઈ આવવાનો વિશ્વાસ હોય તો ચાલ, હું બહાર આવું છું. પછી તું તારો કસબ બતાવજે.''

બન્ને વાતો કરતા કરતા બહાર પહોંચ્યા. ત્યાં જ બિરબલ ખડખડાટ હાસ્ય સાથે તાળીઓ પાડતા બોલ્યો : ''જોયું બાદશાહ? હું આપને સ્પર્શ્યા વિના ખંડની બહાર લઈ આવ્યો. આપનો પડકાર મેં ૧00% સફળતા સાથે પાર કરી દીધો!''

બાહશાહને હવે ભાન થયું કે પોતે બિરબલની વાતમાં આવી જઈ ભોટ પુરવાર થયા હતા...

✤ ✤ ✤

આ સૃષ્ટિમાં 'પ' અક્ષરથી શરૂ થતું બળ છે પિંડબળ. પિંડ અર્થાત્ શરીરનું બળ મજબૂત હોય તો વ્યક્તિ ઘણાં બધાં કાર્યો કરી શકે... દુન્યવી દૃષ્ટિએ અગત્યનું બીજું છે પૈસાબળ. એના દ્વારા વ્યક્તિ ઘણાં ઘણાં મુશ્કેલ કાર્યો આસાન બનાવી શકે... આ બન્નેથી ચડિયાતું ત્રીજું છે પ્રજ્ઞાબળ. પ્રજ્ઞા અર્થાત્ બુદ્ધિ જો Powerful હોય તો વ્યક્તિ શરીરબળથી–સંપત્તિબળથી ન થાય એવાં પણ અનેક કાર્યો કરી શકે, તો અન્યોની સામે સ્વયં પ્રભાવશાળી પણ પુરવાર થાય : જેમ બિરબલ પુરવાર થયો એમ!

પણ... સબૂર! 'પ' અક્ષરથી શરૂ થતું સૌથી ચડિયાતું પરિબળ તો પ્રભુબળ છે. પિંડ–પૈસૌ–પ્રજ્ઞા : આ બધું જ પ્રભુને સમર્પિત કરી દો, તો પ્રભુબળની અનુભૂતિ થયા વિના નહિ રહે...

■ ■ ■

# 47

રાતોરાત વરસાદ વરસવાથી ઘરની અગાશી–Gallery વગેરે પાણીથી તર–બ–તર થઈ જાય એવું તો ગામલોકોએ અવારનવાર અનુભવ્યું હતું. પરંતુ એક સવારે ઊઠ્યા ત્યારે ગામ–લોકોને સર્વપ્રથમ વાર બહુ વરવો–વિચિત્ર અનુભવ થયો. હજુ રાત્રે તો કોઈના ઘરની દિવાલો અને બારીઓના કાચ પર કાંઈ ન હતું અને સવારે ઊઠીને જોયું તો દરેકનાં ઘરની દિવાલો પર તેમજ બારીઓના કાચ પર ડામરના મસમોટા ડાઘા હતા. કોઈને સમજાતું ન હતું કે એકાએક આ શું થયું? ગામનું એક પણ ઘર આ વિલક્ષણ ઉપદ્રવમાંથી બાકાત ન હતું.

કેટલાક મહેનતુ યુવાનોએ પીંજણમાં સમય વેડફવાના બદલે 'જાતમહેનત ઝીંદાબાદ'નો મન્ત્ર અપનાવી ડામરના ડાઘ કાઢવાની કોશિશ કરી. પરંતુ કમાલ! ડાઘ એવા સજ્જડ હતા કે કોઈનાથી એ દૂર થયા નહિ. આ બધી ગડમથલમાં બપોર થઈ ગઈ.

એવામાં ગામમાં કોઈ નવો કારીગર જાહેરાત કરતો આવ્યો કે "દિવાલના કે બારી–બારણાનાં કોઈ પણ પ્રકારના ડાઘ દૂર થઈ જાય એવું Chemical મારી પાસે છે. જેમને સેવાની જરૂર હોય એ જણાવે." ગામલોકોને તો જાણે કોઈ દેવદૂત આવ્યો હોય એવો આનંદ થયો. ગામલોકોએ ટપોટપ નામો નોંધાવ્યા. પેલા કારીગરે ત્રણ દિવસ રહી ગામના દરેક ઘરોને ડાઘમુક્ત–ચકચકિત કરી દીધા. કારીગરને ચિક્કાર કમાણી થઈ.

ત્યાંથી કારીગર નવા ગામમાં ગયો. તો ત્યાં પણ આગલી જ રાત્રે વિચિત્ર ચમત્કારરૂપે દરેકનાં ઘરની દિવાલો–બારીઓનાં કાચ ડામરથી લેપાયા હતા. કારીગરે ત્યાં પણ કસબ દર્શાવ્યો અને માતબર કમાણી કરી. બન્ને ગામોમાં એને થયેલ અણધારી કમાણીથી ખુશ થયેલ એક ગામજને એને અભિનંદન આપતા કહ્યું : ‘‘તમે ખરેખર ખૂબ નસીબદાર છો. એવાં ટાંકણે બન્ને ગામોમાં તમારું આગમન થયું કે ડામરના ડાઘની અણધારી ઘટનાઓ સર્જાઈ હતી અને એમાં તમને મબલખ કમાણી અચાનક થઈ ગઈ.’’

ત્યાં જ ઊભેલ અને બે–ચાર દિવસમાં જ કારીગરની કરમકુંડલી શોધી લાવનાર એક ચબરાક વ્યક્તિએ ખુલાસો કર્યો કે ‘‘આમાં કાંઈ જ યોગાનુયોગ નથી. હકીકત એ છે કે રાતોરાત ડામર લગાવી જનાર કંપની આની જ ભાગીદાર છે. એ ઘરે ઘરે ડાઘ કરી જાય અને આ ઘરેઘરેથી ડાઘ કાઢે! આ તો સ્પષ્ટપણે કાળું–ધોળું કરનારાની ભાગીદારી છે.’’

અભિનંદન આપનાર વ્યક્તિ તો થીજી જ ગઈ આ ખુલાસાથી...

✤ ✤ ✤

યાદ રાખજો કે આ સંસારમાં ભલે કાળું કરનાર અને ધોળું કરનાર બન્ને કમાય, સાચું અને ખોટું કહેનારા બન્ને લાભ પામે, સારું અને નરસું કરનારા ય લાભ ખાટી જાય એવું બને. પરંતુ કર્મસત્તાની Court માં આવું ક્યારેય થતું નથી. ત્યાં એક જ નિયમ છે કે કાળું કરે અર્થાત્ પાપ કરે–ગલત કરે એને લાભ ન જ થાય, સજા થાય. અને ધોળું કરે અર્થાત્ પુણ્ય કરે–શુભ કરે એને લાભ જ થાય, સજા ન થાય. ભૌતિક જગતમાં ભલે Black and white રકમ બધે જ ચાલી જાય, પરંતુ અધ્યાત્મ જગતમાં Black and white કૃત્યો ક્યાંય નહિ જ ચાલે એમ સમજી પાપકૃત્યથી વિરમી જજો...

■ ■ ■

મધ્યરાત્રિએ ચોરી કરવા નીકળેલ ચોર કોણ જાણે ક્યા અપશુકન લઈને નીકળ્યો હતો કે એ રાત્રે ચોરીનો કોઈ મેળ જ ન જામ્યો. એ શ્રીમંતની હવેલીમાં દાખલ થયો તો શ્રીમંત ખુદ મોડી રાત્રે જાગીને રૂપિયે રૂપિયાનો હિસાબ મેળવી રહ્યો હતો. એ ગણિકાનાં ઘરમાં છૂપી રીતે પ્રવેશ્યો તો ત્યાં ગણિકા મોડી રાત્રે એના ઘરાકને પૈસા ખાતર રીઝવી રહી હતી. ચોર જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં કાંઈ ને કાંઈ વિઘ્નો હાજર જ હતા. ચોરને પણ ઝનૂન ચડ્યું હતું કે આજે એકાદ ચોરી કર્યા વિના ખાલી હાથે તો ઘરે પરત નથી જ જવું.

બધેથી ખાલી હાથે નીકળી રહેલ ચોર આખરે એક નાના મંદિર જેવાં સ્થાને પહોંચ્યો. નસીબજોગે મંદિરનાં દ્વારે તાળું ન હતું. ચોર દ્વાર ખોલી અંદર પ્રવેશ્યો. મંદિર મહાદેવજીનું હતું. ત્યાં તો માત્ર શિવલિંગ હોય. એથી મુગટ–આંગી જેવા ચોરી શકાય તેવા કોઈ ઉપકરણો ન હતાં. બધેથી થાકેલ ચોરે ચોરીનાં ઝનૂનથી ચોતરફ જોવા માંડ્યું કે ક્યાં ય કશું પણ ચોરવા જેવું છે યા નહિ.

એકાએક એની નજર શિવલિંગ પરની પિત્તળની ઝારી પર ગઈ. એણે એ ચોરી લેવા હાથ લંબાવ્યો. પણ રે નસીબ ! ઝારી એનાથી અઢી–ત્રણ ફુટ વધુ ઊંચે હતી. બે–ચાર વાર કૂદકા લગાવ્યા પછી ય ઝારી હાથમાં ન આવતાં, ઝનૂને ચડેલ ચોર કાંઈ વિચાર્યા વિના શિવલિંગ પર પગ મૂકીને ચડી ગયો અને ઝારી ખોલીને ઉઠાવી લીધી.

પણ... આ શું? એ શિવલિંગ પરથી નીચે ઊતર્યો ત્યાં જ એકાએક ધડાકા સાથે શિવલિંગ ફાટ્યું, ધૂમાડાના ગોટેગોટા એમાંથી નીકળ્યા અને ત્રિશૂલ સાથે શંકર સાક્ષાત્ પ્રગટ્યા. ચોર થર–થર ધ્રૂજવા માંડ્યો કે ચોરીનો તો ગુનો છે જ. ઉપરાંત એથી ય મોટો ગુનો શિવલિંગ પર પગ મૂકવાનો છે. એ માફી માંગે એ પૂર્વે નવી નવાઈ બની. શિવજીનો અવાજ ગુંજી ઊઠ્યો. એમણે ચોરને કહ્યું : ''માંગ, માંગ, માંગે તે આપું. હું તારા પર ખુશ છું.''

ચોરની અક્કલ ચક્કર ખાઈ ગઈ કે આમ બને જ શી રીતે? એણે ડરતા ડરતા કહ્યું : ''પ્રભુ, કાંઈ સમજફેર નથી થતી ને? હું વરદાનનો હકદાર કઈ રીતે? મેં તો બહુ મોટી આશાતના કરી છે.'' શિવજીએ ખુલાસો કર્યો! ''સાંભળ વત્સ! વાત એમ છે કે આજ સુધી જેટલા લોકો આ મંદિરમાં આવ્યા એમણે મારા પર પાણી ચડાવ્યું–દૂધ ચડાવ્યું–બીલીપત્ર ચડાવ્યા. પરંતુ એક તું જ એવો વિરલો નીકળ્યો કે જે આખેઆખો મારા પર ચડી ગયો (સમર્પિત થઈ ગયો)!''

✤ ✤ ✤

આ કથા ભલે કાલ્પનિક છે. પરંતુ એમાંથી સાર ખૂબ વાસ્તવિક લઈ શકાય એમ છે. શિવજીને આપણે પરમ તત્ત્વનું–પરમાત્માનું પ્રતીક સમજીએ અને એમના શબ્દોને પરમાત્માની કરુણાનું વ્યક્ત સ્વરૂપ સમજીએ. શિવલિંગ પર ચડી જવું એ સ્પષ્ટતઃ આશાતના જ હતી. છતાં પરમ તત્વે 'ચડી જવું = સમર્પિત થઈ જવું' આવો Positive અભિગમ એ ઘટનાનો લીધો તે માત્ર ને માત્ર એમની પરમ કરુણાને આભારી હતો.

આ કાલ્પનિક કથાનો ઉપનય એ સમજાવે છે કે પરમાત્મા એવા અપાર કરુણાવંત છે જે આશાતના જેવી અઢળક ભૂલો આપણે કરતા હોવા છતાં ઉદારભાવે–કૃપાવંત બની માફ કરે છે. એટલું જ નહિ, કૃપાવર્ષા ય કરતા રહે છે. એટલે જ તો કહેવાયું છે એમના માટે કે **''ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઈ પાર નથી''**.

■ ■ ■

પરસ્પરના પડોશી કહી શકાય એટલા નિકટના પ્રદેશનાં બે વિશાલ રાજ્યો. એકમાં હિંદુ રાજાનું શાસન અને બીજામાં મુસ્લિમ બાદશાહનું. બન્ને રાજ્યો એક–બીજા સાથે સીધા ટકરાવમાં ન હતા. પરંતુ તક મળે યુદ્ધ કરીને પોતાનું સામ્રાજ્ય વિસ્તારવાની ખ્વાહિશ મુસ્લિમ બાદશાહમાં રમતી હોવાની ધારણા સહુને હતી.

એવામાં હિંદુ રાજા અચાનક અકાળે અવસાન પામ્યા. જુવાનજોધ રાજાના મૃત્યુની કોઈને કલ્પના સુદ્ધા ન હોવાથી એ રાજ્યની પ્રજાને જાણે વીજળી પડી હોય એવો આંચકો લાગ્યો. રાજરાણીએ અખૂટ ધૈર્યથી ધુરા સંભાળી લીધી. એણે પોતાના નવ વર્ષના બાળકુમારને રાજસિંહાસનારૂઢ કર્યો અને એને રાજ–કાજની તાલિમ પણ આપવા માંડી.

મુસ્લિમ બાદશાહને લાલચ પ્રગટી કે આ અવસર ઝડપી આક્રમણ કરાય તો એ રાજ્ય આસાનીથી જીતી શકાય. એ પહેલા બાળરાજાનું પાણી માપવા બાદશાહે બાળરાજાને પોતાનાં રાજ્યમાં શુભેચ્છામુલાકાતે આવવાનું આમન્ત્રણ પાઠવ્યું. ચતુર રાજમાતા આની પાછળનો આશય સમજી ગઈ. પરંતુ ના કહેવામાં ડરી ગયાની છાપ ઊપસે એવું સમજીને એણે બાળરાજાને મન્ત્રીમંડળ સાથે પાઠવવાનો નિર્ણય કર્યો.

પૂર્વતૈયારીરૂપે એ બાળકુમારને રોજ સમજાવતી કે બાદશાહ આવું પૂછે તો આવો ઉત્તર આપવાનો ઈત્યાદિ. બધું શાંતિથી

સાંભળ્યા બાદ અંતે બાળકુમારે સરસ પ્રશ્ન કર્યો કે ''મા ! તું જણાવે છે એ સિવાયનું જ કાંઈક બાદશાહ પૂછે તો તો મારે મારી બુદ્ધિથી જ ઉત્તર આપવાના ને?'' ''હા.''

''તો બસ, તું ઝાઝી ચિંતા ન કર. હું અવસર મુજબ મજબૂત ઉત્તર આપીશ.'' બાળરાજાએ કહ્યું. બાળરાજાના આત્મવિશ્વાસથી માતા ખુશ થઈ ગઈ.

યથાસમયે બાળરાજા રસાલા સાથે બાદશાહના દરબારમાં પહોંચ્યા. ત્યાં પહેલી જ ઘટના સાવ અણધારી સર્જાઈ. બાદશાહે બાળરાજાના બન્ને હાથ પકડી લેતા પૂછ્યું : ''અત્યારે તમારા બન્ને હાથ મેં પકડી લીધા છે. બોલો, તમે હવે શું કરશો?'' દેખીતી રીતે જ આ પાણી માપવાનો પ્રશ્ન હતો. મન્ત્રીઓ ચોંકી ગયા કે આ અણધારી વિચિત્ર ઘટનાનો પ્રતિભાવ બાળરાજા બરાબર આપી શકશે ખરા?

પણ... નિશ્ચિંત બાળરાજાએ બાદશાહને લા–જવાબ જવાબ આપ્યો કે ''બાદશાહ! તમે હિંદુ સંસ્કૃતિથી પરિચિત નથી. માટે આવો પ્રશ્ન કર્યો. અમારી હિંદુ સંસ્કૃતિમાં સ્ત્રીનો ફક્ત એક હાથ પુરુષ પકડે છે તો આજીવન એની તમામ જવાબદારી પુરુષ સ્વીકારે છે. આપે મારા એક નહિ, બે હાથ પકડ્યા છે. એથી મારી અને મારાં રાજ્યની, બે ય ની સુરક્ષાની જવાબદારી આપે આજીવન સ્વીકારી ગણાય. હવે મારે કાંઈ કરવાનું જ ક્યાંથી રહે?''

બાદશાહ નિસ્તેજ થઈ ગયો. એને સમજાઈ ગયું કે બાળરાજા ભરપૂર પાણીદાર છે...

✤ ✤ ✤

આ રમૂજ કથાના બાળરાજાની જેમ આપણે પણ કહીએ પરમાત્માને કે ''ભગવંત! અમે પણ પ્રાર્થનારૂપે જોડેલ બે ય હાથ આપને સમર્પિત કર્યા છે. એથી અમારી બાહ્ય–અભ્યંતર તમામ જવાબદારી આપ જ વહન કરશો એમાં અમને લેશમાત્ર સંશય નથી. અમે એટલે જ નિશ્ચિંતભાવે ગાઈએ છીએ આ પંક્તિ કે **''માથે તું બેઠો છે દાદા, પછી ફિકર મને શા માટે?''**

■ ■ ■

Mister મફતલાલને સંપત્તિ તો અઢળક પ્રાપ્ત થઈ હતી. પરંતુ એ સંપત્તિનો તેઓ ન તો પરિવાર માટે ઉપયોગ કરી શકતા હતા, ન તો સમાજ માટે–સેવાકાર્ય માટે–ધર્મકાર્ય માટે ઉપયોગ કરી શકતા હતા. એ સંપત્તિનો સંગ્રહ કરી જાણવામાં જ માનતા હતા, વપરાશમાં–દાનમાં નહિ. એમાં ય પરિવાર માટે તો હજુ થોડું વાપરે, પરંતુ કોઈને સહાયક થવામાં કે ધર્મકાર્યમાં એ ફૂટી કોડી ય ન વાપરે!

જૈન શાસ્ત્ર મુજબ એનું કારણ મફતલાલનું અંતરાયકર્મ હતું. એમને લાભાંતરાયકર્મનો ક્ષયોપશમ હોવાથી સંપત્તિ વિપુલ પ્રમાણમાં મળી હતી. પરંતુ ભોગાંતરાયકર્મ અને દાનાંતરાયકર્મનો તીવ્ર ઉદય હોવાથી સ્વજનો માટે યા સેવા/ધર્મ માટે સંપત્તિ વાપરી શકતા ન હતા. સામાન્ય જનતાને કર્મની આવી ઊંડી બાબતોની ખબર ન હોય. એથી આસપાસના લોકો સંપત્તિ પકડી રાખવા માટે એમના સ્વભાવને જવાબદાર ઠેરવતા. લોકોએ મજાક અને તુચ્છકારરૂપે એમનું નામ રાખ્યું 'મફતલાલ મહાકંજૂસ.' જેવાં વર્તન હોય, એવાં જ વખાણ થાય ને ભલા?

મફતલાલને આ અપકીર્તિ ગમતી ન હતી. સાથોસાથ કર્મોદય ગણો કે સ્વભાવ, પૈસો પણ છૂટતો ન હતો. એમાં મફતલાલે કીર્તિ કમાવવા એમના ફલદ્રૂપ ભેજામાંથી નવો નુસખો શોધી કાઢ્યો. એ મુજબ એમણે પોતાનું Will (વસિયતનામું) બનાવ્યું અને એનો પ્રચાર લોકોમાં થાય એવી વ્યવસ્થા ય ગોઠવી. એમાં સૌથી વધુ

લોકોમાં Willની એક કલમ માટે થઈ. એમાં લખ્યું હતું કે ''મારી Officeના જે કર્મચારીઓએ સળંગ ત્રણ વર્ષ Service કરી હોય તે તમામને પાંચ-પાંચ લાખ રૂપિયાની બક્ષિસ આપવી!''

લોકો આ વાંચીને-સાંભળીને ચક્કર ખાઈ ગયા. મફતલાલ જેવો મહાકંજૂસ અને પાંચ પાંચ લાખ રૂપિયાની બક્ષિસ ! કેટલાકને લાગ્યું કે મફતલાલ છેલ્લી ઉંમરે સુધરી ગયા. તો જ આ ઉદારતા આવે. કેટલાકને લાગ્યું કે આ Willની કલમમાં ગરબડ છે. એકના બદલે બીજું છપાઈ ગયું લાગે છે. બાકી આનામાં આવું પરિવર્તન સંભવિત નથી. મોટા ભાગના લોકોની માન્યતા એ હતી કે ''न भूतो न भविष्यति'' જેવી આ વાત છે. મફતલાલ જેવા મહાકંજૂસ આટલી બક્ષિસ આપી શકે જ નહિ.

એવામાં એક જાણભેદુ આનું રહસ્ય શોધી લાવ્યો. ગામજનોને ભેગા કરી પાકા News આપતા એણે કહ્યું : ''આ તો કાણો પૈસો ય આપ્યા વિના જશ રળી લેવાનો તાયફો છે. હકીકત એ છે કે એની Officeમાં એક પણ કર્મચારી સળંગ ત્રણ વર્ષ ટક્યો જ નથી. એથી એકને પણ આ પાંચ લાખની બક્ષિસ મળવાની નથી!''

મહાકંજૂસ મફતલાલના આ Master Plan થી ગામજનો દંગ રહી ગયા...

✤ ✤ ✤

આ રમૂજી દૃષ્ટાંત બે સાર સમજાવી જાય છે : (૧) પિસાયા વિના જેમ મહેંદીનો લાલ રંગ બરાબર જામતો નથી, તેમ સેવા-આત્મભોગ વિના યશ-કીર્તિનો રંગ સમાજમાં જામતો નથી. કદાચ કોઈ છેતરામણા નુસખાથી ભોગ આપ્યા વિના અનધિકૃતપણે કીર્તિની કમાણી કરી લેવાઈ હોય તો એ પરપોટાની જેમ ફૂટી જતા વાર નથી લાગતી : જેમ મફતલાલની કીર્તિનો પરપોટો ફૂટી ગયો એમ. (૨) મમત્વ-આસક્તિવશ સંપત્તિનો સંગ્રહ ચાહે તેટલો કરો તો ય એમાંનો એક રૂપિયો ય પરલોકમાં સાથે નહિ આવે. માટે દાનમાં વિનિયોગ જ એનો શ્રેષ્ઠ વિકલ્પ છે...

■ ■ ■

ગંગાના કિનારે વહેલી સવારે ટહેલી રહેલ વિજયભાઈને સામેથી આવતી એક વ્યક્તિએ પૂછ્યું : ‘‘મારું નામ અજયભાઈ છે. તમારું નામ?’’ ‘‘વિજયભાઈ.’’ ‘‘સરસ. મારાં અને તમારાં નામમાં મજાનો પ્રાસ છે. મને લાગે છે કે તમે આ ગંગાના તટ તરફ પહેલી જ વાર આવ્યા હશો.’’ અજયે કહ્યું. અજય પાસે, વ્યક્તિની આસપાસ જોવા વગેરે પ્રવૃત્તિ પરથી, તારણ કાઢી લેવાની અને વ્યક્તિને પલવારમાં માપી લેવાની GodGift જેવી સહજ આવડત હતી. વિજયે સ્વીકાર્યું કે એ પહેલી જ વાર ગંગાના તટે આવ્યો છે.

અજયે આ વાત પકડી લઈ વાતનો દોર લંબાવ્યો : ‘‘અચ્છા, જો તમે પહેલી જ વાર ગંગાતટે આવ્યા હો તો તમારે ગંગાનદીમાં સ્નાન કરી જીવનનાં બધાં પાપોનું પ્રક્ષાલન કરી જ લેવું જોઈએ. તમે જાણતા જ હશો કે ગંગામૈયા તો પતિતપાવની ગણાય છે. અરે! હું માનું છું ત્યાં સુધી તમે ખુદ પણ ગંગાસ્નાનનાં અરમાન ધરાવતા હશો.’’

‘‘હા, અર્ધા કલાકથી આ તટ પર હું ટહેલી રહ્યો છું. મને વારંવાર ગંગાનદીમાં ડૂબકી લગાવી પાપો ધોવાની ઈચ્છા થયા કરે છે. પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે મને તરતા જરા ય આવડતું નથી. ડૂબકી લગાવતા ડૂબી જઉં તો પાપો ધોવાવાના બદલે જાનથી હાથ ધોવાઈ જાય’’. વિજયે સ્પષ્ટતા કરી.

અજયે હિંમત આપતા કહ્યું : ‘‘અરે ! ઝુકાવી દો એક વાર આ પતિતપાવની ગંગામાં. બધાં પાપો દૂર થઈ જ જશે. રહી વાત ડૂબી

જવાના ભયની. તો તમને જણાવી દઉં કે હું પોતે નિષ્ણાત તરવૈયો છું. તમને જરા ય તકલીફ જણાશે તો હું વળતી જ પળે ઝંપલાવી તમને બાલ બાલ બચાવી લઈશ. અને... હા, એક અજાણી વ્યક્તિ તરીકે મારા પર તમને વિશ્વાસ ન બેસતો હોય તો આ સામેના સરકારી બોર્ડ Board પરની જાહેરાત વાંચી લો. પછી તમને અંશ પણ અવિશ્વાસ નહિ રહે.''

વિજયે Board તરફ નજર કરી. એમાં લખ્યું હતું કે ''ગંગાના પ્રવાહમાં ડૂબતી વ્યક્તિને જે બચાવશે એને સરકાર તરફથી રૂા. ૨000 ઈનામરૂપે અપાશે.'' વિજયને હવે વિશ્વાસ બંધાઈ ગયો. એણે પાપોનાં પ્રક્ષાલનની લાલચમાં ગંગામાં ઝંપલાવ્યું. એની ધારણા કરતાં ગંગાનું ઊંડાણ વધુ નીકળ્યું. વિજય ડૂબવા માંડ્યો. કુદરતના ક્રમ મુજબ ડૂબતો માણસ પણ ત્રણ વાર સપાટી પર આવે. બે વાર સપાટી પર આવેલ વિજયે કિનારે રહેલ અજયને કાકલૂદી કરી : ''અલ્યા, જલ્દી બચાવ. હું મરી રહ્યો છું.'' તો ય અજયનાં પેટનું પાણી ન હાલ્યું. ત્રીજી વાર વિજય સપાટી પર આવ્યો ત્યારે અજયે પરખાવ્યું : ''મૂર્ખ તું છે. એટલે જ તેં ઝાઝી તપાસ ન કરી. જે સરકારી બોર્ડ તેં વાંચ્યું એની Back-side માં સૂચના છે કે ''ગંગાના પ્રવાહમાંથી જે વ્યક્તિ મૃતદેહ કાઢશે એને સરકાર તરફથી રૂા. ૫000 ઈનામરૂપે અપાશે, સમજ્યો ?''

✤ ✤ ✤

આ દૃષ્ટાંત સ્વાર્થાંધ વ્યક્તિઓની કાતિલ સ્વાર્થી વૃત્તિને તો ઉજાગર કરનારું છે જ. આ ઉપરાંત પણ એમાંથી અલગ અલગ સાર તારવી શકાય તેમ છે : (૧) અજાણી વ્યક્તિ અને અજાણી નદી : બે પર જલ્દી ભરોસો ન મૂકવો. જે વ્યક્તિ વિચાર્યા વિના અજાણ્યા પર વિશ્વાસ મૂકે છે એને ક્યારેક કાયમ માટે શ્વાસ ખોવાનો વારો આવે છે : જેમ ઉપરોક્ત દૃષ્ટાંતના વિજયે કાયમી શ્વાસ ખોયા એમ. (૨) જે વ્યક્તિ બહુ વાચાળ–વાક્પટુ હોય એનાં દર્શાવેલ કારણ Genuine લાગતા હોય તો ય એના પર તુર્ત વિશ્વાસ ન કરતા સ્વતંત્ર વિચારણા–ચકાસણી કરવી. નહિ તો એ જ કારણ મોતનું કારણ બની શકે : જેમ સરકારી સૂચના Board વિજયના મોતનું કારણ બન્યું એમ (૩) અને... સૌથી મોટો સાર એ કે (ગંગાનાં) પાણીમાં ડૂબવાથી નહિ, પશ્ચાત્તાપમાં ડૂબવાથી જ પાપો નષ્ટ થાય છે!

■ ■ ■

મહારાષ્ટ્રના પ્રસિદ્ધ સંત એકનાથજી. એ ભક્તિપ્રધાન અને ખૂબ વિનમ્ર હતા. જો કે, એનો અર્થ એ ન હતો કે તેઓ જ્ઞાની ન હતા. એમના ભક્તિપ્રધાન ઉપદેશથી વિશાલ વર્ગ એમનો અનુયાયી બન્યો હતો. વાસ્તવિકતા ખરી એ હતી કે તેઓ જ્ઞાનને પચાવી ચૂક્યા હતા. એથી તેઓમાં વિનમ્રતા પાંગરી હતી.

એક દિવસ એમના નાનકડા ગામમાં એક મોટા વિદ્વાન પંડિત આવ્યા. પંડિત જેવા જ્ઞાની હતા, એવા જ અહંકારી હતા. સંસ્કૃતમાં એક ઉક્તિ છે કે 'ज्ञानाजीर्णमहङ्कृतिः.' મતલબ કે જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી અહંકાર જામતો જાય તો સમજવું કે જ્ઞાન પચ્યું નથી. ગામમાં આવેલ પરદેશી પંડિત જ્ઞાનના અપચાનું સાકાર સ્વરૂપ હતા. એમણે ગામમાં ઢંઢેરો બજાવ્યો કે ''આ ગામમાં કોઈ પણ વ્યક્તિ વિદ્વાન–પંડિત હોય તો મારી સાથે ચર્ચાનો પડકાર ઝીલે. હું એની સાથે કોઈ પણ વિષયમાં ચર્ચા કરી વિજયની વરમાળા વરીશ. જો કોઈ પડકાર ઝીલવા તૈયાર ન થાય તો 'હું અજેય છું' એવો પ્રશસ્તિલેખ ગામ તરફથી મને લખી અપાય.''

ગામજનો માટે આ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો. બહારથી કોઈ આવીને પૂરા ગામને પરાજિત ઠેરવતો પત્ર લઈ જાય એ કેમ થવા દેવાય? સાથે સમસ્યા એ હતી કે ગામનો કોઈ પંડિત પેલા દિગ્ગજ વિદ્વાનને ટક્કર આપી શકે તેમ ન હતો. સહુનાં હોઠે ને હૈયે એક જ નામ આવ્યું : સંત એકનાથ. સહુએ સાથે મળી ગામની ઈજ્જત રાખવા સંત એકનાથને મેદાનમાં ઉતરવા વિનંતિ કરી. પણ આ

તો સાચા સંત હતા. નિરભિમાની વિનમ્ર. એમણે ગામજનોને સમજાવ્યા : ''આ રીતે હાર–જીત માટે વાદ–વિવાદ ન શોભે. વાદ સત્ય સમજવા માટે હોય. એ પંડિત રાજી થતા હોય તો એક પત્ર લખી આપો ને ? શો ફર્ક પડે છે આપણને ?''

પણ... ગામજનો કાંઈ એકનાથ જેવા ઉદારદિલ ન હતા. એ તો અંતે આગ્રહ–દબાવ પર ઉતરી આવ્યા અને 'યેન કેન પ્રકારેણ' સંતને પડકાર ઝીલવા એમણે મજબૂર કર્યા જ. નિયત દિવસે વાદ યોજાયો. પેલા પંડિત મહાશય Over Confidence માં હતા, તો તમામ ગામજનો એકનાથ વિજેતા બને એ પ્રાર્થના સાથે જમા હતા.

વાદના પ્રારંભે એકનાથ બોલ્યા : ''કોઈ પણ વિષય પર હું જે મંડન કરું તેનું તમારે ખંડન કરવું. જો ખંડન કરી શકો તો તમે જીત્યા ને ન કરી શકો તો હું જીત્યો, બરાબર ?'' ગર્વિષ્ઠ પંડિતે કહ્યું : ''બિલકુલ બરાબર.'' સંત એકનાથે બુલંદ અવાજે કહ્યું : ''સાંભળો સભાજનો! આ પંડિત પરમ વિદ્વાન છે, અનેક શાસ્ત્રોના જાણકાર છે; એમના માતા–પિતા ખાનદાન છે. આ મારું મંડન છે. હવે હું આહ્‌વાન કરું છું કે તેઓ એનું ખંડન કરી બતાવે.''

પેલા પંડિત બરફની જેમ થીજી જ ગયા. એમને ખ્યાલ આવી ગયો કે ઢંઢેરામાં અને વાદની શરતમાં 'કોઈ પણ વિષય' શબ્દો રાખવાથી હું ફસાઈ ગયો છું! તો ગામજનો સંત એકનાથની કોઠાસુઝ પર ઓવારી ગયા. પેલા અભિમાની પંડિતને વીલે મુખે હાર સ્વીકારીને ચાલતી પકડવી પડી...

✤ ✤ ✤

અઢાર પાપસ્થાનકમાં સાતમા ક્રમે છે માન, તો નવપદજીમાં સાતમા ક્રમે છે જ્ઞાન. માન અને જ્ઞાન વચ્ચે માત્ર સમાન ક્રમનો કે અનુપ્રાસનો જ સંબંધ નથી, એથી ય વિશેષ સંબંધ છે. જ્ઞાન સૂર્ય સમું તેજસ્વી છે અને માન પડછાયા જેવું તકલાદી. સૂર્ય મધ્યાકાશે આવે ત્યારે પડછાયો સંપૂર્ણ નાબૂદ થઈ જાય, તેમ જ્ઞાન પૂર્ણ સ્વરૂપે વિકસે ત્યારે માનનો પડછાયો સદંતર નાબૂદ થઈ જાય. તો ય અફસોસ એ છે કે આ પંડિત જેવી વ્યક્તિઓ એ જ્ઞાનને જ માનનું કારણ બનાવી દે છે! આપણું સ્થાન આ પંડિતની પંગતમાં ન આવે એટલી કાળજી આપણે રાખીએ...

■ ■ ■

# ૩

પંજાબકેશરીરૂપે પંકાયેલ મહારાજા રણજિતસિંહ એક જ એવા શૂરવીર રાજવી હતા કે જેઓ દેશભરમાં વ્યાપેલ અંગ્રેજ સલ્તનત સામે અડીખમ–મજબૂત ઊભા હતા. અંગ્રેજોએ એમને નમાવવાની–હરાવવાની હજાર તરકીબ અજમાવી જોઈ. પરંતુ વિચક્ષણ રાજવી રણજિતસિંહની સતત સાવધાનીનાં કારણે અંગ્રેજોની કોઈ તરકીબ સફલ થતી ન હતી. આ ઉપરાંત બીજું એક મહત્ત્વનું પરિબળ હતું રણજિતસિંહની લોકપ્રિયતા. રાજ્યના અધિકારીઓથી લઈને સામાન્ય પ્રજા સુધી તેઓની લોકપ્રિયતા ગજબનાક હતી. આથી પ્રજામાં અસંતોષ ફેલાવવાની કે અધિકારીઓમાં બળવો કરાવવાની શક્યતા અંગ્રેજો દ્વારા શક્ય બનતી ન હતી.

એક વાર અંગ્રેજ સલ્તનતના Governor General સાથે વાટાઘાટ માટે મહારાજાના મન્ત્રીને જવાનું બન્યું. મન્ત્રી મુસ્લિમ હતા. નામ એમનું ફકીર અઝીઝુદ્દીન. એ ભલે મુસ્લિમ હતા. છતાં મહારાજા તરફનો એમનો આદર અને વિશ્વાસ ભરપૂર હતો. અંગ્રેજ Governorએ જાણ્યું હતું કે મહારાજાને એક આંખ ન હતી, એ કાણા હતા. ચર્ચા દરમ્યાન વાત–વાતમાં Governorએ આ વાત ઉચ્ચારી. આમ તો રાજદ્વારી ચર્ચામાં, મહારાજા કાણા છે કે નહિ એ વાત બિનજરૂરી હતી. પરંતુ ઉસ્તાદ Governor આવી વાતો દ્વારા એ ક્યાસ કાઢવા ચાહતા હતા કે અધિકારીઓનાં દિલમાં મહારાજા પ્રત્યે કેવો સદ્ભાવ યા દુર્ભાવ છે. એના આધાર

પર અધિકારીનો ઉપયોગ રાજ્યવિરુદ્ધ થઇ શકે કે કેમ એનો અંદાજ એ બાંધવા ચાહતા હતા.

Governorએ અઝીઝુદ્દીનને પૂછ્યું : ‘‘સાંભળ્યું છે કે તમારા મહારાજા કાણા છે. તો તેઓ કઈ આંખે કાણા છે?’’ ચતુર અઝીઝુદ્દીન આ ભોળાભાવના જણાતા પ્રશ્ન પાછળનું હાર્દ પામી ગયા. એમણે Governorની ધારણા ન હોય એવો અફલાતૂન ઉત્તર આપ્યો કે ‘‘અમારા મહારાજાનું મુખ સૂર્યની જેમ એવું તેજસ્વી છે કે હું ક્યારે ય એમની સામે આંખ માંડીને જોઈ શક્યો જ નથી. એથી મને એમની આંખ વિશે કાંઈ ખબર નથી !’’

Governor General તાજુબ થઈ ગયા મન્ત્રીના આ સીફતભર્યા ઉત્તરથી. એમને સમજાઈ ગયું કે આવા વફાદાર–વિશ્વાસુ અધિકારીઓને ફોડવા–ઉશ્કેરવા કોઈ રીતે શક્ય નથી...

✤ ✤ ✤

એક દુન્યવી શાસકના ઉપકારમંડિત અને ગુણવત્તાસભર વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને એક બુદ્ધિમાન્ વ્યક્તિ જો આ હદે અહોભાવિત અને વફાદાર રહી શકે, તો આપણા પર અજોડ ઉપકારવર્ષા કરનાર અને અદ્ભુત ગુણવત્તાથી મંડિત જૈન શાસન વિશે આપણો અહોભાવ અને વફાદારી કેવી ઉત્કૃષ્ટ–સર્વોચ્ચ હોવી જોઈએ? આ એ જૈન શાસન છે કે જેણે આપણને અનાદિનિગોદમાંથી ઉઠાવી વ્યવહારરાશિમાં લાવવાનો અશક્ય જેવો અદ્ભુત ઉપકાર કર્યો છે, તો સ્થાવરપણામાંથી ત્રસપણું–એમાં માનવજન્મ–જૈન કુલ–સમ્યક્ સમજ–યશાશક્ય રત્નત્રયીની આરાધના આદિ ઉત્તરોત્તર ઉત્તમ ઉપકારો કર્યા છે અને ભાવિમાં ય મોક્ષપ્રાપ્તિ સુધીના ઉપકારો આ શાસન કરવાનું છે. એની ગુણવત્તા એવી અજોડ છે કે એને ‘प्रधानं सर्वधर्माणाम्’ બિરુદ અપાયું છે. કોઈ નિમિત્ત આપે તો ય આ જૈન શાસન માટે ઘસાતું તો ન જ બોલાય, બલ્કે એવી અહોભાવમંડિત પ્રસ્તુતિ કરાય કે ઘસાતું નિમિત્ત આપનારનાં દિલમાં ય ‘नमोऽस्तु तस्मै तव शासनाय’ નો ભાવ પ્રગટે.

■ ■ ■

અમેરિકાના વિખ્યાત ઉદ્યોગપતિ જહોન ડી. રોકફેલર. એમની શ્રીમંતાઈ દુનિયાને આંજી દેતી હતી, તો એમની ઉદારતા દુનિયાને પ્રભાવિત કરી દેતી હતી. ઘણા નવા નવા Businessman રોકફેલરની વ્યાપાર પદ્ધતિની Study કરતા હતા, તો કેટલી ય સેવાકીય સંસ્થાઓ એમનો સંપર્ક કરવા ઈચ્છુક હતી.

એક વાર કોઈ Schoolનો પ્રયાસ સફલ થઈ ગયો અને રોકફેલર Schoolની મુલાકાતે આવે એમ નક્કી થઈ ગયું. મુલાકાતના પૂર્વદિવસોમાં Schoolમાં સ્વાગતતૈયારી–સજાવટ વગેરે થયાં, તો મુલાકાતદિને સમગ્ર School Management ત્યાં ઉપસ્થિત થઈ ગયું. Schoolની વિશેષતાઓ દર્શાવવા Principal–શિક્ષકો ઉત્સુક હતા. વિદ્યાર્થીઓને એમણે અગાઉથી જ તોફાન–મસ્તી ન કરવાની ને સભ્ય રીતભાત દાખવવાની સૂચના આપી દીધી હતી.

યથાસમયે રોકફેલરનું આગમન થતાં સ્વાગતનો નાનકડો સમારોહ–બહુમાન વગેરે કાર્યક્રમો સુવ્યવસ્થિત થયા. હવે Schoolમાં અભ્યાસની પદ્ધતિ–બાળકોની પ્રતિભા–આવડત વગેરે મહેમાનને દર્શાવવાના હતા. હોદ્દેદારો–Principal વગેરે રોકફેલરને લઈ એક વર્ગમાં આવ્યા. ત્યાં ઘણા બાળકોનું શિક્ષણકાર્ય ચાલતું હતું. Principalએ એક હોંશિયાર વિદ્યાર્થીને કહ્યું : Black Board પર તું સારા અક્ષરે કોઈ પણ બે લીટી લખી બતાવ. મહેમાનને ખ્યાલ આવે કે અહીં વિદ્યાર્થીઓના અક્ષર સારા

હોય તે માટે ય કેટલું ધ્યાન અપાય છે.'' અન્ય વિદ્યાર્થીઓને લાગ્યું કે એ બાળકની પસંદગી એકદમ યોગ્ય છે. કેમ કે એ બાળકના અક્ષર સરસ મરોડદાર હતા. ઉપરાંત એ હોંશિયાર–ચતુર પણ હતો.

એ બાળકે ઉભા થઈ મરોડદાર સરસ અક્ષરે કોઈની પણ કલ્પના ન હોય તેવું લખાણ કર્યું કે ''આજે આ Schoolની મુલાકાત લઈને હું ખૂબ ખુશ થયો છું. અહીંનું સુંદર શિક્ષણ જોઈ હું આ Schoolને દશહજાર Dollarનું દાન આપું છું. લિ. John D. Rockfeler.'' હોદ્દેદારો–Principal–શિક્ષકો સહુ સ્તબ્ધ થઈ ગયા કે બાળકે આ શું લખ્યું? મહેમાનને આ વધુ પડતું શાણપણ નહિ ગમે તો ભારે થઈ જશે !

સહુની ધાસ્તી વચ્ચે ઊભા થઈને રોકફેલરે મજાનો પ્રતિભાવ આપ્યો કે ''આ હિંમતવાન બાળકે પોતાની માતૃસંસ્થાને લાભ કરાવવા જે સાહસ કર્યું છે એ કાબિલેદાદ છે. એણે સરસ અક્ષરો ઉપરાંત હિંમતનાં અને School પ્રત્યેની એની શુભ ભાવનાનાં ય દર્શન કરાવ્યા છે. હું એનાં લખાણને સવાયું સત્ય ઠેરવી દશ નહિ, અગિયાર હજાર Dollarનું દાન આ સ્કૂલને આપું છું!''

ચોમેર તાળીઓનો ગડગડાટ થયો અને પેલો બાળક ખરેખર Hero પુરવાર થયો...

✤ ✤ ✤

હૃદયને સ્પર્શી જાય તેવી આ ઘટના એક નહિ, ત્રણ ત્રણ સાર આપે છે : (૧) જેનો આપણા પર ઉપકાર હોય એના માટે જે કાંઈ ઉત્તમ–શ્રેષ્ઠ કરી શકાય તે કરવું જોઈએ : પછી ભલે એ ઉપકારી વ્યક્તિ હોય કે સંસ્થા હોય. આ ભાવને કૃતજ્ઞતા કહેવાય છે જેનો મહિમા જૈન શાસનમાં ખૂબ છે. (૨) મોટી સફલતા મેળવવા પરિસ્થિતિનો ક્યાસ કાઢીને સાહસ અવશ્ય કરવું જોઈએ. સફલતા તો જ મળે. એટલે જ કહેવાયું છે કે साहसे वसति सिद्धिः (૩) જો શક્તિ હોય તો અણધારી પરિસ્થિતિમાં ય ઉદાર અભિગમ એવો દાખવવો જોઈએ કે જે પોતાને ગૌરવ બક્ષે અને અન્યોને લાભ કરાવે.

■ ■ ■

હતા એ એક નામાંકિત વકીલ. બુદ્ધિ એમની એવી કુશાગ્ર હતી કે ભલભલા અઘરા-નબળા Caseમાં એ પલ્લું પોતાની તરફ ઝુકાવી દે. એક તરફ પુણ્યનો ઉદય હતો. એથી સફલતા અને નામના ભરપૂર મળતી હતી, તો બીજી તરફ તીક્ષ્ણ બુદ્ધિ સાથે એ પુરુષાર્થ પણ તીવ્ર કરતા હતા. પોતાનો પક્ષ પ્રબળ મજબુતાઈથી રજૂ કરવા તેઓ સામા પક્ષની દલીલો શું હોઈ શકે એની ય નોંધ કરે અને પોતાના પક્ષે કેવી દલીલો કરવાની છે એની પણ તેઓ નોંધ કરે. આ રીતે બન્ને બાજુનો તલસ્પર્શી અભ્યાસ કરીને તેઓ Courtના મેદાન-એ-જંગમાં બુદ્ધિની બંદૂકમાંથી દલીલોની ગોળીઓની ધાણીફૂટ રમઝટ મચાવે.

પણ... એક વાર ભારે થઈ ગઈ. ઘણા બધા Caseના કાર્યભારની વ્યસ્તતા હો કે ભવિતવ્યતા હો : Courtમાં એમણે મોટો છબરડો વાળી દીધો. અભ્યાસ માટે પૂર્વપક્ષની જે દલીલોની સંભાવના એમણે વિચારી હતી એ જ દલીલો Courtમાં તેઓ ખુદ ધસમસાટ કરવા માંડ્યા. એવી ગેરસમજથી કે આ દલીલો મારા પક્ષની છે. એમના સાથી વકીલ આશ્ચર્યચકિત થઈ ગયા કે કોઈ દિવસ નહિ ને આજે આટલી મોટી ગરબડ કેમ થઈ રહી છે. એમણે બે-ત્રણ વાર ઈશારો કરી પેલા મુખ્ય વકીલનું ધ્યાન ખેંચવાનો પ્રયાસ કર્યો. પરંતુ એ વકીલને ભૂલ થઈ રહ્યાનો અણસાર સુદ્ધા ન હતો. એ તો ધાણીફુટ દલીલો કરતા જ રહ્યા.

લંચ સમયે સહુ Court બહાર આવ્યા ત્યારે સાથી વકીલે ધ્યાન દોર્યું : ‘‘આપ જે દલીલો કરી રહ્યા હતા તે બધી સામા પક્ષને જિતાડે તેવી હતી. આજે તમે બહુ મોટી ક્ષતિ કરી દીધી છે.’’ મુખ્ય વકીલને હવે ખ્યાલ આવ્યો કે પોતે ક્યાં ચૂકી ગયા છે. પણ એમનો આત્મવિશ્વાસ બુલંદ હતો. જીવનની પહેલી મોટી ભૂલ છતાં જરા ય નાસીપાસ થયા વિના એમણે કહ્યું : ‘‘કાંઈ વાંધો નહિ. હવે શું થાય છે એ જોજો.’’ પછી એમણે ઝડપથી પોતાની દલીલોની Fileનું પુનઃ નિરીક્ષણ કરી લીધું.

Lunch પછી Court શરૂ થઈ ત્યારે મુખ્ય વકીલે શરૂ કર્યું કે ‘‘સવારે મેં જે રજૂઆત કરી એ પૂર્વપક્ષની હતી. હવે એનો ઉત્તરપક્ષ અર્થાત્ એ દલીલોને તોડી નાખતી પ્રતિદલીલો શરૂ કરું છું.’’ એ પછી પાંચ કલાક સતત પ્રભાવશાળી રજૂઆતો કરી એમણે પોતાની જ જૂની દલીલોને એવી આબાદ તોડી બતાવી કે Judge પ્રભાવિત થઈ ગયા. ચુકાદો આવ્યો ત્યારે ચિત્ર એ સર્જાયું કે આ મુખ્ય વકીલ એ Case પણ આબાદ જીતી ગયા...

✤ ✤ ✤

આ રમૂજી દૃષ્ટાંત એ સમજાવી જાય છે કે બુદ્ધિ એવું ધારદાર પરિબળ છે જે ઉપરોક્ત જેવા આટાપાટા પણ આબાદ રમી જાણે છે, તો અનેક ગૂઢ રહસ્યો પણ આરપાર ભેદી જાણે છે. પણ... સબૂર ! બુદ્ધિ ધારદાર તલવાર જેવી છે. તલવારનો ઉપયોગ યોગ્યપણે થાય તો એ સ્વ–પરની સુરક્ષાનું કારણ બને. પણ જો એનો ઉપયોગ યોગ્યપણે ન થાય તો એ જાતનો ઘાત સુદ્ધા કરી દે. બુદ્ધિ માટે ય આ જ વાત લાગુ પડે છે. બુદ્ધિનો કોઈ દુરુપયોગ ન થાય, બલ્કે માત્ર સદુપયોગ થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરીએ કે ‘‘પ્રભુ ! બુદ્ધિ ઓછી તીવ્ર હશે તો મને હજુ ચાલશે, પરંતુ એ જો સદ્બુદ્ધિ નહિ હોય તો નહિ ચાલે. મને આપ સદ્બુદ્ધિનું વરદાન આપો...’’

■ ■ ■

નાનકડા ગામમાં ગામઠી શિક્ષણશાળા ચાલે. એક જ શિક્ષક પૂરો દિવસ બાળકોને ભણાવે. વિષયો પણ શિક્ષકના મુનસૂફી પર ભણાવાય, તો અભ્યાસ પણ શિક્ષકની મુનસૂફી પર થાય. ક્યારેક ભણાવે, તો ક્યારેક શ્રમ કરવામાં–કામકાજ કરવામાં એ બાળકોને જોડી દે. ટૂંકમાં, ગામડાની એ શાળામાં બધું જ શિક્ષકનાં મન પ્રમાણે ચાલે. શિક્ષક એ જ સર્વોપરિ. એમાં વળી આ શિક્ષક થોડા લાલચુ ય ખરા. બાળકો ધીમે ધીમે આ સ્થિતિ પૂરી સમજી ગયા હતા.

એક દિવસની વાત. અજય નામે બાળક શાળા શરૂ થઈ ગયા બાદ થોડો મોડો પ્રવેશ્યો. શિક્ષકને જાણે આજે શિસ્તનું શૂરાતન ચડ્યું. એ જોરથી ચિલ્લાયા : ‘‘આ કાંઈ ઘર છે કે ગમે ત્યારે અવાય? ખબરદાર જો આવી ગેરશિસ્ત ફરી કરી છે તો. આજે શિક્ષારૂપે તારે સૌથી છેલ્લી Lineમાં બેસવું પડશે અને જો કાલે આવું કર્યું તો તને શાળામાં પ્રવેશ જ નહિ આપું.’’

હોંશિયાર અજયે વાત શરુ કરી : ‘‘Sir! મોડા થવાનું કારણ સાંભળો. આજે છે ને, અમારા ઘરે જમણવાર હતો. એમાં...૦’’ ‘‘એમાં મારે શું લેવા–દેવા? મારે આવું કોઈ કારણ સાંભળવું નથી.’’ શિક્ષકે વાતને વચ્ચેથી જ કાપી નાખતા કહ્યું. અજયે ડર્યા વિના વાત આગળ ચલાવી :‘‘પણ Sir! વાત તો સાંભળો. જમણવારમાં દૂધપાક બનાવ્યો હતો અને એ હું તમારા ઘરે આપવા નીકળ્યો હતો.’’

"શાબાશ ! શિક્ષક ગુરુ કહેવાય. તને ગુરુની ભક્તિનો વિચાર જાગ્યો એ બહુ સરસ કહેવાય. ચાલ, પહેલી Lineમાં બેસી જા." અજય પહેલી Lineમાં બેસી રહ્યો હતો ત્યાં શિક્ષકે નવો પ્રશ્ન કર્યો : "એ દૂધપાક મારા ઘરે પહોંચાડ્યો તો છે ને?" "એમાં એવું થયું કે Sir, રસ્તામાં હું ગાયની હડફેટે આવી ગયો. એમાં દૂધપાક બધો ઢોળાઈ ગયો." અજય બોલ્યો.

શિક્ષકને લાગ્યું કે આ તો અજય બનાવટ કરી રહ્યો લાગે છે. એમણે ગુસ્સાથી કહ્યું : "તું મને ઉલ્લૂ બનાવવા માંગે છે? યાદ રાખ કે ગુરુ (શિક્ષક)નાં ઘરે તારો દૂધપાક પહોંચ્યો હોય તો જ ગુરુભક્તિ થઈ કહેવાય. બાકી ન કહેવાય. એટલે હવે તને પાછળ બેસાડવામાં આવે છે." અજય પણ ગાંજ્યો જાય એમ ન હતો. એણે નવો દાવ ખેલ્યો : "Sir! પછી શાળાએ આવવામાં બહુ મોડું થતું હતું ને, એટલે હું અહીં આવી ગયો. બાકી નક્કી જ છે કે બજારમાંથી અર્ધો કિલો પેંડા લઈ તમારાં ઘરે આપવા. એ રીતે ય મારે તમને અમારા પરિવારના જમણવારમાં ભાગીદાર બનાવવાના જ છે."

"અચ્છા, એમ છે? તો હજુ એ ગુરુભક્તિ થવાની છે ખરી. એટલે તને આ સારા વિચાર માટે પહેલી Lineમાં જ રાખવામાં આવે છે." શિક્ષક પ્રકાશ્યા.

✤ ✤ ✤

શિસ્તના આગ્રહી (!) શિક્ષકનું આ વિચિત્ર વલણ બીજું કાંઈ નહિ, પણ લોભ–લાલચની એમની કનિષ્ઠ વૃત્તિનું દ્યોતક છે કે જે ગુરુતત્ત્વ અને ગુરુભક્તિ જેવી ઉચ્ચતમ બાબતોને ઝાંખપ લગાવે છે. સામે પક્ષે વિદ્યાર્થીનું વલણ પણ એવું જ વિચિત્ર છે કે જે મોડા પડવાની ક્ષતિની શિક્ષા સ્વીકારવાના બદલે વિદ્યાદાતાને ઉલ્લૂ બનાવવામાં રાચે છે. દૃષ્ટાંત બે સંદેશ સરસ આપે છે કે (૧) નાના–મોટા કોઈ પણ લાભ માટે ઉચ્ચ તત્ત્વોની–મૂલ્યોની ગરિમા ન તોડવી (૨) ભૂલ હોય તો સહજ સ્વીકાર કરવો. શિક્ષાથી બચવા ઉપકારીને ય ઊઠાં ભણાવવા જેવી કનિષ્ઠ વૃત્તિ ન જ રાખવી.

■ ■ ■

# 57

ગામમાં એક વ્યક્તિ એવી કંજૂસ હતી કે જાણે મમ્મણનો અવતાર જોઈ લો. હા, એની પાસે મમ્મણ જેટલી સંપત્તિ ભલે ન હતી, પરંતુ મમ્મણ જેટલી કંજુસાઈ જરૂર હતી. સંપત્તિ એની પાસે ઠીક ઠીક ગણાય તેવી હતી. પરંતુ સ્વભાવ એનો 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' કહેવતને અક્ષરશઃ સાર્થક કરે તેવો હતો. પૂરું ગામ એના આ સ્વભાવને ઓળખે. કોઈ પણ ચીજ મેળવવી હોય તો પહેલાં એ મફતમાં મેળવવાની પેરવી કરે. એના માટે એ સાહસ કરવા ય તૈયાર હોય. મફતમાં ન જ મળે તો પછી ઓછામાં ઓછાં મૂલ્યે એ જરૂરી ચીજ લેવાની કોશિશ કરે. આ એનાં જીવનનો મુદ્રાલેખ.

એક વાર કોઈ જરૂરી ચીજ મફતમાં મેળવી લેવા ભાઈએ નદીમાં ઝંપલાવ્યું. એને થોડું તરતા આવડતું હતું. પણ એ નિષ્ણાત તરવૈયો ન હતો. લોભમાં ને લોભમાં એ નદીમાં આગળ વધતો ગયો. એમાં ક્યારે એ ધોધમાર જલપ્રવાહમાં ઘેરાઈ ગયો એનો પત્તો ન લાગ્યો. પરિસ્થિતિ એ થઈ કે ભાઈ જીવન-મરણ વચ્ચે ઝોલા ખાવા લાગ્યો. કિનારે રહેલ થોડા ગામજનોમાંથી કોઈને ય એના માટે આદર ન હતો. એથી અને ઝંપલાવવામાં જાનનું જોખમ હોવાથી કોઈ બચાવ માટે તૈયાર ન થયું.

એવામાં એક નિષ્ણાત તરવૈયાએ કરુણાબુદ્ધિથી નદીમાં ઝંપલાવ્યું. જોતજોતામાં એ કંજૂસની ખૂબ નજીક પહોંચી ગયો અને હાક મારી : "તમારો હાથ આપો." બે-ત્રણ વાર એકદમ નજીક આવી જઈ આ શબ્દો કહેવા છતાં પેલાએ હાથ ન લંબાવ્યો.

એટલે બચાવની તક હાથમાંથી બે–ત્રણ વાર સરી ગઈ. પાણીનો પ્રવાહ એવો પ્રબળ હતો કે ફરી નજીક જવામાં ખૂબ જહેમત પડતી હતી. બે–ત્રણ વાર આ દૃશ્ય જોયા પછી દૂર કિનારે રહેલ એક ગામજને કટાક્ષ કરતા તરવૈયાને કહ્યું : ''આણે જિંદગીમાં કદી 'આપો' શબ્દ સાંભળીને કાંઈ કર્યું જ નથી. એટલે એ આમાં ય કાંઈ નહિ કરે. તમે તમારો હાથ લંબાવી એમ કહો કે ''મારો હાથ લો'' તો એ તુર્ત તમારો હાથ પકડી લેશે. કેમ કે 'લો' શબ્દ સાંભળતાવેંત Active થવાની એની આદત છે. પેલા તરવૈયાએ એમ કહ્યું અને ખરેખર કંજૂસે એનો હાથ પકડી લીધો ! તરવૈયો ખૂબ જહેમતથી એને કિનારે લઈ આવ્યો.

પણ... આ તો મખ્ખીચૂસ કંજૂસ હતો. તરવૈયાને ઈનામ ન આપવું પડે એટલે તુર્ત ઘર તરફ ભાગવા માંડ્યો. ગામજનોએ એને પકડીને સમજાવ્યો કે ''આણે તારી લાખ રૂપિયાની જિંદગી બચાવી છે. માટે આજે તો તારે એને ઈનામ આપવું જ પડે. ન ચાલે.'' બહુ આગ્રહ થયો ત્યારે પેલા કંજૂસે દશ પૈસાનો સિક્કો આપી જીવનનું સર્વપ્રથમ ઈનામ (!) આપ્યું. લોકો સ્તબ્ધ થઈ ગયા કજુંસની આ કનિષ્ઠ વૃત્તિ પર. ત્યાં ખુદ તરવૈયાએ જનોઈવઢ ઘા ર્ક્યો : ''ભાઈઓ ! જે અપાયું છે એ બરાબર જ છે. મને આની પાસેથી વધુ આશા ય નથી. એણે સમજીને જ દશ પૈસા આપ્યા છે. કારણ કે પોતાની ખરી કિંમત તો વ્યક્તિ પોતે જ સમજી શકે !'' ગામજનો તાળી પાડી ઊઠ્યા આ બિલકુલ બરાબર ધારદાર કટાક્ષ પર...

✤ ✤ ✤

એક સરસ વિધાન વાંચ્યું હતું કે ''વ્યક્તિનાં જીવનનું પહેલું કપડું હોસ્પિટલમાં પહેરાવાતું ઝભલું છે અને છેલ્લું કપડું નનામી પર ઓઢાડાતું કફન છે. આ પહેલા અને છેલ્લા કપડામાં ક્યાં ય ખીસું હોતું નથી. છતાં વ્યક્તિ વચગાળાનાં કપડાંનાં ખીસાં ભરવા જીવનભર મથામણ ર્ક્યા કરે છે.'' આમાં ઉમેરો કરવાનો હોય તો અમે એ કરીએ કે ''માત્ર ખીસાં ભરવાની વાત હોય તો હજુ ચાલે. પરંતુ અહીં તો પેટી અને પટારાઓ ભર્યા પછી ય અસંતુષ્ટ રહેવાની વાત છે. કોઈને કશું નહિ આપવાની વાત છે.'' વાંધો આ વૃત્તિનો છે કે જે મમ્મણવૃત્તિ છે. વાંચી લેજો મમ્મણવૃત્તિની આ સચોટ વ્યાખ્યા કે ''ભેગું કરે મણ, વાપરે નહિ કણ, એનું નામ મમ્મણ...''

■ ■ ■

એક શિક્ષકનો અભિગમ એ હતો કે પરંપરાગત ઢાંચામાં જ કાર્ય કરવા કરતાં ક્યારેક કાંઈક અલગ જ, 'હટકે' કરવું. જેથી બાળકોને અભ્યાસમાં એકના એક Routineના બદલે કાંઈક નવીનતા મળે અને નવી બાબતમાં રસ વધે. આ Approachનો અમલ કરતાં શિક્ષકે Classroomમાં જાહેરાત કરી કે "આજે છેલ્લા બે Period તમને આ Classની ચાર દિવાલ વચ્ચે ભણાવાશે નહિ. એ સમયમાં આપણે સહુ ગામ બહારના ખેતરમાં ખુલ્લા આકાશ નીચે વૃક્ષોની હરિયાળી વચ્ચે બેસીશું. અભ્યાસ પણ Bookમાંથી નહિ કરાવાય. કોઈ પાઠ્યક્રમના પુસ્તક વિના જ, જે સમયે જે વિચાર આવશે તે મુજબ, સંસ્કરણલક્ષી અભ્યાસ કરાવાશે." બાળકો ખુશ થઈ ગયા મોકળાશ મળશે–નવીનતા મળશે એ વિચારોમાં.

સહુ ગામબહારના એક આંબાવાડિયામાં આવ્યા. ચોતરફ ઘટાદાર આમ્રવૃક્ષો હતા અને વચ્ચે સફાઈદાર ખુલ્લી જગ્યા હતી. શિક્ષક અને વિદ્યાર્થીઓએ ત્યાં આસન જમાવ્યું. જગ્યા તો ધારણાથી ય સરસ મળી ગઈ હતી. હવે પાઠ્યક્રમ સિવાયના અભ્યાસ દ્વારા સંસ્કરણ માટે કઈ બાબત શરૂ કરવી એ શિક્ષક ક્ષણભર વિચારતા હતા. ત્યાં અચાનક એક ઘટના બની. રાજમાર્ગ પરથી સનસનાટ કરતો એક પથ્થર આવ્યો અને એક આમ્રવૃક્ષની ડાળે ટકરાયો. ડાળ રાજમાર્ગ તરફની હતી. તુર્ત જ ડાળ પરથી બે–ત્રણ કેરીઓ રાજમાર્ગ પર પડી. જેણે પથ્થર ફેંક્યો હતો એ યુવાન કેરીઓ લઈ ચાલતો થઈ ગયો.

શિક્ષકને આ મુદ્દો ચર્ચા માટે સરસ લાગ્યો. એમણે વિદ્યાર્થીઓને કહ્યું : ''તમે સહુએ આ ઘટના નજરોનજર નિહાળી છે. આ ઘટના અંગે તમે તમારા વિચારો રજૂ કરો. રજૂઆતમાં કોઈને કોઈ પ્રકારનું બંધન નથી.'' પહેલી હરોળમાં બેસેલ બાળક ઊભો થઈને બોલ્યો : ''Sir ! પથ્થર મારનારને વૃક્ષ બદલામાં ફળ આપે છે. એ દ્વારા વૃક્ષ આપણને એ મૌન સંદેશ આપે છે કે કોઈ હેરાન–પરેશાન કરે તો ય આપણે એના પર ઉપકાર જ કરવો જોઈએ.'' શિક્ષક ખુશ થઈ ગયા કે સંસ્કરણનો જે આશય હતો તે આ ચર્ચામાં બરાબર સફલ થઈ રહ્યો છે. તે પછી બીજા–ત્રીજા–ચોથા વિદ્યાર્થીએ પણ આ જ ઉત્તર Repeat કર્યો.

હવે શિક્ષકે કહ્યું : ''જેઓ આ જવાબમાં સંમત હોય એ આંગળી ઊંચી કરે. જેને કોઈ અલગ જવાબ આપવો હોય તે જ બોલવા આવે.'' લગભગ બધા વિદ્યાર્થીઓએ આંગળી ઊંચી કરી. માત્ર છેલ્લી હરોળનો એક તોફાની વિદ્યાર્થી અલગ ઉત્તર માટે બોલવા ઊભો થયો. એણે બે–ધડકપણે જરા ય શરમ વિના કહી દીધું : ''હેરાન કરે એના પર પણ ઉપકાર કરવાની વાતો પોથીમાંનાં રીંગણાં જેવી છે. મને તો આ ઘટનામાંથી એ જ વાસ્તવિક સાર મળ્યો છે કે માંગશો તો કાંઈ નહિ મળે, મારશો તો જોઈએ એનાં કરતાં ય વધુ મળી જશે : જેમ પેલા યુવાનને એકના બદલે ત્રણ કેરી મળી એમ !''

શિક્ષક અને અન્ય સહુ વિદ્યાર્થીઓ સ્તબ્ધ થઈ ગયા આ બેશરમ–નફ્ફટ ઉત્તરથી...

✤ ✤ ✤

પરસ્પર વિરુદ્ધ સાર દર્શાવતું આ દૃષ્ટાંત એ સમજાવી જાય છે કે દૃશ્ય કેવું છે એના કરતાં દૃશ્ય પ્રત્યેની આપણી દૃષ્ટિ (Approach) કેવી છે એ વધુ મહત્ત્વનું છે. શુભ દૃષ્ટિ ધરાવનારને ગુલાબછોડમાં પ્રફુલ્લિત ખુશબૂદાર ગુલાબ દેખાશે. જ્યારે અશુભ દૃષ્ટિ ધરાવનારને એ છોડમાંનાં કાંટા પહેલા નજરે આવશે. આવો, આપણે દૃષ્ટિ બદલવાની વાતને–દૃષ્ટિને શુભ બનાવવાની વાતને પ્રથમ અગ્રતા આપીએ...

■ ■ ■

આ એ યુગની વાત છે કે જ્યારે Mobile Phoneની શોધ થઈ ન હતી. એ સમયે મધ્યમ કદના ગામમાંથી એક વ્યક્તિએ વકીલાતનો અભ્યાસ કરી Degree મેળવી હતી. ભાઈને પોતાની મોટી Image ઉપસાવવાનો બહુ શોખ. એટલે એમણે ગામમાં એક સારાં સ્થાને નાની Room જેવી ઓફિસ લીધી, એને Colour કરાવી વ્યવસ્થિત કરી, ટેબલ પર થોડી File મૂકી, Telephone નું એક ડબલું ગોઠવ્યું અને જે Degree પ્રાપ્ત ન કરી હોય એ ય ઊમેરી બહારના ભાગે પોતાનાં નામનું Painting Board પણ મુકાવી દીધું.

આ રીતે પ્રાથમિક તૈયારીઓ પછી એમણે એક નવો નુસખો અપનાવ્યો. કોઈ પણ વ્યક્તિ Officeમાં આવે એટલે Phoneનું Receiver ઉપાડી દીલ્હી–કલકત્તા–બેંગલોર વગેરે દૂરના શહેરોમાં મોટા શ્રીમંતો–મોટા વકીલો સાથે વાત કરતા હોય એવો ડોળ કરે. ધારણા એમની એ હતી કે આવી રીતે વાત કરવાથી આવનાર અસીલ પર પોતાની અસર જોરદાર પડે અને બહુ મોટા વકીલ સમજી પોતાનો કેસ એમને સોંપે. જો કે, ઘણા દિવસો પછી ય એમની Officeમાં કોઈ અસીલ આવ્યો ન હતો. છતાં ભાઈની આશા અમર હતી.

એમાં એક દિવસ Suitcase સાથે કોઈ વ્યક્તિ એમની Officeમાં પ્રવેશી. તક મળી સમજીને ભાઈને તુર્ત Receiver

ઉઠાવી દિલ્હીની Supreme Courtના નામાંકિત વકીલ સાથે મોટી મોટી વાતો કરી. આગંતુક આશ્ચર્યથી આ ઘટનાક્રમ જોઈ રહ્યો. પોતાનો દાવ સફલ રહ્યો સમજી પોરસાયેલ આપણા વકીલસાહેબે પાંચ–સાત Minute બાદ Phone મૂકી આગંતુકને કહ્યું: ''જુઓ, હું ખૂબ Busy છું. Supreme Courtના વકીલો સાથે મારાં કામ ચાલતા હોય છે એ તમે જોયું. તમારો જે Case હોય એ જલ્દી બોલો.'' હવે વસ્તુસ્થિતિ પામી ગયેલ પેલી વ્યક્તિ ખડખડાટ હસવા માંડી.

થોડા ક્ષોભ સાથે વકીલે કહ્યું : ''આમ હસો છો કેમ?'' ''તમે આ Telephone પર વાત કરો છો એનાથી.'' ''પણ એમાં હસવા જેવું છે શું?'' ''સાંભળો. હું કોઈ અસીલ નથી. હું Telephone કંપનીમાંથી ઓજાર સાથે આવેલ કર્મચારી છું. તમારા Telephoneને Wire Connection આપી શરૂ કરવાની તમારી અરજી અમારી Officeમાં આવી છે. એનું Connection આપવા હું આવ્યો છું. એમાં તમને વિના Connection દીલ્હી વાત કરતાં જોઈ મને હસવું આવે છે.'' આગંતુક વ્યક્તિએ ધડાકો કર્યો.

દાવ ઊંધો પડ્યો જાણી વકીલ ઝંખવાણા પડી જઈ ચૂપ થઈ ગયા...

✤ ✤ ✤

કેટલાક લોકોમાં આવી આદત હોય છે કે સામી વ્યક્તિને Impress કરવા સાવ ખોટાં અવનવાં ગતકડાં કરવાં. એ ગતકડાં ઉપરોક્ત દૃષ્ટાંતની જેમ Fail થાય ત્યારે એ લોકોનું વ્યક્તિત્વ હોય એનાથી ય Down થઈ જાય. સાચી નીતિ એ છે કે વ્યક્તિએ સહજતા દાખવવી, દેખાડો–દંભ નહિ. આ માટે યાદ રાખીએ આ વિધાન કે ''પ્રભાવથી દૂર રહી સ્વભાવ દર્શાવવો એ સહજ વ્યક્તિત્વની નિશાની છે અને સ્વભાવથી દૂર રહી પ્રભાવ દર્શાવવો એ છીછરા વ્યક્તિત્વની નિશાની છે...''

■ ■ ■

# 60

આઝાદી પૂર્વેના સમયમાં નાનકડા ગામમાં એક ઠાકોરનું રાજ્ય ચાલે. નામ હતું એમનું જાલિમસિંહ. જેવું નામ હતું એવા જ ઠાકોરમાં ગુણ... ના–ના...અવગુણ હતા. એમનો સ્વભાવ જાલિમ, વિચારો જાલિમ, વાણી જાલિમ અને કૃત્યો પણ જાલિમ. સારી વ્યક્તિ પણ જો ઠાકોરની હડફેટે ચડી ગઈ તો એનું બૂરું થતા વાર ન લાગે. કેમ કે ઠાકોરના રાજમાં કાયદો તો નામમાત્ર હતો. ઠાકોરના શબ્દ એ જ કાયદો. ગામજનો એમનાથી સતત ફફડે. સહુ એમને અપશુકનિયાળ પણ માને. એથી જ સવાર સવારમાં ભૂલમાં ય ઠાકોરનું મુખ ન જોવાઈ જાય એની તકેદારી રાખે. જો કે, ઠાકોરનો ગુસ્સો સહન ન કરવો પડે એ માટે કોઈ આવી વાત એમની સામે કહેતું નહિ.

એક સવારની વાત. ગામનો કોઈ વાણિયો હાથમાં લોઢાની તવી લઈ કાર્યવશ બહાર જતો હતો. એનાં નસીબ અળવીતરાં. એટલે ટાંકણે જ સામે ઘોડા પર ઠાકોર જાલિમસિંહ દૂર–સુદૂર દેખાયા. વાણિયાએ વિચાર્યું કે સારાં કામે નીકળ્યો છું તો આ અપશુકનિયાળનું મુખ ક્યાં જોવું? એ હિંમતથી માર્ગની એક તરફ ઊભો રહ્યો અને ચહેરા પાસે લોઢાની તવી રાખી. તવીનું કાંઈક Checking કરતો હોય એવા એના હાવભાવ હતા. ઠાકોર નજીક આવ્યા હતા. ત્યાં આ દૃશ્ય જોયું.

એમને આમાં વાંકું પડ્યું. એટલે ચૂપચાપ જતા રહેવાના બદલે

એ ભડક્યા : ''કેમ રે વાણિયા ! શું માંડ્યું છે તેં આ? મારાથી મોઢું કેમ છુપાવે છે?'' વાણિયો હિંમતવાન હતો, એથી ય વધુ બુદ્ધિમાન હતો. જરા ય ગભરાટ વિના એણે બુદ્ધિથી જોરદાર નવો દાવ ખેલ્યો. એ બોલ્યો : ''ઠાકોર સાહેબ! એક વાતની પરીક્ષા કરતો હતો.'' ''શેની?'' ''મેં સાંભળેલ વાતની. મેં એવું સાંભળ્યું હતું કે આપણા ઠાકોરની દૃષ્ટિ પારસમણિ જેવી છે. એટલે મેં આ લોઢાની તવી તમારી સામે ધરી. પરંતુ એ સોનાની ન થઈ. લાગે છે કે કાં તો મેં સાંભળેલ વાત ખોટી, કાં તો મારું નસીબ ખોટું.'' વાણિયાએ ઠાકોરના ગળે આબાદ ગાળિયો નાંખ્યો.

કીર્તિ કોને પ્રિય ન હોય, ભલા? ઠાકોરને થયું કે મારી કીર્તિ અકબંધ રાખવી હોય તો આને સોનાની તવી આપવી જ જોઈએ. નહિ તો વાણિયો આ ઘટના બધે કહી મારી કીર્તિ રગદોળી નાંખશે. ઠાકોર કહ્યું : ''એ લોકોક્તિ સાચી છે. તું મને દરબારગઢમાં મળ. તારી તવી જેવી જ સોનાની તવી તને આપીશ.''

વાણિયાને તો આફતમાં ય અવસર થયા જેવો ઘાટ સર્જાઈ ગયો...

✤ ✤ ✤

સંસ્કૃતમાં એક ઉક્તિ છે કે ''बुद्धिर्यस्य बलं तस्य'' મતલબ કે જેની બુદ્ધિ એનું બળ. આ ઘટનામાં એ ઉક્તિની સાર્થકતા આબાદ પ્રતિબિંબિત થાય છે. સાવધાની આપણે માત્ર ત્રણ રાખીએ કે (૧) બુદ્ધિનો ઉપયોગ પોતાને કોઈ છેતરી ન જાય એમાં કરવો. (૨) બુદ્ધિ દ્વારા અન્યોને શીશામાં ન ઉતારવા. કોઈ શીશામાં ઊતરી ગયા હોય તો એને બહાર કાઢવામાં એનો ઉપયોગ કરી સેવાધર્મ આત્મસાત્ કરવો. અને (૩) સૌથી શ્રેષ્ઠ વાત એ કે બુદ્ધિનો ઉપયોગ ધર્મની–તત્ત્વની વિચારણામાં કરવો. એટલે જ અન્ય સંસ્કૃત પંક્તિમાં લખ્યું છે કે ''बुद्धेः फलं तत्त्वविचारणं च'' ભાવાર્થ કે તત્ત્વની વિચારણા બુદ્ધિનું ઉત્તમ ફળ છે...

■ ■ ■

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત સાહિત્યની સૂચિ

## પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(3) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : 3
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૨૨) ધર્મવાણી
(૨૩) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૨૪) શ્રદ્ધાનું સંગીત
(૨૫) પર્યુષણાની પાવન પ્રેરણા
(૨૬) જીવનનું ઝવેરાત
(૨૭) પજુસણ આવ્યાં રે..
(૨૮) પગલું પડે તો પંથ ખૂલે
(૨૯) વન્દના...પાપનિકન્દના
(30) રેતીમાં મોતી
(૩૧) રણ બને ઝરણ
(૩૨) મેઘધનુષ
(૩૩) દિવ્યધામ દર્ભાવતી
(૩૪) માયાનાં મૃગજળ
(૩૫) નમામિ વીરમ્
(૩૬) શ્રુતસૌરભ
(૩૭) શૂલ વચ્ચે ફૂલ
(૩૮) જીવન બને ઉપવન
(૩૯) આંખ ફરે અંતર ઠરે
(૪૦) પાઠશાળા પ્રવેશિકા
(૪૧) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૪૨) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૪૩) કથા–કલ્પવલ્લિ: (સંસ્કૃત)
(૪૪) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૪૫) દર્શનં મોક્ષસાધનમ્
(૪૬) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૪૭) સ્વાતિનાં મોતી
(૪૮) પ્રેરણાનાં પુષ્પો
(૪૯) આવો આરાધના કરીએ
(૫૦) તમે મન મૂકીને વરસ્યા
(૫૧) सुगंध (हिन्दी)
(૫૨) નવપદ ધરજો ધ્યાન
(૫૩) દીવડો ધરો ...તિમિર હરો
(૫૪) સૌરભ
(૫૫) હૈયાના હસ્તાક્ષર
(૫૬) અંતરજ્યોત
(૫૭) મયૂરપંખ
(૫૮) વંદન હોજો વાર હજાર
(૫૯) પ્રેરણાદીપ
(૬૦) આદર્શોનું અમૃત
(૬૧) પાનું ફરે ...સોનું ઝરે ...
(૬૨) ધર્મધારા
(૬૩) ધર્મસિન્ધુ
(૬૪) યુગદિવાકર મહાગ્રન્થ
(૬૫) વિમલાચલ–વન્દના
(૬૬) ધર્મસેતુ
(૬૭) હૈયે કરજો વાસ
(૬૮) મોતીની ખેતી
(૬૯) અમૃતનો આસ્વાદ
(૭૦) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૭૧) ખૂશ્બુનો ખજાનો
(૭૨) એક મૂઠી મોતી
(૭૩) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૭૪) ભીતર દીવા હજાર
(૭૫) વન થી વૃંદાવન
(૭૬) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૭૭) હયાતિના હસ્તાક્ષર
(૭૮) હસતા અક્ષર
(૭૯) માનસરોવરનાં મોતી
(૮૦) અજવાળાના અવતરણ
(૮૧) દરવાજે દસ્તક
(૮૨) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૮૩) અમૃતનું આચમન
(૮૪) વ્રત ધરીએ...ભવ તરીએ
(૮૫) મહામાનવ મોતીશાહ
(૮૬) પ્રેરણાનો પચગામ
(૮૭) પ્રેરણાના પારિજાત
(૮૮) પ્રેરણાનો પરાગ
(૮૯) પ્રેરણાનું પરબ
(૯૦) પ્રેરણાનું પંચામૃત
(૯૧) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૯૨) ચાલો શિખરજી જઈએ
(૯૩) ઝાકળભીનો ઉજાસ
(૯૪) હૃદયદીપ
(૯૫) સુખનું સરનામું
(૯૬) સુખના સૂરજમુખી
(૯૭) અમૃતની અંજલિ
(૯૮) નંદનવનનાં પુષ્પો
(૯૯) તિમિરથી તેજ
(૧૦૦) પરમને પ્રાર્થના
(૧૦૧) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૧૦૨) તમે સૂરજ થઈને ચમક્યાં–મહાગ્રન્થ
(૧૦૩) મહેંક માર્ગાનુસારિતાની ...
(૧૦૪) વિચારસેતુ
(૧૦૫) આનંદનું એવરેસ્ટ
(૧૦૬) વાસંતી વાયરા
(૧૦૭) ભવ આલોચના
(૧૦૮) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૧૦૯) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૧૧૦) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૧૧૧) જ્યોત
(૧૧૨) વૈભવ
(૧૧૩) સુગંધનું સરનામું
(૧૧૪) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૧૧૫) અક્ષરના દીવા
(૧૧૬) ઉદ્યોત
(૧૧૭) સાહિબ ! તમે મારા છો
(૧૧૮) રત્નકિરણ
(૧૧૯) ઉન્મેષ
(૧૨૦) દષ્ટાંતદર્પણ
(૧૨૧) અહો ! માસક્ષમણમ્

## પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧૨૨) नमामि नित्यं गुरुधर्मसूरिम् (સંસ્કૃત)
(૧૨૩) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૧૨૪) प्रसंगपुष्पाञ्जलि: (સંસ્કૃત)
(૧૨૫) ચિંતનની ચાંદની
(૧૨૬) મનનનાં મોતી
(૧૨૭) Treasure of Qualities
(૧૨૮) સૂર્યોદયનું સૌંદર્ય
(૧૨૯) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૧૩૦) Entity of Supremacy
(૧૩૧) Bharat Chakravarti
(૧૩૨) Karma

## ૧૩૩ થી ૧૯૩

પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી પ્રકાશિત ઇંગ્લીશ પુસ્તકો